જેનિનની સવાર

લેખક : સુઝાન અબુલહવા
સંક્ષિપ્ત અનુવાદ : જેલમ હાર્દિક

વિચારવલોણું પરિવાર પ્રકાશન

આપણું વિચારવલોણું : જૂન 2014 : અંક - 6 (3)

VISIT…

LANZAROTE
Caliente.com

નિવેદન

એવું કહેવાય છે કે ભારતના જનસમાજનો પાયો અધ્યાત્મમાં છે. આપણે અધ્યાત્મનો સાદો અર્થ લઈએ તો સારાસારનો સહજ વિવેક, સાદુ, સંયમી જીવન, પોતાની જાત સાથે, આસપાસના લોકો સાથે અને પ્રકૃતિ સાથે સુમેળ. હવે આપણી આસપાસ નજર નાખીએ તો આમાંનું કશું જોવા નથી મળતું. તો શું આ વાત ખોટી? મને લાગે છે કે આ વાત આપણને - કહેવાતા સુધરેલા, વિકસીત, શિક્ષિત ભારતીયોને લાગુ નથી પડતી. કદાચ કોઈ અંતરિયાળ ગામડાના ખેડૂતને, કુંભારને, માછીમારને કે માલધારીને લાગુ પડી શકે જે ભણ્યો નથી, જે તનતોડ મહેનત કરીને પોતાના પૂરતું માંડ રળી લ્યે છે અને સાંજ પડ્યે મંદિર જઈને હરિભજન કરે છે.

જેમ જેમ આપણે ભણતા ગયા, નવું નવું જાણતા ગયા તેમ તેમ વધુ ને વધુ જાણવાની, મેળવવાની આપણી ભૂખ વધતી ગઈ છે અને પરિણામે આપણે આપણી સાથેનો, અન્ય લોકો સાથેનો અને પ્રકૃતિ સાથેનો મેળ ગુમાવતા જઈએ છીએ. સગવડતાઓ વધારતા જઈએ છીએ. બીજાથી આગળ નીકળી જવાની લ્હાયમાં સારાસારનો વિવેક છૂટતો જાય છે. આપણી પાસે નિરાંત નથી. જાણે કે વિશ્રાંતિ, શાંતિ, સ્વસ્થતા, નિરાંત, હળવાશ એ બધા 'વિકાસ'ના અવરોધકો બની ગયા છે.

વાંચને જ્ઞાન આપ્યું છે તેમ તેના અતિરેકે અથવા અયોગ્ય વાંચને આપણને અસ્વસ્થ પણ કર્યા છે. આખો દિવસ વાંચ વાંચ કરવું, જે હાથમાં આવે તે વાંચવું, બહુ બધું યાદ રાખવું, બહુ બધું કંઠસ્થ કરી નાખવું આ પણ એક બિમારીનું લક્ષણ નથી? જે. કૃષ્ણમૂર્તિ તો કહે છે કે 'શીખવાના કર્મમાં સંગ્રહિત જ્ઞાન, અનુભવ કે પરંપરાને કશી લેવાદેવા નથી. માત્ર મુક્ત એવાં મનની આવશ્યકતા છે.''

નર્મદે લખ્યું છે કે 'જેમ ખોરાક નીમસર ન લેવાથી ને અન્ન ચાવ્યા વગર એકદમ ગળી ગયાથી રોગ ઉત્પન્ન થાય છે, તેમ વાંચવું એ મનને પુષ્ટી આપવાને બદલે ઝેર સરખું થઈને ખઈ કરે છે. કોઈ એક પુરુષ સમજવાની ચિંતા રાખ્યા વગર રાત દહાડો વાંચ વાંચ જ કર્યા કરે અને બીજો પુરુષ નીમસર સમજીને થોડું વાંચે તો એ બેમાં એટલો તફાવત માલૂમ પડશે કે, બીજો મોટો વિદ્વાન નીકળશે ને પહેલો તીડની પેઠે અહીંથી તહીં કૂદતો વગર માલનો મૂર્ખ માલૂમ પડશે.

પણ શું વાચવું? એ સવાલનો જવાબ દરેક શખ્સે પોતાના અભ્યાસની મતલબને માફક આવે તેવો દેવો જોઈએ. અનેક વિષયો વાંચ્યાને બદલે થોડા વિષયો ઊંડા પેસીને વાંચવા જોઈએ. ભાષામાં જેટલાં પુસ્તકો હોય છે, તે સઘળા કંઈ સારાં હોતાં નથી. માટે ઉત્તમ પુસ્તકોમાંથી કેટલાંક પોતાની ધારણાને માફક આવે (આપણી ભાષામાં સારાસારના વિવેક પ્રમાણે) તેવાં વીણી કાઢી, તેમને લક્ષ્યપૂર્વક અને વારંવાર વાંચીને મનમાં રમાડી રાખવાં જોઈએ.''

આશા રાખીએ કે અમારાં પુસ્તકો તમારી ધારણાને માફક આવે.

મુનિ દવે
પ્રમુખ - વિચારવલોણું પરિવાર
ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭

લેખક વિશે



ઈ.સ. ૧૯૬૭નાં યુદ્ધને પરિણામે નિર્વાસિત થયેલાં માતાપિતાને ત્યાં ઈ.સ. ૧૯૭૦માં સુઝાન અબુલહવાનો જન્મ. કૌટુંબિક અસ્થિરતાને લીધે કાકાને ત્યાં અમેરિકા જવાનું થયું. માત્ર પાંચથી દસ વર્ષની કુમળી વયમાં અનેક 'ઘર' અને દેશ બદલીને છેવટે જેરુસલેમનાં અનાથાલયમાં પહોંચવાનું બન્યુ. તેર વર્ષની ઉંમરે ઉત્તર કેરોલિનાનાં એક કુટુંબમાં દત્તક બાળક તરીકે સમાવેશ થયો અને ત્યારથી તેઓ અમેરિકામાં જ સ્થાયી છે.

સુઝાન જીવવિજ્ઞાનમાં સ્નાતક અને ન્યુરોસાયન્સ (જ્ઞાનતંતુ)નાં અનુસ્નાતક છે. પાછળથી તેઓ લેખન અને પત્રકારિત્ત્વનાં ક્ષેત્ર તરફ વળ્યાં. 'ન્યુયોર્ક ડેઈલી ન્યુઝ', 'ધ શિકાગો ટ્રિબ્યુન' વગેરેમાં એમના નિબંધો છપાયા છે.

કુવૈતમાં જન્મેલ સુઝાન ઈ.સ. ૨૦૦૦માં પેલેસ્તાઈન ગયેલાં. જ્યાં ઓલિવની ટેકરીઓ (Mount of Olives) ના ઢોળાવો પર એમને એમનાં જીવનનો ઉદ્દેશ્ય મળ્યો. એના ભાગરૂપે જ ઈ.સ.૨૦૦૧માં એમણે 'પ્લેગ્રાઉન્ડસ ફોર પેલેસ્તાઈન' સ્થાપ્યું. શરૂઆતમાં દાનમાં મળેલ લપસણી અને હીંચકાઓથી એમણે બેટલેહેમમાં રમતનું મેદાન બનાવ્યું. ધીમેધીમે અમેરિકા અને અન્ય દેશોની આર્થિક મદદથી એમણે પેલેસ્તાઈન અને ગાઝા, લેબેનન, સિરિયા વગેરેની નિર્વાસિતોની છાવણીમાં બાળકો માટે ઘણાં મેદાનો બનાવ્યાં. આગળ જતાં તેઓ 'પાછા ફરવાનો હક્ક'ની લડતમાં સક્રિય રીતે સંકળાયેલાં.

ઈ.સ. ૨૦૦૨ની એમની જેનિન મુલાકાતે એમને ધરમૂળથી બદલી નાખ્યાં. એમનાં લખાણોને લીધે અમેરિકાની એમની નોકરી છૂટી ગઈ અને પરિણામરૂપ વાચકોને એમનાં જીવનથી પ્રેરિત આ નવલકથા મળી.

એમની લડત અને લેખન ઉપરાંત તેઓ શાળા અને કોલેજોમાં વક્તવ્ય પણ આપે છે. એમના તેજ વિચારો અને ધારદાર ભાષણ ટીકાનું કેન્દ્ર બન્યા છે. આ જ વર્ષમાં (ઈ.સ. ૨૦૧૩)માં ઈઝરાયેલના એક-બે પ્રતિનિધિઓ સાથેની ચર્ચા માટેનાં અલજઝીરાનાં આમંત્રણનો એમણે અસ્વીકાર કર્યો છે.

ઈ.સ. ૨૦૦૬માં 'ધ સ્કાર ઓફ ડૅવિડ'ના નામે છપાયેલી અને પછી ઈ.સ. ૨૦૧૦માં 'મોર્નિંગ્સ ઓફ જેનિન'નાં નામે બહાર પડેલી સુઝાનની આ પહેલી નવલકથા છે.

એમને મળેલ એવોર્ડમાં વાર્તા અને વાસ્તવલેખન માટેના 'લીવે ફાઉન્ડેશન એડના અન્દ્રાદે એવોર્ડ', ઐતિહાસિક વાર્તા માટે 'બેસ્ટ બુક એવોર્ડ' અને 'મેમો પેલેસ્તાઈન બુક એવોર્ડ'નો સમાવેશ થાય છે.

આરંભે

કશુંક કરવું હતું, સર્જનાત્મક. શ્રી મુનિભાઈનો સંપર્ક સાધ્યો. એમનું તો કામ જ સૌના વિચાર વલોવવાનું. એમણે તાત્કાલિક એક અઘરો પ્રસ્તાવ મૂક્યો, "Mornings in Jenin" પુસ્તકનો ભાવાનુવાદ કરવાનો. એક તો પુસ્તકનો વિષય મારા માટે તદ્દન નવો ... કહોને લગભગ અજાણ્યો જ, ને બીજું કે મૂળ પુસ્તકને લગભગ પાંચમા ભાગનું કરવાનું હતું! મારા તો હાંજા ગગડી ગ્યા'.. આભાર તો લેખક અને વિચારક શ્રી હરેશભાઈ ધોળકિયાનો, ઘરના વડીલ જેવા ને કાયમ અમને વાંચવા પ્રેરતા, એમણે મને પુસ્તક વાંચી જોવા જણાવ્યું ... વાંચ્યું અને 'અઘરો' પ્રસ્તાવ ઝીલી લીધો.

એ ઝીલવો પડે જ એવો અનુભવ રહ્યો. સુઝાન અબુલહવાનું આ પુસ્તક વાંચવાનો. પેલેસ્તાઈનની પશ્ચાદભૂમાં ઉઘડતું અને અચાનક ઈઝરાયેલનાં નામે પલટાતું આ વાર્તાનું કથાનક ખૂબ ચોટદાર છે. એક આરબ કુટુંબની ચાર પેઢીઓને વણી લેતી આ વાત છે. કુટુંબપ્રેમ અને કુદરત સાથેના અનુબંધથી લઈને છે, યુદ્ધ, બળવો, વિવશતા અને વિનાશ સુધીની .... ભોગ બનનારની અને ભોગ લેનારની .. વેરની ... સંહારની ... 'નબળાં' પર 'સબળાં'ની જીતની ... (કે હારની?!) પ્રેમ પારાવારની ને પીડા અપરંપારની ...

સુઝાનની શૈલી એટલી તો હૃદયસ્પર્શી છે કે જવલ્લે જ વાર્તા લાગે. વાંચતાં વાંચતાં નાયિકા આમલ સાથે હું ય હસી છું, રમી છું. આઈનહોદની ટેકરીઓ ખૂંદી છે ને ઝાડ પરથી જ સીધાં સંતરાં ને અંજીર ખાધાં છે..! અચાનક હવા પલટાતાં પેલેસ્તાઈનવાસીમાંથી નિર્વાસિત બની છું. યુદ્ધની ભયાનકતાનો ભોગ બનીને ધ્રૂસ્કે-ધ્રૂસ્કે રડી'ય છું. મારાં આંસુનું એક ટીપું ય જો કોઈને ભીંજવી શક્યું, તો બસ, મારે બીજું કાંઈ નથી જોઈતું.

મારા આ નવા પડાવે હું નતમસ્તક છું મારાં માતા-પિતા તરલા-કીર્તિકુમાર હાથીની .. જે કાંઈ છું, એમના થકી .. એમણે જ મારામાં સંસ્કાર અને સમજનાં બીજ રોપ્યાં, અને બીજાં માતા-પિતા ઈલા-ભદ્રાયુભાઈ વચ્છરાજાનીએ મારાં એ બીજને વિકસવા મોકળી અને મમતાળુ માટી પૂરી પાડી. એમનું ઋણ કેમ ચૂકવાય...! અને હા, મારો ડૉકટરભાઈ દ્વિપ વૈદ્ય, જે તબિયતથી લઈને બીજા કોઈપણ પ્રશ્નના ઉકેલ માટે સતત 'ઓનલાઈન' રહે છે, આ વિષયને નજીકથી સમજવામાં પણ એની મદદ ભૂલાય એમ નથી ... થેન્ક યુ, દ્વિપ ...ને હાર્દિક અને માર્ગી તો સાથે ખરાં જ.

ગઈકાલ સુધી યુદ્ધને એક સમાચાર તરીકે જોનારી હું માત્ર ઈચ્છું જ નહિ, બે હાથ જોડી પ્રાર્થું કે વિશ્વમાં બનતી આવી ઘટનાઓ, યુદ્ધો વાસ્તવિકતાને બદલે એક દુઃસ્વપ્ન હોય, જલદીમાં જલદી તૂટી જનારું .. યુદ્ધને પરિણામે ગણતાંય થાકી જવાય એટલું ગુમાવ્યા પછીય સાંપડ્યું કેટલું?! પૂર્ણતા તો શું તૃપ્તિનો એક ઓડકારે નહિ! માણસને રમકડાંની જેમ રહેંસી નાખતાં આ યુદ્ધો સત્તા કે સંપત્તિ જરૂર આપી શકે, પણ સુખ-શાંતિ તો નહિ, નહિ ને નહિ જ...

માગશર વદ છઠ્ઠ, અમૃતાપુરી, કેરળ — જેલમ હાર્દિક

૧. El Nakba વિનાશ : ઈ.સ. ૧૯૪૧

વર્ષો પહેલાં જ્યારે ઈતિહાસે હજી એની ટેકરીઓને ઘમરોળી નહોતી ને એના વર્તમાન કે ભવિષ્યમાં પગ પેસારોય નહોતો કર્યો, ત્યારનું એ આઈનહો'દ ગામ ... અંજીર, ઓલિવ અને સૂર્યના અજવાશથી ઊભરાતું.

નવેમ્બર આવ્યો હતો ને લાવ્યો હતો લણણીની મોસમ ... બધાંની જેમ યેહ્યા માટે પણ એ ખૂબ આનંદ, ઉત્સાહ અને સ્ફૂર્તિનું ટાણું... દર વર્ષની જેમ પરોઢ થતાંની પહેલી નમાજ અદા કરી, એ સજ્જ થઈ જતો ખેતરે જવા ... પાડોશીથી આગળ રહેવાની એની ઈચ્છા હંમેશની જેમ પાછળ રહી જતી, જે પત્ની બાસિમા માટે નવું નહોતું.

પેલેસ્તાઈનની ટેકરીઓ પર સૂરજ પોતાની સ્વર્ણિમ ચાદર પાથરે એ પહેલાં જ આ કુટુંબ ટેકરીઓ પર ચડી જતું અને લાગી પડતું પોતાનાં વૃક્ષો પરથી ઓલિવ ખેરવવા. પુરુષો લાકડી વીંઝીને ફળ ખેરવતા અને સ્ત્રીઓ ઝાડ નીચે પાથરી રાખેલી જૂની ચાદરો પરથી એ ફળો ટોપલામાં ભરી લેતી. બપોર સુધીમાં તો યેહ્યા અને એના બે દીકરા હસન અને દરવીશે ઘણું કામ કરી લીધું હતું.

બાસિમા બધાને જમવાનું પિરસતી અને યેહ્યા કુરાન પઢી, અલ્લાનો આભાર માની સૌને જમવાનું શરૂ કરાવતો. ઓલિવમાંથી તેલ કાઢવાનું હવેનું કામ દીકરાઓનું હતું. સૌ પોતપોતાનાં કામ માટે ગામ ભણી જતાં. યેહ્યા થોડો પોરો ખાઈ, જેની સાથે હંમેશા હરિફાઈ કરતો એવા પાડોશી મિત્ર હજ સાલેમ સાથે ગપ્પાં મારતો અને પછી એક ઝાડની ઓથે બેસી દાદા પાસે શીખી હતી એ વાંસળી વગાડતો. પોતાને આવા દીકરાઓ અને પત્ની આપવા માટે મનોમન અલ્લાહનો પાડ માનતો.

ફસલના થોડા દિવસો પછી યેહ્યાની ટ્રક ઓલિવનાં તેલની સાથે અંજીર, બદામ, દ્રાક્ષ અને બીજા ઘણાંય ખાટાં ફળ અને શાકભાજીથી ભરાઈ જતી. હસન એ લઈને જેરુસલેમ જવા નીકળતો. બીજાં ઘણાં ગામ વધુ નજીક હોવા છતાં પોતાના મિત્ર આરિને મળવા માટે હસન એટલું વધારે અંતર આનંદથી પસંદ કરતો. પિતા યેહ્યાના હાથે ને કપાળે પ્રેમ અને આદરભર્યું ચુંબન કરી હસન ટ્રકમાં ને દરવીશ એના ખૂબ પ્રિય પવનવેગી અરબી ઘોડા ગનૂશ પર સવાર થઈ નીકળી પડતા જેરુસલેમ તરફ.

દમાસ્કસ દરવાજે આરિ એમની રાહમાં જ રહેતો. આરિ પેલેસ્તાઈન નાઝીવાદથી બચવા વર્ષો પહેલાં જેરુસલેમ આવી ગયેલા એક જર્મન પ્રોફેસરનો દીકરો. ચાર વર્ષ પહેલાં ૧૯૩૭માં હસન જ્યારે બાબેલ આમુદની બજારમાં ફળો વેંચવા આવ્યો હતો, ત્યારે બંને મળ્યા હતા. અસ્થમાને લીધે નબળા બાંધાનો હસન અને હિટલરને લીધે ખોડંગાતા પગવાળો આરિ, ત્યારથી જ મિત્રો બની ગયા હતા. યુરોપના નાઝીવાદનો ઓછાયો અને પેલેસ્તાઈનમાં

આરબો અને યહૂદીઓ વચ્ચે ઊંડી થતી જતી ખાઈ બંનેની મિત્રતાને ગાઢ બનાવતી ગઈ. ભાષાનોય ભેદ ભૂલીને બંને કવિતા અને ફિલસૂફીનાં પુસ્તકોમાં ખોવાઈ જતા.

બાળપણમાં તો બંને મિત્રોએ સાથે મળીને ખૂબ ટામેટાં ખાધા હતા. ગુલામીની માનસિકતામાં અંગ્રેજોની નકલ કરતા આરબ છોકરાઓની ઠેકડી પણ ઊડાડી હતી. આરિ ક્યારેક અરબી આતો પહેરીને હસન સાથે આઈન હોદ જતો અને અરબી ખાણીપીણી, ગીત, સંગીત, ભાષા ને સંસ્કૃતિમાં ખોવાઈ જતો, હસન પણ આરિનાં મમ્મીએ આપેલાં પુસ્તકને લીધે અંગ્રેજી અને યહૂદી સંસ્કૃતિને જાણતો ને માણતો થયો હતો.

હસનને તેર વર્ષની ઉંમરે આરિ સાથે શાળામાં ભણવાની ઈચ્છા હતી. પણ શિક્ષણ એને પોતાની ધરતીથી દૂર લઈ જશે એવી યેહ્યાની બીકથી એ ઈચ્છા અધૂરી રહી.

પરંતુ એ સમયે તો યેહ્યાના આખરી નિર્ણય પછી આરિ અને હસનની પોતાની મમ્મીએ એને નિરાશામાંથી બહાર કાઢ્યો. ઘેર બેસીને આરિની મમ્મીએ મોકલેલાં પુસ્તકોનો અભ્યાસ કરીને ૧૯૪૩માં એ આરિ સાથે જ 'સ્નાતક' થયો!

કેટલાક સમય માટે બંનેનું મળવાનું થોડું ઘટ્યું, આરિનું એની શાળાના નવામિત્રોને લીધે અને હસનનું એક બિદુવિન છોકરી દાલિયાના પ્રેમને લીધે.

ઈ.સ. ૧૯૪૦-૪૮

દાલિયા માટેનું હસનનું ખેંચાણ એ બંને વચ્ચેની અસમાનતાને કારણે પણ ખરું. હસન પહાડી આઈન હોદના મૂળભૂત રહીશોનું સંતાન, ઢગલાબંધ ખેતરો ને બગીચાનો વારસ, જ્યારે દાલિયા ફસલની મોસમમાં બગીચાઓમાં વરસોવરસ કામ કરવા આવતા અને પછી ત્યાં જ રહી જતા ખેતમજૂરો, રણવાસી આરબોનું ફરજંદ.

બાર બહેનોમાં સૌથી નાની દાલિયાનો રૂઢિ અને રિવાજો સાથેનો નાતો નામ પૂરતો. અલ્લડ અને બિન્દાસ્ત દાલિયા બહાર નીકળતી વખતે માથાં પરનો પરંપરાગત હિજાબ, રૂમાલ પણ ભૂલી જતી. ઊડતા વાળે નીકળી પડતી એનાં નાનાં-મોટાં, ચિત્ર-વિચિત્ર જીવ-જંતુઓ, છ-આઠ પગાં રહસ્યો પાસે, જ્યાં સુધી એ ચારપગા ઘોડા ગનૂશ પ્રત્યે આકર્ષાઈ નહોતી.

ગનૂશના તરવરતા યુવાન માલિક દરવીશ યેહ્યા અબુલહેજાએ જ્યાં સધી દાલિયા એકલી ઘોડેસવારી કરતાં શીખી ન ગઈ, લગભગ બે વર્ષે, ત્યાં સુધી નીચી નજરે એની આગળ ચાલ્યા કર્યું. અજાણતાં જ દરવીશનાં મન પર પણ દાલિયા છવાઈ ગઈ.

ગામવાળાં તો દાલિયાને 'રખડુ જિપ્સી' જ કહેતાં. કોઈ એની માને એના ટાંટિયાં ભાંગી નાખવાની તો કોઈ શેખને બોલાવી એનું ભૂત ભગાડવાની સલાહ આપતાં. લોકો તો ત્યારે ને અત્યારે, ત્યાં અને અહીંયા, બધે જ સરખાં! જ્યારે દાલિયા દરવીશનો ઘોડો ચોરી

ગઈ ત્યારે પોતાના મોટા દીકરા હસનના દાલિયા માટેના પ્રેમથી અજાણ બાસિમા પણ એને ગાળો ભાંડવા માંડી.

આ બદનામીથી બચવા ને દાલિયાને 'સીધી' કરવા, એના પિતાએ એની હથેળીમાં બળબળતા સળિયાના ડામ દીધા..! એક ઊંહકારોય કર્યા વિના દાલિયાએ એ પીડા પોતાની અંદર ઉતારી લીધી હતી. વર્ષો પછી પણ અભાનપણે જ એની આંગળીઓ હથેળી પરની પક્કડ મજબૂત બનાવતી, જાણે કે બહાર નીકળતા મથતું કાંઈક જીવંત એણે પોતાની મુઠ્ઠીમાં છુપાવી રાખ્યું ન હોય..!

હસને ઘરમાં દાલિયા સાથેનાં લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. બાસિમાના પ્રચંડ વિરોધ અને નારાજગી છતાં યેહ્યાએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો. 'યહૂદીઓ દેશને ઉપરતળે કરી રહ્યા છે. જીવનનો કોઈ ભરોસો નથી, ત્યારે આને અલ્લાહની મરજી માનીને સ્વીકારી લે' આટલું કહી, વાંસળી હોઠે લગાડીને યેહ્યાએ પોતાનાં કુટુંબ અને વૃક્ષોની સુખ-શાંતિ માટે સૂરો છેડ્યા.

બાસિમાની નાખુશી અને દરવીશનાં દુઃખતાં હૃદય છતાં લગ્ન નક્કી થયાં અને બિદુવિન રિવાજ મુજબ વરપક્ષ તરફથી કન્યાપક્ષને દહેજ મળ્યું...! નવવધૂ બનવાના કોડવાળી દાલિયા વિચારતી રહી કે કાશ આ સાજ, શણગાર અને રોમાંચ દરવીશ માટે હોત ...! હળદર, મ્હેંદી રચેલા હાથવાળી અને કાજળ ઘેરી આંખોવાળી, સુંદર દાલિયાનાં ધામધૂમથી લગ્ન થયાં. દરવીશે ભાઈનાં લગ્નમાં પરંપરાગત નૃત્ય 'ડબકે' કર્યું, જો કે એનાં આંસુ એના પ્રિય ગનૂશ ને સફેદ ટીલીવાળી ઘોડી ફાતૂમા સિવાય કોઈની નજરે ન ચડ્યાં.

સમય જતાં બાસિમા પણ દાલિયા પર વારી ગઈ, ખાસ તો એના પતિ પ્રત્યેના પ્રેમ, કામકાજની ચીવટ અને પ્રસૂતિ કરાવવાની આવડત પર ... બાસિમાને એનાં ઓસડિયાનાં પ્રિય બગીચાની વારીસ મળી ગઈ. દાલિયાનાં પહેલાં સંતાન યુસેફ પછી બીજું બાળક નિર્જીવ જન્મ્યું, ત્યારે બાસિમાએ જ બગીચામાં સુંદર ગુલાબ રોપાવીને એને નિરાશામાંથી બહાર કાઢી હતી.

ત્રણ વર્ષ વીત્યાં. પાસેનાં એક ગામમાં અચાનક બોંબ ધડાકા થયા અને એ આઘાત સહન ન કરી શકવાથી બાસિમાએ દાલિયાના હાથમાં જ અંતિમ શ્વાસ લીધા. 'દીકરી' દાલિયાએ એની કબર પાસે બાસિમાને અતિપ્રિય એવાં સફેદ છાંટવાળાં લાલ ગુલાબ રોપ્યાં.

થોડા સમય પછી દાલિયાને ત્યાં ઈસ્માઈલનો જન્મ થયો. હવે એ બાસિમાની કબર પર બંને બાળકોને સાથે લઈ જતી. પણ બોંબ ધડાકા વધતાં ફરી એ એકલી જવા લાગી. એવામાં એક એવી ઘટના બની જેની છાપ ભવિષ્ય પર અંકિત થઈ ગઈ. ખાસ દેવદારનાં લાકડામાંથી બાસિમાએ ફરી મઢાવેલ ઘોડિયામાં નાનો ઈસ્માઈલ રડતો હતો, એને શાંત કરવા યુસેફ જેવો એને તેડવા ગયો કે ઈસ્માઈલ એના હાથમાંથી છટક્યો, અને એના ચહેરા પર જમણી આંખથી લઈને ગાલ સુધી ખીલીનો ઉઝરડો પડી ગયો.

ઈ.સ. ૧૯૪૭-૪૮

દાલિયા અને હસનનાં લગ્ન પછી તરત જ આરિ દાકતરીનું ભણવા ચાલ્યો ગયો હતો, પણ બંને મિત્રો સતત સંપર્કમાં તો હતા જ.

બાસિમાનાં મૃત્યુ પછી આરિ હસનને મળવા આવ્યો હતો. આરબ રિવાજ મુજબ શોક ચાલીસ દિવસ ચાલતો. કુરાનની આયાતોને પશ્ચાદભૂમાં છોડી, બંને મિત્રો ટેકરીઓ તરફ વળ્યા. તંગ થતી પરિસ્થિતિથી આરિ ચિંતિત હતો, ''યહૂદીઓ આ ભૂમિ લઈ લેશે.'' સંયુક્ત રાષ્ટ્રની નવેમ્બરમાં બેઠક હતી, જેમાં યહૂદીઓ પેલેસ્તાઈનના ભાગલા સૂચવવાના હતા. હસનને યેહ્યાનો ભય સાંભર્યો અને સંભળાયા અંદરથી કોરાયેલી એની વાંસળીના કરુણ સ્વર.

નાઝીવાદના આતંકનો, ગેસ ચેમ્બરનો ભોગ બનેલા અને ચોતરફથી પેલેસ્તાઈન આવતા યહૂદીઓની માનસિકતા આરિ સમજતો હતો. હસને પણ એ ખોફ જોયો હતો. આરિની માની આંખોમાં … પણ આશ્રિતો માલિક કેવી રીતે બની શકે?! હસન આ માનવા તૈયાર નહોતો.

'ધરતી વિનાનાં લોકો માટે લોકો વિનાની (!) ધરતી' એવું માનતા યહૂદીઓ માટે આ ખુદનું રાજ્ય મેળવવાની લડત હતી અને આરબો માટે છેતરપિંડી, આતંક … અને ૧૯૪૭ની ૧૨મી ડિસેમ્બરે પહેલો બોંબ ફૂટ્યો અલતિરામાં … દાલિયાનું એક ઝાંઝર ખેંચાઈ ગયું, જે સાથે લેતું ગયું એની સહજતા અને નિશ્ચિંતતા પણ.

ગભરાયેલાં છોકરાંઓને દાદાએ અલ્લાહ પર શ્રદ્ધા રાખવાનું કહ્યું ને હસને પોતા પર ભરોસો. ગામની સ્ત્રીઓ હુમલાની પૂર્વતૈયારીરૂપે ફળો અને શાકભાજી વહેલાં તોડી લઈ આથવા માંડી, ને ત્યાં જ બીજો ધડાકો …

કયામતનો દિવસ આવી ગયો ૧૯૪૮ના મે મહિનામાં. જ્યારે અંગ્રેજો એ ભૂમિ છોડી ગયા અને પેલેસ્તાઈન બની ગયું એક યહૂદી રાજ્ય ઈઝરાયેલ! આઈનહોદની પાસેનાં ત્રણ ગામ હજી અપરાજીત ત્રિકોણ હતાં, એટલે લોકો ખોટી આશામાં રહ્યા.

ભોળા આરબો માટે તો સૌથી વધુ મહત્ત્વના હતા અલ્લાહ, એમની ધરતી અને એમનું કુટુંબ. એનાં રક્ષણ માટે યેહ્યા અને હજ સાલેમે યહૂદીઓ સામે સંધિ પ્રસ્તાવ રાખવા એમને એક ભોજન માટે નિમંત્ર્યા.

જીરામાં શેકેલ ઘેટાનું શાહી જમણ પિરસાયું. જમતી વખતે એક યહૂદી સૈનિક મોશેની નજર સતત દાલિયાએ કાંખમાં તેડેલા ઈસ્માઈલ પર મંડાયેલી હતી. બીજી સવારે જ યહૂદીઓએ વચનભંગ કરીને બોંબવર્ષા કરવા માંડી.

ચોમેર ધૂળની ડમરીઓ, માણસોની દોડાદોડી અને છોકરાંઓ, સ્ત્રીઓની ચિચિયારી … યુસેફ ને ઈસ્માઈલ તો સાવ ડઘાઈ ગયા, દાલિયા સ્તબ્ધ, નિશ્ચલ … હસને તરત યુસેફને તેડી લીધો, પણ દાલિયા તો એમની એમ … એના ભીંસાયેલા દાંત જોઈને હસન

ગભરાયો. દરવીશે જ્યારે ઈસ્માઈલ સહિત એને પોતાના હાથમાં ઊંચકી, ત્યારે માંડ એની પાંપણ ફરકી, કેમ જાણે બધું જ સાજું સારું હોય અને આ બધું એક દુઃસ્વપ્ન!

હસન, દરવીશ અને બીજા યુવાનોએ ન છૂટકે પોતાનાં મૃત સંબંધીઓની કબર ખોદી. એટલામાં ભૂંગળામાંથી હુકમો છૂટ્યા, પોતાની માલ-મિલકત ભેગાં કરી તત્કાલ કૂવા પાસે એકઠાં થવાના ... જાણે કોઈ છુપાયેલો ઈશ્વર ન બોલતો હોય...! લગ્ન વખતે પહેરેલું પોતાનાથી ય વધુ વજનનું દાલિયાનું સોનું, બીજું રાચરચીલું... ગાડાં ભરીભરીને લોકોએ ઠાલવ્યું યહૂદીઓ સામે. ફરી એ અવાજ, ''જાઓ હવે. લઈ જજો બધું કાલે.'' યેહ્યા વળગ્યો આશાપૂર્વક એ શબ્દોને, દાલિયા ઈસ્માઈલને અને હસન યુસેફને. બીજે દિવસે યહૂદી સૈનિકોએ હુમલો કર્યો. બોંબ ફૂટ્યા, આડેધડ ગોળીઓ છૂટી. કંઈક મરાયા-કચડાયા-ઘવાયા. દરવીશના ગનૂશને તો મારી જ નાખ્યો હતો, પણ જ્યારે એની એક માત્ર ઘોડી ફાતૂમાને પણ સિપાહીઓએ વીંધી નાખી, ત્યારે દરવીશ મનથી તો પૂરેપૂરો પણ પછીની એની કરોડરજ્જુ પર વાગેલી ગોળીથી શરીરથી ય ભાંગી પડ્યો.

અને એટલું ઓછું હોય એમ ક્ષણભરમાં તો દાલિયાના હાથમાંથી ઈસ્માઈલ પણ છિનવાઈ ગયો...! યેહ્યાને લાગ્યું કે 'શબ્દોને શું માણસોને ય ન વળગી શકાયું...! કુટુંબનું રક્ષણ કરવાનાં પોતે આપેલાં વચનની જેમ હસન પણ તૂટી ગયો.. અથડાતાં, કૂટાતાં, પડતાં, આખડતાં લોકો ટેકરીઓ ચડવા લાગ્યાં... જોતજોતામાં જોર્ડન, ઈરાક અને સિરિયાએ આપેલાં તંબૂઓની મદદથી જેનિનમાં નિર્વાસિતો માટે છાવણી નખાઈ ગઈ. જેનિન, જેની ટેકરી પર ચડીને લોકો પોતાનાં આઈનહોદને અને એ ઘરને જોઈ શકતાં હતાં, જ્યાં પહોંચવાની એમની આશા ક્યારેય પૂરી ન થઈ.

ઈસુ પછી ૧૧૮૯માં સલાદિનનાં લશ્કરે આઈનહોદ શોધ્યાની બરાબર આઠ સદીઓ પછી એ ગામ પોતાનાં પેલેસ્તાઈનનાં બાળકો વિહોણું બની ગયું હતું.

૧૯૪૮થી જ પેલેસ્તાઈન તારીખિયામાંથી ખરી પડ્યું અને જીવતે જીવત માટીમાં ધરબાઈ ગયું. વૃદ્ધો છાવણીમાં જ મર્યા, પણ આગલી પેઢીના હાથમાં પોતાનાં ઘરની લોખંડની મોટી ચાવીઓ, ઓટોમનના દસ્તાવેજો અને જમીન ને બાગબગીચાના કાગળિયાની સાથે પોતાની ધરતીની યાદો સોંપીને.

ઈ.સ. ૧૯૪૮

આઈનહોદ પરના એ હુમલા પહેલાં ૧૯૪૮નો સપ્ટેમ્બર સૂકા પવનો સાથે વરસાદ અને સંધિની આશા લઈ આવ્યો હતો. ગામલોકોને એમાં એક નવી શરૂઆત દેખાઈ હતી.

દાલિયા ઈસ્માઈલને છાતી સરસો ચાંપીને યહુદી સૈનિકોને ઘેટાનું માંસ પિરસી રહી હતી. મોશે નામના એક સૈનિકને એની પત્ની જોલાન્તા યાદ આવી ગઈ. નાઝીઓ થકી જાતિસંહારનો ભોગ બનેલી અને સતત પિંખાયેલી એ બીજા વિશ્વયુદ્ધ પછી એકલી

પેલેસ્તાઈન ભાગી આવી હતી. મા-બાપ, ભાઈ-બહેનને ગુમાવી ચૂકેલી નમણી એવી જોલાન્તાને જોતાં જ મોશે એના પ્રેમમાં પડી ગયો. બંનેના લગ્નની પહેલી રાતે જ મોશેએ જોલાન્તાને સલામતીનું અને સાથે અંગ્રેજો અને આરબો વિનાનાં 'પોતાનાં' યહુદી રાજ્યનું વચન આપ્યું હતું.

એ સાચો ઠર્યો, પણ એક યહુદી રાજ્યના જન્મ પૂરતો, બંનેનાં પોતાનાં બાળકના જન્મ બાબતે નહિ અને આ ઘટનાએ જોલાન્તાને અંદરથી રૂઝ આવવા નહોતી દીધી. મોશેને એક ઝાંઝરીવાળી એ આરબ સ્ત્રીનું સુખ જોલાન્તાના ખોળામાં આપી દેવું હતું, અને એવું બન્યું પણ ખરું. જમણના બીજા દિવસના ધડાકાથી ગભરાયેલાં લોકોની ધક્કા-મુક્કાથી દાલિયાના હાથમાંથી ઈસ્માઈલ છટક્યો અને મોશેએ તક ઝડપી લીધી. બધાંથી છુપાવીને ઈસ્માઈલને પોતાના થેલામાં નાખી, શાંત પાડવા એના મોઢામાં દારૂ રેડી એ ઝડપથી જોલાન્તા પાસે પહોંચી ગયો.

ચહેરા પર જખમવાળું એક સુંદર બાળક જોઈને જોલાન્તા પર તો જાણે વસંત મ્હોરી ઉઠી અને દાલિયાનો ઈસ્માઈલ જોલાન્તાનો ડેવિડ બની ગયો..! મોશેના કાનમાં તો દાલિયાનું 'મારા દીકરા, મારા વ્હાલુડા' વર્ષો સુધી પડઘાતું રહ્યું. એની નજરે જાણે મોશેનો પીછો જ ન છોડ્યો... એ ધરતી લોકો વિનાની!? પણ અત્યારે તો અંગ્રેજો ગયા, આરબો ગયા ને એમને બાળક મળ્યું. મોશે હવે પૂર્ણ હતો.

આઈનહોદવાસીઓ ઘરવિહોણાં હતાં ને મોશે અને સાથીદારો ખાલી મકાન લૂંટતા હતા. દાલિયા ઈસ્માઈલ વિના ભાંગી પડી હતી અને જોલાન્તા ડેવિડને ઝુલાવતી હતી. હસન કુટુંબને ટકાવવા મથી રહ્યો હતો અને મોશે દારૂ પીને ગાતો હતો. આમ, આ બાજુ યેહ્યા અને ગામવાસીઓ પોતાની ધરતીથી દૂર થઈ રહ્યા હતા. ત્યારે એ પચાવી પાડનાર લોકો નવું રાષ્ટ્રગીત ગાતા હતા, 'ઈઝરાયેલ અમલ રહો...!''

ઈ.સ. ૧૯૪૮-૫૩

જ્યારે આ વિદેશીઓ પેલેસ્તાઈનવાસીઓની ધરતી ઝૂંટવીને પોતાનો દેશ બનાવી રહ્યા હતા, ત્યારે પાંચ મહાસત્તાઓ-સોવિયત યુનિયન, ફ્રાન્સ, ગ્રેટબ્રિટન, ચીન અને અમેરિકા - એક મધ્યસ્થી રાખીને આ સંઘર્ષનો કોઈ રસ્તો શોધવામાં પડી હતી.

આ તરફ, જેનિનની નિર્વાસિતોની છાવણીમાં દરેક સવાર યેહ્યાના તંબૂની બહાર છેલ્લામાં છેલ્લા સમાચાર સાથે પડતી. છાવણીમાં સૌથી વધુ જાણકાર હસન છાપું વાંચી સંભળાવતો, ''મૂળ સ્વીડનના એ પ્રતિનિધિએ ઈઝરાયેલનાં આ પગલાંને અયોગ્ય ગણ્યું હતું, અને ઉમેર્યું હતું કે આરબ નિર્વાસિતોને એમની સદીઓ જૂની ધરતી પર પાછાં જવાનો હક્ક છે.'' આવા સમાચાર છાવણીમાં ફરી નવી આશાનો સંચાર કરી દેતા. કોઈ પોતાનાં ઘરનાં સમારકામનું આયોજન ઘડતું તો કોઈને પોતાનાં લીંબુ, બદામનાં ઝાડ યાદ આવી જતાં. નાનકડો યુસેફ પણ દાદાને પૂછી બેસતો, ''હવે આપણે ઘરે જવાનાં?!'' બીજા જ

દિવસે એ પ્રતિનિધિના ખૂનના સમાચાર સાથે છાવણીને ફરી એ જ અનિશ્ચિતતા ઘેરી વળતી.

ટૂંક સમય માટેની આ છાવણી કાયમી જેવી થતાં યેહ્યાનો તંબૂ ઘસાયો હતો અને એમનું શરીર પણ. રોજ વહેલી સવારથી લઈને દિવસની પાંચ નમાજ, પોતની વાંસળી અને રાશનનાં ભોજનની વચ્ચે એ પોતાનાં કુટુંબ અને મિત્રો સાથે સમય ગાળતા. હજ સાલેમ અને જેનિનમાં સંયુક્ત રાષ્ટ્રના અમલદાર જેક ઑ'મોલિ, એ બંને મિત્રો સાથેની કેરમ પ્રકારની એક રમત એમને થોડા સમય માટે ચિંતામુક્ત કરતી. પણ ખેડૂતના એ હાથ એનાં વૃક્ષોને સ્પર્શ્યા વિના રહી કેમ શકે?!

નવેમ્બર '૫૩ની એક વહેલી સવારે 'દીકરી' દાલિયા પાસે પોતાનાં કપડાં ધોળાંફૂલ કરાવી, દાઢી ચમકાવી, વાંસળીમાંથી પોતાની ધરતીની યાદના સૂરો રેલાવી લાલ ચોકડાંવાળા સ્કાઈ અને કાળો પટ્ટો લગાવી યેહ્યા સજ્જ થઈ ગયા,'' ઓલિવ પાકી ગયાં હશે. દ્રાક્ષને અંજીર તો ખરીને બગડતાં હશે, પણ ઓક્ટોબરના વરસાદથી જમીન સરસ પોચી પડી ગઈ હશે.''

હજ, હસન બધાંએ યેહ્યાને ખૂબ સમજાવ્યા. માત્ર જેક ઓ'મોલિ જાણતા હતા કે હવે એ જઈને જ રહેશે, અને ૧૯૪૮ની એ શાશ્વત સાલની બહાર, ઈઝરાયેલ કહેવાતા એ પોતાના દેશમાં ગૌરવભેર પગ મૂકીને જ યેહ્યા જંપ્યા.

ઠાઠમાઠથી ગયેલ યેહ્યા બરાબર સોળ દિવસે ભિખારી જેવા વેશે પણ પોતાની ધરતીની સોડમ અને ફળોની સોનામહોર શી અમીરાત સાથે છાવણીમાં પાછા ફર્યા, એ પ્રદેશ તો વહેતો હતો એમની રગેરગમાં...!

છાવણીમાં સૌ માટે ઉત્સવ બની ગઈ હતી એ રાત...! વૃદ્ધોનાં બોખાં મોં ત્યારે અંજીર, દ્રાક્ષ, લીંબુ અને ઓલિવથી રસાળ અને હસું-હસું થઈ ઊઠ્યાં હતાં. સ્ત્રીઓ પણ પોતાનાં ગામની વાતો સાંભળી રાજી-રાજી હતી. બધાંએ યેહ્યાની વાંસળીના સૂરે ને તાલે ડબકે નૃત્ય કર્યું. એ રાતે છોકરાંઓ પણ જાગરણના જોશમાં આવી ગયાં હતાં.

ફરી થોડા દિવસે યેહ્યા એ જ રીતે પોતાને ગામ જવા નીકળ્યા. પણ આગલા વખતની જેમ બધાંને વાતો કરવા જીવંત પાછા ન ફર્યા. યેહ્યાનાં મૃત્યુને છાવણીમાં શહાદતનું માન મળ્યું. યુ.એન.ની ઓફિસમાં પણ જેકે રજા રાખી. પોતાની ધરતી પર પગ રાખનાર યેહ્યાને ગેરકાયદે સરહદ પાર કરવાની સજારૂપે ગોળી મારવમાં આવી હતી ...! સદીઓથી જે ભૂમિ પર પરસેવો પાડ્યો હતો, ત્યાં જ એમનું લોહી રેડાયું...!

આ ઘટનાએ નિર્વાસિતોને ટટ્ટાર કરી નાખ્યા. પોતાના દેશવાસીઓએ મોં ફેરવી લીધું, પછી જેનિનની છાવણીમાં નવું ઝનૂન ઉમેરાયુ - શિક્ષણ માટેનું, ખાસ કરીને કન્યા કેળવણીનું, છાવણીમાં મસ્જિદ અને શાળા બંધાયા. હસને આ બધાં દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર સાથેના પત્રવ્યવહારનું કામ સંભાળ્યું.

ઘરનાં સૌ જાગે તે પહેલાં કામ પર જવાનું અને બધાં સૂએ પછી પરત ફરવાનું, એવો હસનનો ક્રમ. ઓછી આવક અને ઈસ્માઈલને શોધ ન શક્યાની હતાશા છુપાવવા

માગતો હતો એ. અને નાનો યુસેફ દાદા વિના સાવ એકલો પડ્યો હતો. દાલિયા તો લાગણી પર કાબૂ રાખવાનું જ કહેતી, ખુદની માફક. યુસેફે નક્કી કર્યું, એ પણ વાંસળી વગાડશે, દાદાની જેમ ...

ઈ.સ. ૧૯૫૫

ચાર વર્ષમાં સંયુક્ત રાષ્ટ્રની મદદથી જેનિનમાં રહેઠાણ અને કુમારશાળા બનાવવામાં આવ્યાં. જેકે હસનને શિક્ષકની નોકરી લેવા કહ્યું, પણ બીજાં વધારે લાયક હોતાં હસને દરવાનની નોકરી સ્વીકારી! પહેલા પગારમાંથી દાલિયા માટે જુદી જુદી ભેટ લઈને આવ્યો. પછી દાલિયાનો શોકવાળો પોશાક ઊતર્યો અને એના જીવનમાં નવો રંગ ઉમેરાયો દીકરી આમલના જન્મ સાથે.

પોતાની દીકરીમાં દાલિયાને એ જ અલ્લડ જિપ્સી ફરી દેખાઈ. ખૂબ ઊંડી આંખોવાળી આમલ બિંદુવિન કવિતા અને જાદુગરીનું મિશ્રણ હતી જાણે ... બધાંને છાંયડામાં હડસેલતાં આમલ કહેતી, ''આ મારા બાબાનો સૂરજ છે. જાઓ અહીંથી!''

બાબામાં અલ્લાહ જોતી આમલને એની માની'ય ઈર્ષ્યા આવતી, ''ક્યાંક મારી ને બાબાની વચ્ચે ન આવે....!'' આધિપત્યવાળી આમલની એક માત્ર મિત્ર બની હુદા, નરમ સ્વભાવની અને નમતું જોખવાવાળી ...એ બંને જાણે જોડિયાં... બહેનો.

પોતાના માતૃપ્રેમને પણ અંદર દબાવી રાખવાવાળી દાલિયા એ પ્રેમ આલમને પણ દેખાવા ન દેતી. પથ્થર લાગતી દાલિયા પીગળતી તો રાતે આમલના સૂઈ ગયા પછી ... અને વરસતી એના પર ચુંબનરૂપે ...

૨. (El Nakra) સંકટ - ઈ.સ. ૧૯૬૦-૬૩

પોતાની મા યુવાન દાલિયા તરીકે કેવી હશે, એ કલ્પનમાં જ આમલનું બાળપણ વીત્યું. ઘરની સાફ-સફાઈ ને ભરતગૂંથણ કરનારી આ જ મા ઘોડો ચોરનારી, ગુલાબ ઉછેરનારી અને ખનકતાં ઝાંઝરવાળી દાલિયા હશે?!

મા ખૂબ કુશળ દાયણ હતી. આઠ વર્ષની ઉંમરે આમલને પહેલી વાર આ કળા એણે શીખવી હતી. હાથ-પગ ધોઈ, બંદગી કરી, પોતાની ખાસ કાતરને તપાવી અને આમલને મજબૂત રહેવા સમજાવ્યું, ''જે અનુભવે તે મનમાં જ રાખવું'' આમલે માની ડાહી દીકરી તરીકે માંગ્યા પહેલાં જ બધું એના હાથમાં આપ્યું. ઈનામમાં મા ખૂબ પ્રેમ કરશે એમ ધાર્યું, પણ એ તો એનાં જડબામાં જડબેસલાક અને હાથની મુઠ્ઠીમાં બંધ .. હા, એ રાતે હુદા સાથે અગાસી પર સૂવા ચોક્કસ મળ્યું.

એક રાતે માને પોતે થોડી જુદી રીતે નિહાળી, વહાલથી ચુંબન કરી આમલને કહેતી હતી, ''સૂઈ જા, વહાલી દીકરી...!''

એ જ વર્ષોમાં એને એક અજબ અનુભવ પણ થયો. ચાર વર્ષની હતી અને યુસેફને નિર્વસ્ત્ર જોયો! કેટલાય દિવસો સુધી એ દશ્યે પીછો નહોતો છોડ્યો, જાહેરમાં એકરાર કરતાં યુસેફે એને મારી અને બાકીનાંય તૂટી પડ્યાં હતાં, ''મારો એને ... ટાંટિયા ભાંગી નાખો..! બસ, એક માએ જ કાંઈ નહોતું કહ્યું, ઉલટાનું યુસેફને વઢી હતી, એટલું જ ...

એપ્રિલની એક સવાર આમલનાં જીવનમાં કાયમ માટે એની સુગંધ પાથરી ગઈ. આગલી રીતે બીકમાં ભીનાં કરેલાં આમલનાં કપડા બાબાએ પ્રેમથી બદલાવ્યાં હતાં અને અગાશીમાં લઈ જઈ એને પોતાના ખોળામાં બેસાડી હતી. આઈનહોદના બગીચાને જીદથી જેનિનમાં જીવતો કરવા માએ રોપેલા દ્રાક્ષના વેલાથી વીંટળાયેલી એ નાની અગાશીમાં બાબા, આમલ અને સફરજન-મધવાળી તમાકુ ભરેલો ઓલિવનાં લાકડાંનો એમનો પાઈપ. એ રાતે પહેલીવાર બાબાએ એને વાંચી સંભળાવ્યું હતું. પછી તો એ હંમેશનું થઈ ગયું. બાબા એને પ્રાચીન અરેબિક ગદ્ય-પદ્ય વાંચી સંભળાવે. એમના શબ્દો સાથે ભળતાં ફેફસામાં તોફાન છતાં બાબાનો અવાજ આમલને હાલરડાં સમો ભાસતો.

એક વાર આમલે પૂછી નાખ્યું, ''બાબા, તમે મને કેટલું ચાહો છો!''

''આખા દરિયા ને એની બધી માછલીઓ જેટલું .. ધરતી ને બધાં વૃક્ષો જેટલું ... વિશ્વના તમામ ગ્રહો જેટલું ...''

''અને યુસેફને?!''

''દરિયા જેટલું, પણ માછલી વિનાના..'' વધુ તો ખરું જ ને! ખૂબ રાજી હતી આમલ.

અઘરું હતું, સૂરજથી ય વહેલું ઊઠવું, પણ બાબા સાથેની એ પરોઢ અને પછી પ્રકાશિત થતાં આસપાસનાં જીવનને જોવું પણ છોડાય એમ નહોતું.

બહુ ઓછી ચીજવસ્તુઓ અને જરૂરિયાતવાળું હતું આમલનું બાળપણ. ખેલનું મેદાન કે દરિયા તો એણે ક્યારેય નહોતાં જોયાં. પણ એ સભર હતું બાબાના બાથની હૂંફ, એ કવિતાઓ અને પરોઢિયાંથી ...

બાળપણમાં ન સમજાયેલા અબુ-હયાન, જિબ્રાન અને રૂમિના શબ્દોના પડઘા કેટલાય દસકાઓ પછી પેન્સિલ્વેનિયાના ફેબ્રુઆરીમાં બાબાનો પ્રેમ થઈ સંભળાયા હતા, જે આમલનું એક માત્ર સાંત્વન બની રહ્યા.

ઈ.સ. ૧૯૬૭

૧૯૬૭નો જૂન આવ્યો અને ગરમી સાથે લાવ્યો શાળામાંથી રજા-મજાના દિવસો. આમલ, હુદા ને એમની ગુલાંટ ખાવાની રમત ... હુદા માટે જે નિર્દોષ આનંદ હતો એ આમલ માટે લામ્યાને હરાવવાની આવડત. હુદા માટે મસ્તી, આમલ માટે દેખાદેખી.

પછી ચડતાં બેય 'ઓલ્ડ લેડી' પર આમલના પ્રશ્ન ''કોનું છે આ વૃક્ષ?''ના જવાબમાં બાબાએ સમજાવ્યું હતું, ''આપણે કુદરતમાંથી સર્જાયા છીએ, ને એક દિવસ ફરી એમાં ભળી જવાનાં ... આપણે વૃક્ષને ચાહીએ, થોડું ધ્યાન રાખીએ ને બદલામાં એ આપણી સંભાળ લે... એટલે કુદરત, ધરતી કે વૃક્ષો, કોઈનાં ન હોય, ઉલટાનાં આપણે એમનાં, આ ધરતીનાં, પેલેસ્તાઈનનાં છીએ ..... ત્યારે બાબાની એ વાતો નહોતી સમજાઈ. હજ કહેતા, ''આ કોફી હાઉસ પર બેસીને હુક્કો નથી પીતા અને બહુ વાંચે છે, એટલે આવી વાતો કરે છે.''

'ઓલ્ડ લેડી' પર ચડ્યાં એ દિવસે આમલ અને હુદાએ કોઈએ માને ભેટમાં આપેલી, મેગેઝિનમાં દેખાતી ઈજિપ્તની હિરોઈનો જેવી, લાલ નેઈલ પોલિશ લગાડી હતી! ઝાડ પરથી ઉતરીને બેય 'થૂંક હરિફાઈ' કરતાં હતાં, ત્યાં જ બાબાએ એમને બોલાવી લીધાં હતાં.

ખૂબ લોકો ટોળે વળ્યા હતાં. ઈઝરાયેલે ઈજીપ્ત પર હુમલો કર્યો હતો અને આરબ સિપાહીઓ સામો પ્રહાર કરવા માગતા હતા. ઉગ્ર વાતો ચાલી રહી હતી. બંને તાત્કાલિક ઘેર પહોંચ્યા, ને ખૂબ નવાઈ વચ્ચે મા આમલને જોરથી ભેટી પડી હતી! ઈઝરાયેલના હુમલા માટે આમલ આભારી થઈ હતી...! લાગ્યું હતું કે બધું જ સારું થઈ જશે. પણ પરિસ્થિતિ કાંઈ ઓર જ હતી.

કોઈક દિવસ ખપ પડે એટલે વર્ષોથી બાબા રસોડાના એક ખાડામાં બંદૂકો ભેગી કરતા. એ દિવસે પેલેસ્તાઈનને બચાવવા બધીય-વીસથીય વધુ બહાર લઈને ભેગા થયેલા પુરૂષોમાં વહેંચી દીધી. બાબાને બધા એ દિવસે સાવ જુદા જ લાગતા હતા. એક વાર યુદ્ધ અને દેશવટો જીવી ચૂકેલા કઠોર અને મક્કમ યોદ્ધાઓ.

એ બંનેને માએ એક ખૂણામાં, એની નજર પડે એમ બેસાડી દીધાં, આરબ સૈનિકો ન આવે ત્યાં સુધી, બેય જણે એકબીજાનો હાથ પકડી લીધો, ''હું તને ખૂબ ચાહું છું.'' ''હું પણ.'' અને ક્યારેય જુદા ન પડવાના સોગંદ સાથે એકબીજાને બાથ ભીડી હતી.

થોડી વારમાં તો વિમાન અને બોંબ ધડાકાના અવાજો ગાજી ઊઠ્યા. માએ બેયને રસોડાના બંદૂક વગરનાં ખાલી ભોંયરામાં ઉતારી દીધાં. બંને આરામથી સમાઈ જાય એટલું ઊંડું હતું એ ભોંયરું...! કઠોર એવી માને 'માતૃદિને' હાથે બનાવીને ભેટ આપેલો કટોરો આમલને અંદરથી દેખાયો, એવી મા મળ્યાનો અફસોસ હતો એને...! થોડી હવા આવી શકે એટલી જગ્યા રાખીને માએ ભોંયરાને ઢાંકી દીધું હતું અને હવે કદાચ મરવાનો સમય થયો છે એવું ધારી, ખૂબ જિદ્દી અને ઉદ્ધત હોવા બદલ આમલે હુદાની માફી માગી.

ઘણો સમય વીતી ગયો એમને એમ. અચાનક માએ સમીહામાસીની ત્રણ મહિનાની દીકરી આયેશાને ભોંયરામાં ઉતારી અને ફરી એ ચાલી ગઈ. હજી મહિના પહેલાં જ આયેશાના કાન વીંધાવ્યા હતા. આ હુમલામાં આયેશાનાં બધાં સગાં મરી ગયાં હતાં. એ બંનેને ત્યારે ખબર નહોતી પડી. બાકી રહેલાં પણ મોટાભાગનાં જેનિન છોડીને નાઠાં હતાં, માત્ર મા જ રોકાઈ હતી, જેને જોર્ડનનો એક સિપાહી આયેશા સોંપી ગયો હતો.

માએ એ ત્રણેય હેમખેમ હોવાની ખાતરી કરીને કહ્યું, ''જોર્ડન, સિરિયા ને ઈરાક પણ ઈજિપ્તની પડખે છે. બધું સારું થઈ જશે''. પણ બહારના ધડાકાઓ, ચિચિયારી, રોકકળ અને ધુમાડાથી આમલ, હુદાનો વિશ્વાસ ડગી ગયો અને ઘર, ખેતર ને ગામ જોવાનાં એમનાં સપનાં પર પણ ધુમાડો ફરી વળ્યો. નાનકડી આયેશા રોઈને થાકી હતી. દિવસો સુધી તમામ દૈનિક ક્રિયાઓ ભોંયરામાં કરી હોવાથી એ ગંદકીમાં બહારની આગ અને મડદાંની દુર્ગંધ પણ ભળ્યા હતાં. કયામતનો દિવસ આવી ગયો લાગે છે અને આમલ ને હુદા અલ્લાહની માફી માગવા કુરાનની આયાતો પઢવા લાગ્યાં.

ત્યાં જ એક જોરદાર વિસ્ફોટ ... ને ભોંયરું ખુલ્લું ... રસોડાની આખી છત ઊડી ગઈ હતી. કાન બહેરા કરી નાખે એવા ધડાકાથી કળ વળે ત્યાં જ નાની આયેશા તરફ ધ્યાન પડ્યું. કુમળાં ફૂલ જેવી એનું પેટ કોઈ તીણી ધારવાળા ટુકડાથી ચીરાઈ ગયું હતું ! જેમનું આખું કુટુંબ શહીદ થઈ ગયું હતું એવા પાડોશી સમીહના અબુ એમના અત્યાર સુધી જીવંત એવા એક માત્ર દીકરાનાં શબ સાથે અર્ધપાગલ હાલતમાં બહાર દેખાયા ને સંભળાઈ કાળજું કંપાવી નાખે અને હાંજા ગગડાવી નાખે એવી એમની ચીસ. થોડી વારમાં એક વધુ ધડાકો અને સૈનિકોની ગોળી એમનાં ભેજાંની આરપાર ... લોહીના એ રેલામાં થોડી વધુ જિંદગીઓ તણાઈ ગઈ.

આ બંનેની ચીસોય હવે વિલાઈ ગઈ હતી. હુદા કુરાનની પહેલી આયાતો પઢવા માંડી, ''હે અલ્લાહ, વિશ્વપિતા, રક્ષણહાર, કરુણામય, દયામય... તને જ ભજીએ અને તારી જ મદદ યાચીએ. સાચે માર્ગે ચાલનારનું રક્ષણ કર ને અવળે રસ્તે ચાલનારને માર્ગ બતાવ .. આમેન'' ... આમલ ભયથી થીજી ગઈ હતી. ... દુશ્મનોના મોટા-મોટા બૂટ કાનમાં પડઘાતા હતા.. સાવ નબળી હાલતમાં, ગર્ભમાંના જીવની જેમ બેય એકબીજાને ચોંટીને સૂઈ ગયાં. અચાનક એક નને (ખ્રિસ્તી સંન્યાસિની) આવીને બંનેને બહાર કાઢ્યાં અને નજીકની કામચલાઉ દવાખાનામાં લઈ ગયાં. રસ્તામાં પહેલીવાર આમલે રંગીન આંખોવાળા એક દુશ્મન સિપાહીને જોયો!

દવાખાનામાં હુદાની ઈજાની સારવાર ચાલતી હતી, ત્યાં જ આમલે માને જોઈ, જડવત્ ... એ દોડી ગઈ એની બાથમાં સંતાવા, પણ મા તો પથ્થરવત્ હતી સાવ... એને લીધે સિસ્ટરે આમલને બાથમાં લઈને 'પેલી સ્ત્રી'ની ઓળખ પૂછી .. પણ આમલે ક્યાં એવી મા ઈચ્છી હતી..! એણે 'ના' કહી મોઢું ફેરવી લીધું અને હુદા બાઘી થઈ ગઈ!

બીજા કેટલાય જાણીતા ચહેરાઓ હતા આસપાસ, પણ આમલના બાબા?! મોડેકથી સિસ્ટર એમને એક ટ્રકમાં થોડાં ફળ-શાકભાજી વચ્ચે સંતાડીને બેથલેહેમ લઈ ગયાં, 'નેટિવિટી'નાં ચર્ચમાં... ખ્રિસ્તી ઉજવણી વખતે આમલને બધાં બાબા સાથે એ ચર્ચમાં આવ્યા હતાં, એ જ ચર્ચ જ્યાં ઈસુ જન્મ્યા હતા. અત્યારે તો એ પણ જેનિનની જેમ બિસ્માર હાલતમાં હતું. યુદ્ધને લીધે અનાથ થયેલાં અનેક બાળકો અંદર બેઠા હતાં. મૂંગાં-મંતર ..

કેમ કે બોલવાથી આ વાસ્તવિકતા છે એવું ભાન થઈ જાય, નહિતર કદાચ બધું એક દુઃસ્વપ્નમાં ખપાવી શકાય...!

સિસ્ટરે એમને ન્હાવા માટે હૂંફાળાં પાણીનું ટબ આપ્યું. ધૂળ, માટી, ઢેફાં અને લોહીથી ખરડાયેલાં બંને એની અંદર સરી પડ્યાં. એ જ ચર્ચ જ્યાં ઈશુ જન્મ્યાં હતાં...! અઠવાડિયાં પહેલાં મોજથી રંગેલી એ લાલ નેઈલ પોલિશવાળા હાથ માત્ર એક જ અઠવાડિયાનું અંતર હતું એ રંગીન સપનાંના દિવસો અને આ પળનાં નરક વચ્ચે...!

આમલે ધીરેકથી આખું શરીર અંદર સરકાવી દીધું... ધડાકા પછીની, ભાગેલાં રસોડાંની ને મૃત આયેશાને જોયા પછીની શાંતિ હતી પાણીમાં ... સ્તબ્ધ .. અવાક્ ... કાશ એ પોતે માછલી થઈને પાણીમાં રહી શકત. જ્યાં નથી કોઈની ચીસો કે ન કોઈ બોંબ ધડાકા ... અને જ્યાં મૃત્યુ ગંધાતું નથી ...!

ઈ.સ. ૧૯૬૭ (ચાળીસ દિવસો પછી...)

બરાબર ચાળીસ દિવસો થયા હતા. યુદ્ધ અટક્યે ... સિસ્ટર મૅરિએન બંનેને જેનિન મૂકી ગયાં હતાં. ઘર કહેવાતું મકાન લગભગ તૂટેલી હાલતમાં અને મા માનસિક ભાંગેલી હાલતમાં હતી. નહોતી બદલી તો બસ બે બાબત ... કૂકડાની બાંગ પોકારવાની અને આમલની વહેલાં - સૂરજ પહેલાં ઊઠવાની ... આઝાનનો સ્વર હવામાં ભળ્યો ને અશાંત પરિસ્થિતિમાંય શાંતિ છવાઈ.

અત્યારે તો 'કર્ફ્યુ'ની હાલતમાં નાનકડા સામેરના અસબંદ્ધ બરાડા સંભળાયા, ''એ લોકો આવે છે. બધા નગ્ન છે.'' યુદ્ધ પછીના નાજુક સમયમાં ફરી બધાને જાણે યુદ્ધના ભણકારા સંભળાયા. અફવા તો હવાથી ય વધુ ઝડપે પ્રસરતી.. કોઈને લાગ્યું આરબ સૈન્ય છોડાવવા આવી રહ્યું છે, પણ બહાર ઈઝરાયેલી સૈનિકો અને ઘર પરના ઘવાયેલી શરણાગતિના સફેદ વાવટાએ એ ધારણા પણ ખોટી ઠેરવી.

''હવે કોઈ યુદ્ધ નહિ થાય.'' અરે, હજ સાલેમ... યુદ્ધમાં એ બચી ગયા હતા..! ઈતિહાસની બધી વાતો એમણે જ તો છોકરાંઓને કરી હતી, વિદેશી યહૂદીઓ મારું રાચરચીલું ચોરી ગયા.'' બધી વાર્તાઓના ટુકડાઓને છોકરાંઓ રમતનાં ચોસલાં જેમ ગોઠવતાં. ''મેં બધું જોયું છે, દરેક યુદ્ધ ... એ લોકોએ આવીને આપણી જમીન છિનવી લીધી.. કાઢી મૂક્યા આપણી ધરતી ઉપરથી ને ફેંકી દીધાં કચરાના ઢગલા પર નિર્વાસિતોની જિંદગી જીવવા.'' એમની વાર્તા સૌની કહાણી હતી. પેલેસ્તાઈનનો ઈતિહાસ, લોકસંગીત ને કહેવતો, ગામ, ખેતર ને બગીચા એમણે તો જીવંત કર્યા હતા. બધાંની આંખ સામે ''નેવું વર્ષના તો હશે જ.'' લામ્યા માનતી. બોખા હજ ખરેખર તો માત્ર સાઠની આસપાસ હતા. માથે બાંધવાના કાળા-ધોળા રૂમાલ (સ્કાર્ફ) સાથેના પરંપરાગત હજ જ્યારે બોખું હસી પડતા ત્યારે સૌ બાળકોને જબરી મજા થઈ પડતી. કાયમ મોટાં કુટુંબોમાં રહેતા આરબોમાં એ જ માત્ર

એકલા હતા...! ૧૯૪૮ના નકબે (વિનાશ)માં એમનાં બધાં સંબંધીઓ માર્યાં ગયા હતાં એવી વાત હતી, પણ એ ખુદ ક્યારેય એ વિશે નહોતા બોલ્યા. દાદા યેહ્યાના એ ખાસ મિત્ર. પહેલીવાર એમણે જ આમલને એના ખોવાયેલા ભાઈ ઈસ્માઈલ વિશે વાત કરી હતી, ''બસ, એ અચાનક ગાયબ થઈ ગયો ... ને ત્યારથી તારી મા સાવ બદલાઈ ગઈ.'' જીવતા હતા એ હજ...! હવેની જિંદગી મિલિટરીના તાબા હેઠળ હતી. સાવ બદલાયેલું હતું જીવન પણ આમલને હુદા અવિભાજ્ય.. મા સતત બંદગી કર્યા કરતી, અને આ બંને એકમેકને સાચવતાં, હસતાં ને રોઈ પડતાં.

બૂમ સંભળાઈ, ''યુસેફ જીવે છે.' આમલ અને માને બાબાના હોવાની પણ આશા બંધાઈ. પહેલા પગારમાંથી બાબાએ માને આપેલો રેશમનો રૂમાલ બાંધીને એ બહાર દોડી ગઈ. એ જ રૂમાલ જે માના ગયા પછી આમલે યાદગીરી તરીકે સાચવી રાખ્યો હતો. પણ ત્યારે તો આવ્યો હતો માત્ર યુસેફ ... બાબાના કોઈ સમાચાર પણ નહિ...

સતત દુશ્મનોના પહેરા નીચે જેનિનના લોકોની જિંદગી જેલમાંના કેદી જેવી બની ગઈ હતી. પોતાનાં ઘરની તો શું પણ હવે કોઈ ઝંખના હતી તો કેવળ આઝાદીની..!

નાનપણથી જ હુદા હંમેશા આમલને પડખે રહી છે. લોકો કહેતાં કે એની આંખોમાં એક 'દૈવી ચમક' હતી. એ બંને સાથે જ શાળાએ જતાં-આવતાં, ઝાડ ચડતાં-પડતાં, ધીંગામસ્તી કરતા... એક વાર હાથ ભાંગેલી એક ઢીંગલી એમને કચરામાંથી મળી હતી. 'વર્દા' નામ પાડ્યું હતું અને એનું નાનું ઘર પણ બનાવ્યું હતું. બીજી બહેનપણીઓ આ બંનેની એ 'દિકરી'ને જોવા આરબ રિવાજ મુજબ ભેટ-સોગાદ લઈને આવતી..! આમ, ૬૭નાં યુદ્ધથી ત્રણ વર્ષ પહેલાથી જ હુદા આમલને ઘેર રહેવા આવી ગઈ હતી. એનું કારણ હતું એના પિતા હુદા આઠ વર્ષની હતી ત્યારે એમણે એની સાથે 'ન કરવા જેવું' કંઈક કર્યું હતું. જ્યારે આમલે એ વાત બાબાને કરી, ત્યારે એમણે ખૂબ ગંભીર થઈને એ વાત ત્યાં જ દબાવી દેવા કહ્યું અને પછી હુદાના પિતાને કાઢી મૂક્યા ને એને ઘરે રાખી લીધી હતી. ત્યાર પછી આમલે સીધું ૬૭નાં યુદ્ધ વખતે એમનું શબ જોયું હતું જે એણે હુદાને ક્યારેક ન જણાવ્યું.

મા એની ખાસ બહેનપણી અબ્દુલ્લાની મા સાથે બધાંની રાહ જોતી ઊભી હતી. સરખી રીતે દેખાય એટલે આમલ ને હુદા છત પર ચડ્યાં - બધા નિર્વસ્ત્ર દેખાયા...! કપડાંય નહોતાં છોડ્યાં યહુદીઓએ .. નજીક આવતાં એમનાં શરીર પરના ઘા પણ દેખાવા માંડ્યા હતા. નહોતા દેખાતા તો માત્ર બાબા... એમની ગેરહાજરી ઘેરી લાગવા માંડી હતી. એમના વિના દરેક સવારનો ખાલીપો દરિયાની બધી માછલી અને ધરતી ને આકાશ અને બધાં વૃક્ષો ને પક્ષીઓથીય વધુ મોટો બની ગયો હતો.

મા પણ જાણે સાવ ચિમળાઈ ગઈ હતી. વારંવાર ચિત્તભ્રમ થઈ જતો. ખાધા-પીધા, નાહ્યા-ધોયા વગર માત્ર બંદગી કર્યા કરતી. દુઃખના અતિરેકની દુર્ગંધ પ્રસરતી એનામાંથી...! યુદ્ધ સમયે બધાં જ્યારે ભાગ્યાં ત્યારે પોતાની દીકરીનાં 'એક માત્ર ઘર'ને ન

છોડવાની એક ખેડૂત સ્ત્રીની જીદ સાથે અડીખમ રહી હતી એ. આ માને એ દિવસે સારવારના તંબૂમાં એકલી છોડી દેવા માટે ક્યારેય માફ ન કરી શકી આમલ પોતાની જાતને.

બાબા ગુજરી ગયા હશે એવું પોતે માની નહોતી શકતી ને મા જીવતી હતી ત્યાં સુધી ઈસ્માઈલની જેમ બાબાની પણ પાછા આવવાની રાહ જોતી રહી. ઊંચા, પડછંદ, પ્રેમાળ અને કાળા-ધોળા રૂમાલમાં સૌથી જુદા દેખાઈ આવતા એ બાબાની, જેને માએ ખૂબ ચાહ્યા હતા.

દરવીશ કાકા ને બીજા કેટલાય તો પહાડોની ગુફામાં આશરો લઈને મહિનાઓ પછી પાછા ફર્યા. એ દિવસે યુસેફ પાછો ફર્યો. કોઈએ આપેલાં કપડાંમાં … અબ્દુલ્લા નહોતો બચી શક્યો. પણ એની માએ એને શહાદત તરીકે સ્વીકારી. યુસેફના ભાઈબંધ જમાલને યહુદીઓએ એક 'જીવંત' ઉદાહરણ તરીકે બધાંની સામે ગોળી મારી દીધી હતી. યુસેફ શું કહે એની માને?!

બે ઘડી કર્ફ્યુ ભૂલીને જે બધાં આનંદમાં શેરીઓમાં આવી ગયાં હતાં, એ ધીરેધીરે પરત ફરેલાંઓને લઈને પોતાના મુકામે પાછા ફર્યા. સાવ નબળા પડી ગયેલા અમીન, ફારૂક, મહમુદ અને યુસેફ માટે આમલે કાવો બનાવ્યો. એની સામે જોઈ રહેલી ભાળીને યુસેફે આમલને એની બાથમાં લઈ લીધી. ફરી પળવાર માટે બધું એક ખરાબ સપનું લાગ્યું.

યુસેફનો અવાજ અને વ્યક્તિત્ત્વ એક નવું રૂપ લઈ રહ્યાં હતાં. તેજ અને તીવ્ર … આમલે એને કહેતાં સાંભળ્યો, ''એ જ હતો … ચહેરા પર એ જ જખમનું નિશાન … એ જીવે છે એક યહુદી 'ડેવિડ'નાં નામે!''

આમલના જન્મનાં સાત વર્ષ પહેલાં ખોવાયેલા ભાઈ જેવા એક યહુદી સૈનિકને જોયો હતો યુસેફે. બરાબર એના જેવી જ ઈજા સાથે …!

૩. ડેવિડનો જખમ - ઈ.સ. ૧૯૬૭

પહોળા ખભાવાળા ડેવિડને જમતો જોઈ જોલાન્તાને લાગ્યું, ક્યારે આટલો સમય વીતી ગયો..! એક બાધેલાં નાનાં પોટલાં જેવો લાવ્યો હતો મોશે એને…! એ જ નાનકડો જીવ આજે જોલાન્તાનાં કપાળને ચૂમીને કહેતો હતો, ''મા, હું તને ખૂબ ચાહું છું.''

સાત વર્ષનો થયો ત્યાં સુધી જોલાન્તાએ એને પોતાની મરજી મુજબ ખૂબ સજાવ્યો-ધજાવ્યો હતો. પછી એની 'ના' પર પણ જોલાન્તા ઓવારી જાતી..! પહેલીવાર જ્યારે એ મિત્રો સાથે એકલો બહાર રોકાયો હતો ત્યારે, ફરવા ગયો હતો ત્યારે, અને પાર્ટીમાં ગયો હતો ત્યારે પણ કેટકેટલી ચિંતા કરી હતી પોતે…! અઢારનો થયો ત્યાં સુધી એ હંમેશ ડરતી કે કોઈ કહી ન દે કે એ સાચ્ચે જ જોલાન્તાનો દીકરો નથી.

પોતાની મરજી વિરુદ્ધ ડેવિડને આર્મીમાં મોકલવો પડ્યો હતો. આખી દુનિયા જ્યારે યહુદીઓ માટે મૃત્યુ છાવણી બનાવી રહી હતી, ત્યારે દરેક યહુદીની એનાં રાષ્ટ્ર પ્રત્યેની કાંઈક ફરજ હતી. સિરિયાને યુદ્ધ માટે અને ગોળીબાર માટે ખાસ સામે ચાલીને ઉશ્કેરવા જનરલ મોશેએ એ લોકોને ગોલાન મોકલ્યા હતા. પણ ડેવિડને હાથમાં નાની ઈજા થતાં, એ ઘેર આવી ગયો.

જોલાન્તા તો જાણે ધબકારા ચૂકી ગઈ. આવતાં વેંત એના માટે બનાવેલી ખાસ વાનગી પીરસી. ૧૯૪૮ના જુલાઈથી જોલાન્તા એને હકીકત જાહેર કરી દેવા માગતી હતી, પણ આ ઈજા પછી એને ગુમાવવાનો વિચાર પણ એ સહન ન કરી શકી.'' એ મારો દીકરો છે, અને એનું સત્ય એ જ છે.'' ને એક નિરુપદ્રવી પતંગિયાં જેવું રહસ્ય ફરી પીંજરે પૂરાયું..!

ઈ.સ. ૧૯૬૭ - મોશેનાં મનનું ભૂત

ઘેર પહોંચે ડેવિડને હજી એક કલાક પણ નહોતો થયો, ત્યાં એનો મિત્ર યારેલ દોડતો કોઈ આરબ કેદીના ખબર લઈ આવ્યો, ''એટલો માર્યો, છતાં હરામી મર્યો નહિ.'' આડુંઅવળું બોલતાં એણે ઉમેર્યું, ''તારે એને જોવો જોઈએ, ડેવિડ. એ આરબ જાણે તારો જોડિયો લાગે છે...!''

ડેવિડે નવાઈ પામતાં પૂછ્યું, ''એક બિનયહુદી મારા જેવો?!! તું બેસ, ને માએ બનાવેલી મિઠાઈ ખા...'' અરે, તારો આ જખમ ન હોય, તો તમારા ચહેરા એકદમ સરખા છે.''

બીજે જ દિવસે ડેવિડ એ કોટડીમાં ગયો જ્યાં બીજા પંદર માણસોની સાથે યુસેફ પણ બંધાયેલા હાથે ને ઢંકાયેલા ચહેરે ટૂંટિયું વાળીને નિર્વસ્ત્ર બેઠો હતો. રામલે જેલમાંના યુદ્ધ પછી અમસ્તાં પકડેલા થોડા બંદીઓમાંનો એક...!

અસહ્ય માર પડવાથી સૂજી જવાને લીધે યુસેફનો ચહેરો બરાબર દેખાયો નહિ. ગુસ્સે થઈ ગયો ડેવિડ. પણ યારેલે એનો સોજો ઉતર્યા પછી ફરીવાર જોઈ જવા કહ્યું.

ઘરે આવીને એ જોડિયા દેખાતા આરબની વાત ક્યારેક જ સાથે જમતા, ડેવિડે મોશેને કરી. રસોડામાં જોલાન્તાના હાથમાંથી થાળી છટકી ગઈ, ''હવે તું ફરીથી એ જેલમાં નહિ જાય.'' ''જવા દે એને જોલાન્તા ... એક દિવસ તો એ જશે જ.'' .. અને મોશે ઊભો થઈ ચાલી નીકળ્યો થોડે દૂર શેરીના વળાંકે આવેલાં એનાં આશ્રયસ્થાને ... દારૂનાં પીઠાં પર ...

વર્ષો પહેલાં એણે જોલાન્તેને આપેલી પેલી 'નાનકડી ભેટ' હવે ખૂબ વજનદાર થઈ ગઈ હતી, પોતે ખમી ન શકે એવડી ... પંતગિયાં જેવું નહિ, પણ પિશાચ જેવું હતું એ રહસ્ય.. એક સુંદર આરબ સ્ત્રીના ચહેરાવાળું, જેણે એને ઘેટાનું માંસ જમાડ્યું હતું, જે આજ લગી એનાં માથામાં ''દીકરા ... મારા દીકરા..'' એમ પડઘાતું રહ્યું હતું.

મોશેએ તો માગી હતી પૂર્ણતા : એક માતૃભૂમિ, એક પત્ની ને એક પરિવાર માત્ર, ... એ લડ્યો હતો યહુદીઓને બચાવવા ખાતર. પણ એની સામે આવ્યાં હતાં - દેશવટો,

ખૂન, અત્યાચાર, બળાત્કાર. છિનવાઈ ગઈ હતી શાંતિ એના જીવનની અને એ પીતો રોજ પોતાના મનના એ પિશાચને શાંત કરવા ... ખૂબ પીતો પોતાની એ પીડા શમાવવા...

થોડા દિવસે ડેવિડ ફરી યારેલ સાથે જેલનાં દવાખાને ગયો. સોજા ઘટ્યા હતા યુસેફના ... ઓળખ માટે લાલ રંગ લગાડેલા એના હાથમાં ત્યારે નળી વાટે લાલ પ્રવાહી જઈ રહ્યું હતું...! અને ડેવિડ યુસેફનાં શરીર વચ્ચેની છ ઈંચથીય ઓછી જગ્યામાં સમાયાં હતાં. લગભગ વીસ વર્ષો, એક યુદ્ધ, બે ધર્મ, એક જખમ અને પાંખો ફફડાવતું એક રહસ્ય...!

ડેવિડે એની નાડી તપાસી, ધબકતી હતી. યુસેફની પીડાનાં પડને ડેવિડના જખમે દૂર હટાવ્યું. વીસ ક્ષણો .. જાણે વીસ શાશ્વતી ... અને ડેવિડનાં મનમાં ઘૂંટાતા પ્રશ્નો. ''ભૂલથી યહુદીને પકડ્યો હશે? મારો કોઈ સગો હશે?'' ''ઈસ્માઈલ..!!'' યુસેફની આંખમાંથી એક આંસુ સરી પડ્યું ને ડેવિડને અડવા ઉપાડેલો હાથ પણ ...

ઈ.સ. ૧૯૬૭ - પુરૂષ : યુસેફ

''હું બદલી ગયો ... હાજેએ નામથી બોલાવ્યો ત્યારથી .. બાબાએ હાથમાં પહેલીવાર પિસ્તોલ પકડાવી ત્યારથી...'' યુસેફને ભયથી કાંપતી એની બહેન પાસે જવું હતું.. શોધવી હતી પ્રેમિકા ફાતીમાને. મા પણ જવાની ના પાડતી હતી. ફાતીમા તો કાકાને ત્યાં રામલ્લામાં જ સલામત હતી.

પછીના દિવસોમાં એ ઘેરાઈ ગયો આગ અને નાસભાગ વચ્ચે. પિસ્તોલ ઉપાડી તો ખરી, પણ કોઈનો જીવ ન લઈ શક્યો. કદાચ પોતાનો ગુમાવવાની બીકે ... બે હાથ ઊંચા કરી શરણાગતિ સ્વીકારી. એક યહુદી સૈનિક ખૂબ ધ્યાનથી એનો ચહેરો જોતો રહ્યો, જેનું કારણ એને પાછળથી સમજાયું. પણ એ સમયે તો કાયમ એની સાથે રમતા એના મિત્ર જમાલને કેવી રીતે કોઈ 'ઉદાહરણ' બનાવી શકે, એને બિલકુલ ન સમજાયું...!

અનેક વાર વાપરેલ શબ્દ 'દાખલા તરીકે'નો આવો ભયંકર દાખલો...! આવો અર્થ અને ઉપયોગ..! માત્ર સોળ વર્ષના જમાલને કેવી બેરહમીથી એની સામે રહેંસી નાખવામાં આવ્યો. સત્તા સામે, સત્તા માટે શબ્દ પણ શું આટલો નબળો, એકી સાથે નિષ્ઠુર ને નિર્દય એકી સાથે બની જતો હશે...!

ઈ.સ. ૧૯૬૭ - કેદી : યુસેફ

સાવ અમાનવીય પરિસ્થિતિમાં અસહ્ય યાતના વચ્ચે જો યુસેફના શ્વાસ ટકી રહ્યા હોય, તો માત્ર ફાતીમાના પ્રેમને લીધે. પીડાથી લગભગ બેભાન જેવા યુસેફે ફાતીમાએ નાખેલાં જાસ્મીનની સુગંધ અનુભવી. ભરબજારે, લોકોનાં ટોળા વચ્ચે જ્યારે ફાતીમા એની સામે મસ્તીભરી નજર નાખતી, કેવી માદક લાગતી...! યાદોમાં સચવાયેલો એનો કાગળ યુસેફ વાંચવા લાગ્યો, ''વ્હાલા, અમે જેરુસલેમ જઈએ છીએ. બહુ યાદ કરું છું તને ... કાલે આપણી જગ્યાએ મળીએ..''

સિપાહીઓના અવાજ સંભળાયા, કોઈએ નાડી તપાસી... યુસેફ ફાતીમા તરફ વળ્યો. ખુલ્લાં આકાશ તળે આબુની વાડીમાં... બંને એકબીજામય ... સંસ્કાર અને પરંપરાને પ્રેમ માટે, યુસેફ માટે કોરે મૂકી ફાતીમાએ તે દિવસે યુસેફને પોતાનું સર્વસ્વ સોંપી દીધું હતું. યુસેફ એની સુંદરતા ઘૂંટડે-ઘૂંટડે પીધી હતી અને મનોમન અલ્લાહની સાક્ષીએ એને જીવનભરના સાથનો વાયદો પણ દીધો હતો...!

યુસેફને ઢંઢોળીને સિપાહીઓ દવાખાને લઈ ગયા. થોડી સારવાર પછી આંખ ખુલી તો સીધી ઈસ્માઈલના જખમવાળા ચહેરા સામે..! ''અરે બાબા, ક્યાં છો તમે?! મારો ભાઈ, ઈસ્માઈલ જીવે છે. યહુદી સિપાહી છે.''

.. અને યુસેફ પાછો ફરે છે વેરવિખેર છાવણીમાં ... પથ્થરસમી મા પાસે અને જેનો દીકરો જમાલ 'દાખલો' બની ગયો એ મા પાસે. બાબાની રાહ જોતી આમલ પાસે .. લઈ લે છે આમલને પોતાની બાથમાં.. બાબા ક્યારેય નહિ મરે, એવા એ શું મરી ગયા હશે?! ને મનમાં જાગે છે રૂમી, જીવનનો એક હિસ્સો જીવન છોડે કેમ?

છોડે કેમ ભીનાશ પાણીને? સંતાપે છે જે, એ જ શમાવે છે.''

ઈ.સ. ૧૯૬૭ ફરી મળે છે ભાઈઓ ...

પાંચ ઈઝરાયેલી સિપાહીઓ એમની રોજિંદી (!) ક્રૂરતા માટે બર્તા નજીકની ચેક પોસ્ટ પર તૈનાત હતા. અચાનક પેલેસ્તાઈનવાસીઓને અમેરિકાથી ઈઝરાયેલ આવી ગયેલ એક સિપાહીએ અટકાવ્યા. ડેવિડ જીપમાં બેઠો-બેઠો તરબૂચ આરોગતો હતો, ત્યાં જઈને એના 'જોડિયા દેખાતા આરબ'ને જોવા આવવા કહ્યું.

ડેવિડનાં મનમાં જોલાન્તાનું પતંગિયું અને મોશેનો પિશાચ સાથે સળવળી ઉઠ્યાં... મન તો થયું પેલાને લાત મારી દેવાનું, પણ જીપમાંથી ઉતરી એ તરફ ગયો. અને સમાન હડપચી, એક સરખાં ખંજન અને ભરાવદાર હોઠનાં સરખાપણાંનો બેય પુરૂષો તાકી રહ્યા, ''ઓ આરબ, છો કોણ તું?'' ''ઈસ્માઈલ ... તું યહુદી કેમ બની ગયો?'' યુસેફે તો નામ પણ પૂછી જોયુ, ને પેલો અમેરિકી-ઈઝરાયેલી હસી પડ્યો એના પર..

પતંગિયાનાં ફફડાટ અને પિશાચી મનથી ડેવિડે એક તમાચો લગાવી દીધો યુસેફને અને પછી એ બેભાન ન થયો ત્યાં સુધી જાણે તૂટી જ પડ્યો એના પર..! અમેરિકને ડેવિડને માંડ આઘો હડસેલ્યો, ''નકામા આપણે સરહદ પરની જાનહાનિના કાગળિયા કરવા પડશે....!''

હાંફવા લાગ્યો ડેવિડ ... અને યુસેફ લોહીયાળ ...

ઈ.સ. ૧૯૬૮ - યોદ્ધો : યુસેફ

યુસેફને ડર હતો કે મારને લીધે ક્યાંક પોતે નપુંસક ન બની જાય! દુઃખતું શરીર નહિ માત્ર, મન પણ ... જ્યારે એ ફાતીમાને જોતો. સામનો જ નહોતો કરી શકતો એનો. એની પાસે જાય તોય કેમ કરીને?!

નાની બહેન આમલ હુદા સાથે શોધવા નીકળતી એને ગલીઓમાં ... એનાં જીવનમાં બાબાની ખોટ પોતે શી રીતે પૂરે?!

મા ઘસાઈ રહી હતી .. સિપાહીઓ પાછળ જ હતા, અને પોતે ખોડવાળો - નકામો થઈ ગયો હતો પોતાનાં લોકો માટે. મરી જ જવું જોઈતું હતું .. પણ કશુંક ધખતું હતું અંદર ... તૂટવા નહોતું દેતું એને. પ્રેરતું હતું લડવા માટે.

ઈ.સ. ૧૯૬૭-૬૮

૧૯૪૮ની સાલે જે હસન સાથે કર્યું, એ યુસેફ પર વીતાવ્યું ૧૯૬૭ના ઈઝરાયેલના હુમલાએ અને પશ્ચિમ કિનારા પરના એના ધીમા કબજાએ. અનિશ્ચિતતાથી ઘેરાયેલી એમની કિસ્મતને અને જીવનને સિપાહીઓ જ દોરી રહ્યા હતા.

યુસેફ એના પિતા જેવો થતો ગયો, શાંત, ઓછાબોલા સ્વભાવનો અને વધારે ચિંતનમાં રહેનારો. બેથ્લેહેમની નોકરી છૂટી પછી સંયુક્ત રાષ્ટ્રની જે શાળામાં હસન દરવાન હતો, એમાં પોતે શિક્ષક તરીકે જોડાયો. અને એમની જેમ જ મા અને આમલ ઉઠે તે પહેલાં ઘર છોડી દેતો અને મોડી રાતે પાછો ફરતો. શાળા પછી બાબાનું ગેરેજ સંભાળતો. ક્યારેક બેઈત જવાદ કોફી હાઉસમાં હુક્કો પીવા બેસતો. પણ દર શુક્રવારે જુમ્માની નમાજ પછી અચૂકપણે, એક પોસ્ટ પરનું અપમાન સહીને પણ, એ દૂર ટેકરીઓ પર કોઈ વૃક્ષની છાયામાં બેસીને પુસ્તક વાંચતો, બાબાની જેમ .. અને આમલ પણ પરોઢિયે વાંચતી બાબાની યાદને જીવંત રાખવા. આમ બંને બાબા સાથેનું અનુસંધાન જોડેલું રાખવા મથતાં.

છ મહિનામાં તો યુસેફે તમામ પ્રકારની માનહાનિ અને અત્યાચારો સહન કરી લીધા હતા. સ્ત્રીઓ અને વિદ્યાર્થીઓ સામે નિર્વસ્ત્ર થવાના અને એક સિપાહીના પગ ચૂમવાના. આ બધું એ પોતાની અંદર સમાવી લેતો. દાલિયાની જેમ .. આ રીતે જેનિનનું એમનું ખોરડું સાવ શાંત થઈ ગયું.

બાકીનાં પેલેસ્તાઈનવાસીઓ માટે પણ જીવન અને મૃત્યુ લગભગ સમાન થઈ ગયાં હતાં, ઉલટું મૃત્યુને એ લોકો શહાદત ગણીને ઉજવતાં ... ! દુઃખથી માનભેર છૂટકારો...! આમલને પણ ક્યારેક આવા વિચાર આવી જતા. યુસેફ ભાવશૂન્ય બની ગયો હતો.

આમલ ઈચ્છતી કે યુદ્ધ પછીના ચાલીસમા દિવસની જેમ યુસેફ એને પાસે બોલાવે, વાત કરે, ભેટે ... પણ ડેવિડના માર્યા ગયા પછી યુસેફે પોતાનાં દિલનાં કમાડ જ વાસી દીધાં હતાં. ફાતીમા માટે પણ ...!

બીજી તરફ મા આખો દિ’ પડછાયાઓ સાથે વાતો કરતી રહેતી. હંમેશ એની પડખે રહેતી અબ્દલ્લાની મા, એની બહેનપણીની આમલે એ સમયે કોઈ નોંધ નહોતી લીધી. પણ માનાં મૃત્યુ પછી એને સમજાયું હતું એમની મિત્રતાનું મહત્ત્વ, સાવ કથળેલી માનસિક હાલત વખતે એણે માને આપેલો ટેકો.

યુદ્ધ પછી હુદા એની મા અને ભાઈ સાથે રહેવા ચાલી ગઈ હતી. આમલે હવે ઘરની જવાબદારી ઉપાડી લીધી. મોટી થતી આમલની, 'આવી છોકરી'ની લોકો દયા ખાવા લાગ્યાં હતાં. એક જુમ્મે અચાનક યુસેફ ઘર આવ્યો અને ફાતીમા માટે એક કાગળ આપી જવા લાગ્યો. પણ આમલે પ્રેમથી બનાવેલા ઘેટાં, રિંગણ અને આદુના રસવાળા ભાતના જમણે એને રોક્યો. બધાં સાથે જમ્યાં.

પછી હુદા અને આમલ 'જૂના મજાના દિવસો'ની જેમ ફાતીમાને ત્યાં યુસેફનો કાગળ દેવા ઉપાડ્યાં. બંનેને આવતાં જોઈને જ હરખાયેલી ફાતીમાંના ઘરમાં જાણે અજવાળું પથરાઈ ગયું. એમને ચા-બિસ્કીટને હવાલે કરી, પોતે કાગળમાં ખોવાઈ ગઈ.

એટલામાં, એના ઘરના સોનેરી ધારવાળા મોટા અરીસામાં આમલે પોતાનાં શરીરમાંના સ્ત્રીત્વના ઉભારને જોયો. રોમાંચિત થઈ ... પણ અચાનક ફાતીમાનાં ડૂસકાંથી એ તરફ દોરાઈ. દુઃખી ફાતીમાએ બંનેને જતા રહેવા કહ્યું. બંને નીકળી ગયાં. બર્તા તરફથી પોતાનાં 'વર્દાનાં ઘર' પાસે પહોંચ્યા. વર્દા ન મળી...! પોતાની ઢીંગલી ગુમાવ્યાનું દુઃખ બેયને સગાં મા-બાપ જેવું લાગ્યું, પણ એક જીવતી-જાગતી, શ્વસતી ઢીંગલી આયેશાનું મૃત્યુ જોયા પછી એ આનો શોક ન કરી શક્યાં...

પશ્ચિમ કિનારે થઈને, હજી જે લીલોછમ્મ હતો, બંને ચેક પોસ્ટ પહોંચ્યા. એમના કાગળિયા તપાસવામાં આવ્યા. એક સમયના પોતાના જ પ્રદેશમાં આવવા જવા પણ દરેકને ૧૯૬૭ પછી લાલ, ગુલાબી, લીલા, પીળા પરવાનગીના કાગળિયા રાખવા પડતા...! પૂછપરછ દરમિયાન સામે જેનિન ગામનો વતની અને જુદા-જુદા પ્રકારની બ્રેડની બેકરીવાળો ઓસામા દેખાયો. સિપાહીના મારથી લંગડાતો એ ચાલવાનો પ્રયત્ન કરતો હતો, ત્યાં આમલ ને હુદાએ થોડો ટેકો આપ્યો.

ખબર નહિ કેમ, પણ એને જોઈને એ દિવસે આમલને ઉત્તેજના જેવું કંઈક થવા લાગ્યું. પણ ઓસામાનું ધ્યાન તો હુદા તરફ હતું...! આમલની ઉત્તેજના ને સંકોચ તરત જ ઈર્ષ્યામાં ફેરવાઈ ગયાં..

ઓસામાના જ વિચારમાં ઘરે પહોંચી તો યુસેફ માનો હાથ પકડીને બેઠો હતો. 'થોડી વારમાં આવીશ' એવું કહીને એ ગયો અને માએ આમલના વાળ ચૂમીને, આખરે એક માનાં હેતથી કહ્યું, ''યુસેફ જાય છે'' અને ફરી એ સરી પડી પોતાની ગહરાઈમાં ...

આમલને લાગતું હતું કે સિપાહીઓ યુસેફને શોધી રહ્યા છે. કેટલાય એમને એમ ચાલ્યા ગયા હતા હાથકડીમાં અને આંખે પાટા બાંધેલી હાલતમાં, અને ક્યારેય પાછા નહોતા ફર્યા. એ દોડી ગઈ બહાર ...ધ્રૂજતાં શરીરે અને વહેતી આંખે ... કાંઈક અણછાજતું બનવાનો ભય એને ઘેરી વળ્યો.

ઈ.સ. ૧૯૬૮

આમલ પહોંચી ગઈ વૃક્ષની એ હરોળની પેલે પાર... ઓલિવની વાડીમાં ... જાણે ઓસામાની બાથમાં હોય એમ ભીડી લીધી પોતાની જાતને. પરોઢિયે સીધી ઝાકળ વચ્ચે જાગી .. ચોતરફ જોયું તો હતી લીલોતરી અને વડીલો જેવાં ઓલિવ વૃક્ષો-ઘટાટોપ, કરચલીવાળાં, નમી ગયેલાં અને પોતાની ડાળીઓ બધી દિશાઓમાં ફેલાવીને આવકારતાં ... સદીઓથી લીલોછમ્મ પ્રદેશ જેને પેલાઓ 'રણ જેવો સૂક્કો' કહેતા..! આમલને દૂરથી દેખાયાં આરબ મકાનો ... નિર્જન, ભેંકાર ...

આમલ પોતાના શરીરના બદલાવની ઉત્તેજનામાં તો હતી જ અને ત્યાં સ્ત્રીત્વના ઉંબરનું બીજું ચિહ્ન - એનો માસિકસ્ત્રાવ - પણ આવી ગયો. કોઈ જાદુઈ પૂર્ણતા અનુભવવા લાગી આમલ ... થયું કે યુસેફ પણ નહિ જ ગયો હોય, જોઉં ... ને ત્યાં જ સિપાહીએ અટકાવી હદ ઓળંગવા માટે...! કાગળિયા તપાસી જવાની રજા ન આપી. ... ભાગતાં-ભાગતાં એક ધડાકો સંભળાયો, હાથ-પગ- લોહિયાળ ... એક ચિત્કાર ...ગોળી છૂટી હતી આમલ પર ...!

આંખો ખૂલી ત્યારે એ હોસ્પિટલમાં હુદા, ફાતીમા, મા અને અબ્દલ્લાની માની વચ્ચે હતી. હજ સાલેમ, જેક અને દરવીશકાકા ચિંતામાં બહાર બેઠા હતાં. ભાન આવતાં આમલ ઓસામા, યુસેફ, બાબા બધાંને ઘડીભર ભૂલી ગઈ - યાદ આવી તો માત્ર દાલિયા -રંગીન, ઉત્સાહી, હિંમતવાળી એ ચંચળ બિદુવિન દાલિયા - જેની આગ બળતા સળિયાએ હોલવી નાખી હતી અને જેનું ભાન અસંખ્ય મૃત્યુ અને યુદ્ધોએ...! આમલનું ઓપરેશન થયું હતું. દરમિયાન યુસેફ જતો રહ્યો હતો, 'વ્હાલી આમલ, તને ભણાવવાનું અને માને સારી રીતે રાખવાનું બાબાને આપેલું વચન હું પાળી ન શક્યો... ઈઝરાયેલ યુદ્ધ અટકાવશે ને આપણે ઘરે પાછાં ફરશું, એવો મારો ભ્રમ ભાંગી ગયો છે. હું રોજ આ મૃત્યુ નહિ જીરવી શકું...! એના કરતાં હું લડવાનું વધારે પસંદ કરીશ... મારાં મૃત્યુને શહાદત માનજો.... તારો જન્મ ભલે એક નિર્વાસિત આશ્રિત તરીકે થયો, પણ તારું મૃત્યુ એવું ન બને એ માટે હું જાઉં છું. માની મોટી જવાબદારી તને સોંપું છું. દરવીશકાકાને થોડી બચત આપતો જોઉં છું. સંભાળ રાખજે. ફાતીમાને મળતી રહેજે, એ તને ખૂબ ચાહે છે - યુસેફ....''

અને એ ૧૯૬૮ની વીસ જાન્યુઆરીથી આમલ ખરેખર નિરાધાર બની ગઈ...!

ઈ.સ. ૧૯૬૭-૬૮

જોર્ડનનાં લીલાંછમ્મ ગામ કરામેહની બહારની ટેકરીઓ પાસે એક એન્જિનિયર યાસેર અરાફતની આગેવાનીમાં ચાલતાં સંગઠન 'ફતેહ'માં યુસેફ જોડાઈ ગયો. એ બધા 'પેલેસ્તાઈન મુક્તિ સંગઠન' (PLO) નો એક ભાગ હતા, જેનું વડું મથક કરામેહમાં હતું.

એમને નાબૂદ કરવા ઈઝરાયેલીઓએ ત્યાં ચડાઈ કરી. બપોર સુધીમાં કરામેહ નાબૂદ થઈ ગયું, પણ આ બધા યોદ્ધાઓ એમની તૈયારીથી ઈઝરાયેલીઓને ભગાડવામાં સફળ રહ્યા

અને ઈઝરાયેલનું ‘અજેયપણું’ પરાજિત થયું..! યુરોપ અને સોવિયેત યુનિયનમાં આરબોની પ્રશંસા થઈ અને યુવાનોમાં આ ઘટના નબળાં લોકોની શક્તિ-ક્રાંતિ તરીકે વખણાઈ.

જેનિનનાં બેઈત જવાદ કોફી હાઉસમાં રેડિયો ગાજી ઊઠ્યો. યાસેર અરાફતે દુનિયાને આરબોની તાકાત બનાવી દીધી. ‘યુસેફ લડતાં ઘવાયો’ના સમાચારથી બધાને ગૌરવ થયું.’ યુસેફ અબુલહેમ .. જેનિનનો ખુદનો લડવૈયો....!’’ ભગવાન સૌથી મોટો છે, અલ્લા હો અકબર’ના નારા સાથે એ રાત ઉત્સવ બની ગઈ. ફરી એ ભોળાં લોકો સ્વપ્નમાં સરી પડ્યાં. ‘સરસ પલંગ...’, ‘‘રમવાનું મેદાન..’, ‘સાઈકલ’. ‘સિપાહીઓ વગરનું ગામ..(!)’ અને યાદી લંબાતી ગઈ. હુદા માટે તો ‘દરિયા કિનારે શાંતિથી બેસવું’ બસ, એ જ સપનું..

બધા આરબ દેશોમાં ‘પેલેસ્તાઈન મુક્તિ સંગઠન’ની પ્રશંસા થઈ. માણસોનાં ટોળે-ટોળાં એમાં જોડાવા લાગ્યાં. જેનિનથી પણ કેટલાક ગયા, પણ માત્ર પોતાની ધરપકડ માટે ... ઈઝરાયેલના બાતમીદારો ઠેર-ઠેર હતા...!

મહિના પછી પણ કર્ફ્યુ લંબાયો. છોકરાંઓનાં સપનાને ધૂળ ચડી ગઈ એ છાવણીની ... આખરે બહાર નીકળવાની છૂટ મળી, જ્યારે લામ્યા પણ શાળાએ જવા અધીરી થઈ ગઈ હતી...!

ઈ.સ. ૧૯૬૯

આ બાજુ લગભગ લટકી રહેલી બાલ્કનીમાં માની હાલત પણ સાવ એવી જ થઈ ગઈ હતી. નાનાં છોકરાંની જેમ હવે એને પોતડી જેવું (ડાઈપર) પહેરાવવું પડતું અને એ બધી જ જવાબદારી અબ્દલ્લાની મા, એની ખાસ મિત્રએ છેવટ સુધી નિભાવી.

કમર પાસેથી માંસનો લોચો નીકળી ગયેલાં પોતાનાં કઢંગા શરીરથી આમલને નફરત થવા માંડી હતી. એક પળે યુવાવસ્થાનો ઉંબરો ચડતી એ બીજી જ પળે અત્યંત કઠોર વાસ્તવિકતામાં આવી પડી હતી. એ સ્પષ્ટ માનતી કે આ બીજું કોઈ નહિ, પણ રૂઢિગત આરબ કોમની હોવા છતાં પોતાના આવેગ અને ઉત્તેજના પર કાબૂ ન કરી શકવાનાં પાપની એને થયેલી સજા હતી...!

આમલ પાસે કાંઈ હતું તો બાબાનું એને ભણાવવાનું એક સ્વપ્ન ... અને એ મંડી પડી પુસ્તકો ઉથલાવવા-સાહિત્ય, ઈતિહાસ, ગણિત, વિજ્ઞાન અને બીજું ઘણું ય. કોઈ છોકરાને ન ગમી શકે એવાં પોતાનાં ખંડિત શરીરને રાતે સ્પર્શતી અને પરોઢે, આદત મુજબ, બાબાની યાદમાં પુસ્તકોમાં ખોવાઈ જતી.

હુદા તો ત્યારે પણ એની પડખે જ હતી. પોતાને હુદાનાં શરીરની પૂર્ણતા ખટકતી! એના પસ્તાવાને ભૂલવા પોતે વાંચ્યે જતી, મા ઘસાતી જતી અને હુદા અને ઓસામા વચ્ચે પ્રેમની ગાંઠ મજબૂત થતી જતી.

સુંદર હુદાનાં છલકાતાં યૌવન પાછળ ઓસામા ગાંડો હતો અને સઘળે બને છે એમ, એમનો પ્રેમ લોકોમાં ચર્ચાનું અને છોકરાઓમાં અદેખાઈનું પાત્ર બન્યો હતો.

એવામાં, જૂનની એક ગરમ સાંજે, ભૂલાઈ ગયેલાં લોકોનાં કામચલાઉ રાષ્ટ્ર (!)માં, નાનકડા તંબૂમાં સાવ એકલી માએ એના છેલ્લા શ્વાસ લીધા... આમલ રોઈ ... એ મા માટે નહિ, પણ ઉલ્લાસથી થનગનતી અને જડવત્ થઈ ગયેલી એ દાલિયા માટે .. હુદા એની મિત્ર આમલ માટે રડી... માત્ર અબ્દલ્લાની મા પોતાની એ ખાસ બહેનપણી માટે રડી, દિલથી ... એ ત્રણેય રડ્યાં એક એવી સ્ત્રી માટે જેનો આત્મા એનું શરીર વર્ષો પહેલાં છોડી ચૂક્યો હતો...!

આમલને યાદ આવ્યો એ દિવસ જ્યારે પોતે મા સાથે એક પ્રસૂતિ કરાવવા ગઈ હતી. બાળક પેટમાં અવળું થઈ ગયું હતું, લગભગ મરવાની અણીએ હતું, અને માએ આમલને અલ્લાહની સાક્ષીએ એને સ્પર્શવાનો અને યોગ્ય જગ્યાએ લઈ આવવાનો પ્રયત્ન કરવા કહ્યું. અલ્લાહની મદદ અને માની હાજરીથી આમલના હાથ એવી રીતે ફર્યા કે બાળક જીવતું બહાર લાવી શકાયું...! એ દિવસે માએ ગૌરવભેર આમલને ચૂમી લીધી હતી,'' આજે આ તારે લીધે જ શક્ય બન્યું છે, મારી દીકરી ...!'' માનાં મૃત્યુની પળે આમલને લાગ્યું કે દાલિયા એને ચાહતી હતી.... ખૂબ પ્રેમ કરતી હતી...

છાવણીનાં બધાં લોક એની દફનવિધિમાં જોડાયાં, હરવીશકાકા એની કબર પાસે એકલા બેસી રહ્યા, જેના પગ ખનકતા એ બિદુવિન દાલિયાને ગુમાવ્યાનાં દુઃખમાં ...

આઈરિશ પેલેસ્તાઈનવાસી જેક કાકા, જે આમલને અંગ્રેજી શીખવતા રહેતા, જીવનને સહજ સ્વીકારતા, એમણે એક સમજદારને છાજે એમ શોક પ્રગટ કર્યો અને પછી આમલને દરવીશકાકાને ત્યાં આવવા કહ્યું.

જેની બીક હતી એ ભવિષ્ય આમલને નજર સામે દેખાયું. 'જરૂર આ અનાથ છોકરીનાં લગ્નની વાત હશે..' દરવીશકાકા, હજ અને જેક કાકા હુક્કો પીતા હતા, અને સાથે મોળો કાવો - આરબ રિવાજ મુજબ કોઈના શોક વખતે ખાંડ નથી વપરાતી..! બાહિમામાસી - માના સૌથી મોટાં બહેન પણ આવી ગયાં હતાં. બધાંએ, સાચી લાગણીથી આમલને પોતાને ત્યાં રહેવાની દરખાસ્ત મૂકી. પણ જેક કાકાએ જુદો જ પ્રસ્તાવ મૂક્યો- જેરુસલેમની એક શાળામાં-અનાથાલયમાં એને મોકલવાનો. આમલની ભણવાની ધગશ જોઈને એને ખૂબ સારું ભણાવવા ઈચ્છતાં હતાં એ લોકો... કઈ રીતે કહે આમલ કે, એ ધગશ ને હોંશિયારી તો પોતાનાં બેહાલ શરીરથી બચવા માટેની ભાગેડુવૃત્તિ હતી માત્ર ...!

એ બધાં ખરાં મનથી ચિંતિત હતા અને 'એના જેવી' છોકરી માટે આનાથી સારો પ્રસ્તાવ શો હોઈ શકે?! રાતે અનાથાલયમાં ફેરવાતી એ સંસ્થા દિવસે એક સારામાં સારી શાળા હતી અને આમલનું પરિણામ જોઈને એના પ્રવેશની પૂરી શક્યતા હતી. ત્યાંથી આગળ યુનિવર્સિટીમાં ભણવાની પણ તક હતી. હજે કહ્યું તેમ આમલના બાબા પણ એ જ

ઈચ્છતા હતા. ''મેં ઘણું જોયું છે'', હજે એમની આગવી અદામાં કહ્યું, ''આપણે બધાં જ એક ખજાના સાથે જન્મ્યાં છીએ, આપણું મન ને હૃદય. સમય ને સ્વાસ્થ્ય પ્રમાણે એનો ઉપયોગ કરીને એનો આદર નહિ કરીએ તો માત્ર અન્યાયનો ભોગ બનીને રહી જશું..'' એમની વાતોમાં રહેલું ડહાપણ અને ભારોભાર ઊંડાણ આમલને વર્ષો પછી સમજાયાં...

ત્યારે તો ''મને ખૂબ ડર લાગે છે'' કહીને આમલ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી હતી. બધાં સાથે મળીને એક થાળીમાં જમ્યા પછી આમલને જે ટેકો થયો હતો, એ સમય જતાં અમેરિકાની સંસ્કૃતિમાં આમલને બરાબરનું સાંભરવાનું હતું..

બાબા ન પરણ્યા એટલે દરવીશકાકાએ ન છૂટકે જેની સાથે પરણવું પડ્યું, એ પત્ની એની ટેવ મુજબ કાકા સાથે ઝઘડો કરી, છોકરાંઓ એમની પાસે રાખીને અવારનવાર પિયર ચાલી જતી. એ દિવસે પણ ઘેર નહોતી, એટલે રાતે આમલ દરવીશકાકા પાસે વાતો સાંભળવા બેઠી. એ રાતે એણે જાણ્યું કે પોતાના જન્મ પહેલાં, ઈઝરાયેલના હુમલા અને આ છાવણીથીયે પહેલાં આઈનહોદ નામનાં નાનકડાં ગામમાં દાલિયાનો પગ કઈ રીતે ભાંગ્યો હતો...! કાળા અરેબિયન ઘોડા ઉપર સફેદ પાઘડી પહેરીને બેઠેલો ફોટામાંનો એ દેખાવડો પુરૂષ કોણ હતો...! દાલિયાને ચાહતો અને એને પરણવા ઈચ્છતો એ પુરૂષ બીજો કોઈ નહિ, પણ દરવીશકાકા...! અને પછી તો વાત નીકળી ગનૂશ ને ફાતૂમાની, દાદાની-દાદીની અને પવનવેગે ઘોડો દોડાવતા એ યુવાન અને સુંદર દરિયા કિનારાની...! એ રાતની વાતો દાલિયાની કવિતા બનીને રણની રેતમાં સમાઈ ગયેલાં અને ફરી ક્યારેય પાછાં ન મળવાવાળાં પેલેસ્તાઈનમાં ડૂબી ગઈ..!

જૂની યાદો અને એ રાતના દરવીશકાકાને છોડીને આમલ ક્યાંય જવા નહોતી ઈચ્છતી, પણ કાકાએ કહ્યું, ''નિર્વાસિતોની છાવણીની હવા આશાનો શ્વાસ લેવા માટે બહુ ભારી છે. તારું નામ 'આમલ' હસને લાંબા સ્વરવાળું રાખ્યું જ છે ઘણી આશાઓ, અરમાનો અને સપનાંના લીધે ... અહીં, છાવણીમાં કદી કોઈ ભવિષ્ય શ્વસી ન શકે. ઉપર જઈને તારા બાબાને જવાબ દઈ શકું, એ માટે પણ તું જા...!''

ઈ.સ. ૧૯૬૯ - ને જેનિન છૂટ્યું...

... અને નાનકડા એ 'ઘર' કહેવાતાં સ્થળની એક માત્ર રહેવાસી આમલને વિદાય આપવા મિત્રો અને કુટુંબીઓ ટોળે વળ્યાં હતાં. દરવીશકાકાએ અને અબ્દલ્લાની માએ આમલનાં કપાળે ચૂમી ભરી. આમલ પણ ''અલ્લાહ સૌને લાંબું અને સમૃદ્ધ જીવન આપે'' એવી પ્રાર્થના સાથે બધાંને ભેટી. લામ્યાએ રડતાં-રડતાં વર્ષો પહેલાં એણે ચોરેલા પૈસા માટે આમલની માફી માગી ને 'એક અનાથ'ના પૈસા ફરી એના હાથમાં સકરાવ્યા...! આમલ, લામ્યા અને હુદાએ મૈત્રીસભર બાથ ભરી. કડક રિવાજોને લીધે પોતાના પ્રેમને દબાવતો ઓસામા હુદાને દૂરથી જોઈ રહ્યો હતો. હુદાએ ધીરેકથી આમલને પોતાનાં અને ઓસામાનાં

લગ્નની વાત કરી અને પછી, ''તારા વગર હું કેમ રહીશ, આમલ...!'' કહેતી એને ભેટી પડી.. અને એક મહાકાવ્યની ક્યારેય પૂરી ન થાય એવી છેલ્લી પંક્તિની જેમ એમની બાળપણની વાર્તા જાણે પૂરી થઈ... જેક કાકાએ એને ટેક્સીમાં બેસવા કહ્યું અને બંનેના બંધાયેલા હાથ છૂટ્યા...

ટેક્સી આગળ ચાલી અને આમલનાં પ્રિયજનો પાછળ રહી જઈ, નાનાં થતાં થતાં છેવટે અદશ્ય થઈ ગયાં...! આમલનું દુઃખ, એનાં આંસુ આડા જાણે જેલના સળિયા પડી ગયા. એને મા યાદ આવી, ''જે લાગે તે મનમાં રાખજે..''

કલાકોમાં તો જેરુસલેમ દેખાયું, અલ અક્સા, પહાડ પરનો એ ગુંબજ જ્યાંથી મોહમ્મદ પયગંબરે સ્વર્ગ માટે ઉર્ધ્વગમન કર્યું હતું. જેરુસલેમનું એક માત્ર સ્થળ જ્યાં બધાયની બધી વાર્તાઓ આવી મળે છે. ૧૯૬૦માં બાબા સાથેના અહીંના પ્રવાસ વખતે પડાવેલો એક ફોટો - આમલનો એ એકમાત્ર કૌટુંબિક ફોટો હતો, જેમાં એ ચારેય - બાબા, મા, યુસેફ અને આમલ ઊભા હતાં અને પશ્ચાદભૂમાં દેખાતો હતો એ સોનેરી ગુંબજ. બાબાનો હળવાશભર્યો ચહેરો, એની સહજ અદામાં ગહન આંખોવાળી મા, નાની અને ગંભીર આમલ અને આનંદથી એક બાજુ નમીને ઊભેલો સ્મિતભર્યો યુસેફ ચારેયમાં સૌથી ખુશ અને વ્હાલો એ લાગતો હતો.

૧૯૬૭માં ઈઝરાયેલે કબજો કરી લીધા પછી તો મુસ્લિમ, ખ્રિસ્તી, ગ્રીક અને આર્મેનિયાવાસી માટે પણ જેરુસલેમ આવવું લગભગ અશક્ય થઈ ગયું હતું. જેક કાકા, આમલને ઓલિવના પર્વત પર ખિલ્વા નામનાં સ્થળે પણ એ દિવસે લઈ ગયા. ત્યાંથી આખું શહેર દેખાતું. એ શહેર જેને આમલ ખૂબ નફરત કરતી, એણે લીધેલા માનવભોગને લીધે ... પણ છતાંય એ શહેર એને પોતાની અંદર સમાવી લેતું. એવો ભરોસો બેસતો તો કે ભૂતકાળ ગમે તે હોય, પણ પોતે અહીંની દીકરી છે. ઓટ્ટોમનના દસ્તાવેજ, ચોરાયેલાં ઘરની લોખંડની મોટી ચાવી કે સંયુકત રાષ્ટ્રના કાગળિયાથીય વધુ આ શહેર એને પોતાની બનાવી લેતું.

અંધારું થતાં એ 'આરબ બાળકનાં ઘરે' આવી પહોંચ્યાં. ત્યાંની મુખ્ય સંચાલિકા હૈદરે બનાવટી આવકાર આપ્યો અને સંસ્થાનો ઈતિહાસ ને નિયમો જણાવ્યા. એક કુંવારી સ્ત્રી તરીકે એની એક પુરૂષ જોવાની તાલાવેલી જેક કાકાને જોતાં જ પડી ભાંગી હતી, એ આમલને પાછળથી સમજાયું.

આ સંસ્થા એક શ્રીમંત અને કુંવારી સ્ત્રી હિન્દ હુસૈનીએ બનાવી હતી. ૧૯૪૮નાં યુદ્ધ પછી પેલેસ્તાઈનનાં કેટલાંક અનાથ બાળકોને કોઈ એમની પાસે રાખી ગયું, ત્યારથી મોટા હોદ્દેદારો અને રાજવીઓની આ હોટલને એમણે અનાથાલયમાં ફેરવી દીધી હતી. રાતે નિવાસ અને દિવસે શાળા. હૈદર ત્યાંની પહેલી અનાથ છોકરી હતી, જે પોતાને એમની દીકરી અને વારસ ગણતી.

ખૂબ કઠોર હૃદયવાળી હૈદરના મહેંદી રંગેલા વાળ જ માત્ર કોમળ હતા! પોતાની ટૂંકી ઊંચાઈ છુપાવવા એ ખૂબ ઊંચી એડીનાં ચંપલ પહેરતી અને એટલા આરામથી જાણે કે એ ચંપલ એના પગ સાથે સિવાઈને જ આવ્યાં ન હોય...!

હૈદરે હવે જેક કાકાને જવા કહ્યું. આમલની આંખો ભરાઈ આવી, પણ એ રડી નહિ ... 'ન જાઓ મને છોડીને, કાકા...'' ધ્રૂજતા હાથે જેકે ખાખી ખોખામાં રાખેલું કશુંક એને આપ્યું, જે એ યુસેફને આપી નહોતા શક્યા.... હૈદરે ઉતાવળે આમલને ચાલતી કરી...

પાંચ માળનું મુખ્ય મકાન પેલેસ્તાઈન સ્થાપત્યકળાનો એક સુંદર નમૂનો હતું. પશ્ચિમ ભાગ દસથી ત્રેવીસ વર્ષની છોકરીઓને રહેવા માટે વપરાતો અને બાકીનો શાળાના વર્ગખંડો તરીકે, જેમાં આમલ જીવવિજ્ઞાન, ગણિત, અરેબિક, ધર્મ, ભૂગોળ, જર્મન અને અંગ્રેજી જેવા વિષયો ભણવાની હતી. ત્રણસો વર્ષ જૂના પથ્થરના દાદરા ચડીને આમલ ત્રીસેક છોકરીઓની મંડાયેલી નજર વચ્ચે જઈ પહોંચી, એક હાથમાં જેકે આપેલું ખોખું અને બીજી મુઠ્ઠીમાં લામ્યાવાળા પૈસા, આગલા જીવનની યાદ જકડીને...

લંબચોરસ રૂમમાં 'પલંગ' કહેવાતા ખાટલાની સોળ જોડીઓ દીવાલના ટેકે અઢેલી હતી અને આમલ હતી એ બાંસઠ આંખોના પ્રશ્નાર્થ વચ્ચે ... છોકરીઓને આસપાસનું બધું આમલને બતાવવા અને નિયમો સમજાવવાનું કહી હૈદર એડીની ધરી પર પાછી ફરી ગઈ... છોકરીઓ આમલની નજીક આવી અને આમલ વધારે પોતાની અંદર સરકી... 'તારું નામ શું છે?'' ''તું મારી બહેનપણી બનીશ?'' ''હૈદરે તને મૂર્ખ વાતો કરીને?'' ''તું પણ અનાથ છે?'' - આવા કેટલાય પ્રશ્નોના જવાબ આપી એક થોડી મોટી લાગતી છોકરીએ બધાંને કહ્યું, ''તમને દેખાતું નથી એ ઉદાસ છે?! એને પહેલાં થોડી ગોઠવાઈ જવા દો...'' એ હતી મુના જલાયતા, જે પછીથી આમલની ખાસ મિત્ર બની.

એકલી પડેલી આમલે લાલ આંખે ખાખી કવર ખોલ્યું - સામે દેખાયો સફરજન-મધનાં તમાકુ, બાબાના થાકેલા શ્વાસ અને એમનાં કપડાંથી મહેંકતો ઓલિવનાં લાકડાંનો એમનો પાઈપ... અને જેરુસલેમનાં અનાથાલયની એ પહેલી રાતે બાબાની સાથેના એ પરોઢના સૂરજ અને બાબાની સુગંધની યાદ જ આમલને નીંદરનાં સામ્રાજ્યમાં લેતી ગઈ.

અનાથાલય : ઈ.સ. ૧૯૬૯-૭૩

મુના જલાયતાએ સાચું જ કહ્યું હતું કે, ''અનાથાલય એટલું ખરાબ નથી'', અને શરૂઆતથી જ એણે આમલને પોતાનાં પડખામાં લઈ લીધી હતી.

બીજાં વર્ષની એક ગરમ રાતે, મચ્છરોની વચ્ચે બંને પડખાં બદલતાં હતાં. મુનાને અગાશીમાં જવાનો વિચાર આવ્યો. કપડાં એક તરફ ફેંકીને, ચંદ્રની શીતળતા શરીર પર સીધી-વિના આવરણ-આવકારતાં બંને પડી રહ્યાં એકમેકને ટેકે.

ચંદ્રને જોતાં મુનાને એના પિતા સાંભરી આવ્યા.એ વિદ્યાર્થીઓમાં પ્રિય એવા પ્રાધ્યાપક હતા. કિંગ અબ્દુલ્લાનાં ગોલ્ડા મીર સાથેના ખોટા વ્યવહારો વિશે એ ભાષણો કરતા, જે

સાંભળવા વિદ્યાર્થીઓ કતારમાં રહેતા. ફેબ્રુઆરીના એક વરસાદી દિવસે મુના અને બહેન જમીલા એનાં માતા-પિતા સાથે કાકાને ત્યાં જઈ રહ્યા હતાં, ત્યાં પાછળથી એના પિતા હમદ જબેર જલાયતાનાં નામની બૂમ સંભળાઈ અને એ પાછળ ફર્યા કે તરત ગોળીઓથી વિંધાઈ ગયા – પહેલાં પિતા અને પછી મા પણ ...અને ત્યારે મુનાની ઉંમર હતી માત્ર ચાર વર્ષની...!

એ રાત બંને બહેનપણીઓ માટે હળવાં થવાની પળ બની રહી. એક જીવી રહી હતી પિતાનાં ખૂનના આતંક હેઠળ અને બીજી એના પિતાની પરિસ્થિતિથી તદ્દન અજાણ. આમલે મુનાનું કપાળ ચૂમ્યું, મુનાએ એનાં પેટ પરનો જખમ અને બંને ચાંદની મઢી મિત્રતામાં ન્હાતાં રહ્યાં.

આમલની બીજી નવી મિત્રો હતી 'કોલંબિયન બહેનો' - યાસ્મિના, લૈલા અને દ્રિના. ૧૯૪૮નાં યુદ્ધ પછી એમના પિતા કુટુંબ સહિત કોલંબિયા વસ્યા હતા. દક્ષિણ અમેરિકાનું એમનું જીવન પિતાનાં કેન્સરને લીધે થયેલાં આકસ્મિક મૃત્યુથી થંભી ગયું હતું. પિતાની ઈચ્છા અને બચતની મદદથી કાકા એમને વતન-પેલેસ્તાઈન તરફ લઈ આવ્યા હતા અને સારાં ભણતર માટે આ અનાથાલયમાં રાખ્યાં હતાં. બે ભાઈઓ એમની સાથે રામલ્લામાં જ હતા.

ત્રણે બહેનો એકબીજાં સાથે ઝઘડ્યા કરતી કે એમનું સારું બનતું, એ ક્યારેક નક્કી ન થઈ શકતું. સૌથી મોટી અને મજબૂત બાંધાવાળી દ્રિનાની તેજ નજરથી કોઈ બચી ન શકતું. વચેટ લૈલા ઉદાર અને બધાંની સારસંભાળ લેનારી હતી. નાતાલ વખતે મળવા આવતાં સિસ્ટર કલેરિને એ ગમતી. રમજાન વખતે સિસ્ટર લૈલા માટે રોજ દ્રાક્ષનાં પાન અને ભરેલી કાકડીની વાનગી લઈ આવતાં અને લૈલા એ ચારેય બહેનપણીઓ સાથે વહેંચીને ખાતી. નાની યાસ્મિના સૌથી વ્યવહારુ અને વ્યવસ્થિત હતી. વાનગીને સરખે ભાગે વહેંચવાની જવાબદારી એ સંભાળતી, એવી એક રાતે અઝાન સાંભળતાં વેંત ટોળકી ઉપવાસ તોડવામાં લાગી પડી અને પછી વાસણ ચાટવાની ગમ્મતે ચડી ગઈ. આ બધું જે કલાભવનના ખંડમાં એ લોકો કરતાં, ત્યાં એક રાતે ધાબળો રહી ગયો. સવારે જેવી આમલ એ લેવા ત્યાં પહોંચી કે હેદરે પકડી પાડી. કલાકોની પૂછતાછ પછી પણ કોઈનું નામ આપ્યા વગર જ્યારે એ સફળતાપૂર્વક બહાર આવી ત્યારે દ્રિનાનો ભરોસો એ જીતી ચૂકી હતી અને એ કોઈ નાનું ઈનામ ન હતું!

અછતવાળા હોવા છતાં અનાથાલયના એ દિવસો અભાવવાળા નહોતા! જેરુસલેમની ટાઢમાં બધાના ધાબળા ભેગા કરી સાથે સૂવાની એ રાતો અને રસોઈવાળાં અહમદનાં માના હાથનું ભોજન - એ દિવસોની તાજગીભરી યાદો હતી. એક બ્રેડ અને જોઈએ તેટલી ચાનો નાસ્તો અને ચીઝના એક કટકાના ઉમેરા સાથે એ જ રાતનું ભોજન રહેતું. જ્યારે દિવસે કોઈ પ્રકારનો સૂપ અને ભરપેટ ભાત મળતા. કડકડતી ટાઢમાં આટલાં માટેય કતારમાં ઊભા રહેવું પડતું...! આમલના ત્યાંના ચાર વર્ષના ગાળામાં ભાગ્યે જ આમાં કોઈ ફેરફાર થતો. ત્યાંના ભોજનના ખાસ મહેમાન એટલે વંદા – ઢગલાબંધ – અને

બપોરના સૂપમાંથી એ શોધવાની હરિફાઈ યોજાતી…! મોટેભાગે બધા મળી જતા, પણ જો સૂપ કાળી ભાજીનો હોય તો આવી બન્યું. એક વાર મુનાના દાંતમાંથી વંદાનો પગ મળી આવ્યો હતો અને એ હારેલા સિપાહીની જેમ બધાની મજાકનું કેન્દ્ર બની હતી…!

ત્યાંના દિવસોની બીજી ખાસ યાદ એટલે જૂ. હૈદરે કોઈના વાળમાં જૂ જોઈ નથી કે એના વાળ કપાયા નથી! લૈલાની માતૃત્ત્વસભર સંભાળ અને યાસ્મિનાના ખાસ સફેદ દાંતિયાને લીધે આમલના કાળા લાંબા વાળ તો બચી ગયા, પણ બિચારી સુઆદની હૈદરે હજામત કરાવી નાખી! દ્રિનાની માહિતી મુજબ જૂ તો બહાનું હતું. મૂળે તો સુઆદનાં લગ્નની ઈર્ષ્યામાં હૈદરે આ કાવતરું કર્યું હતું!

આ બધા પ્રસંગો અને યાસ્મિનાની 'ઝ' ભાષા એમની મિત્રતાની તાજગી હતી. પણ હુદા સાથે તો આમલનું બાળપણનું સગપણ. ૧૯૭૩ના ફેબ્રુઆરીમાં હુદા અને ઓસામા આમલને મળવા જેરુસલેમ આવ્યાં હતાં. ત્યાંની નવી મિત્રોએ એમને પ્રેમથી આવકારી ને હુદાએ બનાવેલું ભોજન સાથે ઝાપટ્યું હતું. પતિ-પત્નીના અંગત સંબંધો વિશે કુતુહલપૂર્વક જાણી હુદાનાં પેટને - આવનારાં બાળકને હેતથી સ્પર્શ્યું હતું અને પછી ''જેનિન તારા વગર પહેલાં જેવું નથી રહ્યું'', એવું કહેતાં હુદા આમલથી છૂટી પડી હતી.

દોસ્તીનો આવો સમય કાયમ રહેશે એવો સૌનો ભ્રમ ૧૯૭૩માં ભાંગવા લાગ્યો. દ્રિના શાળા પૂરી કરીને ત્યાં જ વ્યાયામ શિક્ષિકા તરીકે જોડાઈ ગઈ. લૈલા ધાર્યા મુજબ, ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરીને સિસ્ટર કલેરિ સાથે સમાજસેવાનાં કાર્યમાં લાગી ગઈ. મુનાનું હજી એક વર્ષ બાકી હતું. યાસ્મિના અને આમલે યુનિવર્સિટી માટે શિષ્યવૃત્તિની પરીક્ષા આપી. યાસ્મિના હોંશિયાર અને મહેનતુ હોવા છતાં નિર્વાસિતોની છાવણીમાં ન રહી હોવાને લીધે આગળ ભણવા માટે અમેરિકાની શિષ્યવૃત્તિ એને બદલે આમલને મળી. જેનિન પાછાં ફરવાનાં આમલનાં ગાંડપણને યાસ્મિનાએ સમજદારીથી વાળ્યું અને ઉચ્ચ શિક્ષણની આવી અમૂલ્ય તક ન છોડવા એને તૈયાર કરી. એ સાચી હતી, એક 'અનાથ' માટે આથી વિશેષ શું હોઈ શકે…?!

જતી વખતે આશ્ચર્યજનક રીતે હૈદરે આમલને ફરતે હાથ વીંટાળીને એને થોડા પૈસા આપ્યા અને આમલે બધાંની નાની-મોટી ભેટો સાથે જેરુસલેમથી વિદાય લીધી.

બહુ ભીડને ટાળવા બે-ત્રણ ચેક પોસ્ટ પસાર કરી બળદગાડાંની મદદથી આમલ રાતે જેનિન પહોંચી. હુદા, ઓસામા ને એમની નાનકડી દીકરી 'આમલ'(!) ને મળવા અંધારા છતાં બિલકુલ અટક્યા વિના આમલ સીધી એમનાં આંગણે જઈ પહોંચી. કેટલાં વર્ષો કાઢ્યાં હતાં એ ગલીઓમાં … કેમ ભૂલાય …! મોડી રાત સુધી ઓસામા અને હુદા સાથે એમનાં સુખ-દુઃખની, સપનાંની અને નવાં જીવનની વાતો કરી. બહુ સંભાળ અને પ્રેમથી હુદાએ એમનું દામ્પત્ય શણગાર્યું હતું. ઓસામાનો પણ એ જ જૂનો - તોફાની પ્રેમ જીવંત હતો.

જૂના દિવસો સંભારતા રડતી હુદાને સુવડાવી, નાનકડી આમલ માટે સોનાની માદળિયાવાળી ચેન અને હુદા માટે ચિઠ્ઠી રાખીને આમલ નીકળી ગઈ બહાર…! અઝાનના

સ્વરમાં બાબાએ જાણે બાથ ભીડી અને સંયુક્ત રાષ્ટ્રની નિર્વાસિતોની છાવણીના તંબૂઓમાં પેલેસ્તાઈન પાછાં ફરવાના સ્વપ્ન સાથે પસાર કરેલા એ દિવસો આમલને ઘેરી વળ્યાં. જતાં-જતાં હજ સલેમના ઘરમાં એક નજર નાખી, બોખા હજને કોઈ જૂનો કચરો સાફ કરવાની મથામણમાં જોઈને આમલ પાછી ફરી...!!

ખિસ્સામાંથી મળેલા હુદાના કાગળને પોતાની બીજી અમૂલ્ય વસ્તુઓ - માનો રૂમાલ, બાબાનો પાઈપ - સાથે સાચવી, જેરુસલેમ શહેર અને ત્યાંની યાદોને ય આમલે પોતાના સામાનમાં સમેટી લીધી.

અનાથાલયમાં મિત્રો સાથે ગાળેલો સમય આમલનાં મન પર છવાયો. કડકડતી ટાઢમાં ન્હાવાનું ઠંડુ પાણી પણ મિત્રતાને હુંફાળી બનાવતું. કપડાંથી લઈને સુખ-દુઃખ વહેંચવાના દિવસો, ગંદી મજાકો અને કોઈ છોકરા માટેનું આકર્ષણ - એમનાં બંધનને મજબૂત બનાવતા અને એમને 'બિચારાં' નહિ પણ 'સામાન્ય' હોવાનો ક્ષણિક અહેસાસ કરાવતા. આ હતી એમણે રચેલ 'ઘર'ની ભાષા, જે પેલેસ્તાઈનની ભૂમિ અને ઈતિહાસથી પર અને વ્યક્તિગત હાર-જીતથી ઉપર હતી.

૪. El Ghurba : અજાણ્યાપણું

જેનિન અને જેરુસલેમના દિવસો આમલને અમેરિકા તરફ લઈ ગયાં. અચાનક જ એક તદ્દન નવી જુદી જગ્યાએ આવતાં આમલને અજાણ્યા હોવાનો અહેસાસ વીંટળાઈ વળ્યો, બિલકુલ અપરિચિત અને અપૂર્ણ હોવાનો ભાવ ... એની ચામડીનો રંગ, બોલવાની ઢબ અને આરબ અટક કેટલાક કિસ્સાઓને લીધે બધાંની શંકાનું કેન્દ્ર બન્યાં.

જો કે હવાઈ મથકે એનું યજમાન કુટુંબ-એન્જેલાહદાદ અને એની દીકરી લિઝા આમલને લેવા આવી ગયાં હતાં. એનાથી ઉંમરમાં નાની હોવા છતાં વ્યવહારુ અને ખૂબ દેખાવડી લીઝાએ એને આવકારી. આના ધનાઢ્ય પરિવારો 'આમલ જેવી' છોકરીને બે-ત્રણ અઠવાડિયાં પોતાને ત્યાં રાખી, એની બધી સગવડ કરીને યુનિવર્સિટીમાં મોકલવાની જવાબદારી સ્વીકારતા. યજમાન એન્જેલાએ મોટી આરામદાયક ગાડીમાં આમલને શહેરનાં મહત્ત્વનાં સ્થળો બતાવ્યા અને જેવી ગાડી એનાં ઘર તરફ વળી કે આમલની આંખો તો ફાટેલી જ રહી ગઈ..! કેવું વિશાળ ઘર...! પૈસો જાણે એનાં કદ અને સગવડ રૂપે છલકાતો હતો..! આમલને તો માનવામાં જ ન આવ્યું કે માત્ર બે વ્યક્તિઓ આમાં રહે છે...! એના માટે લિઝાએ ખાસ શણગારેલા મહેમાનખંડમાં જ્યારે એ સૂતી, પલંગ કેવો હોય પહેલી વાર અનુભવ્યું. ક્યાં જેનિનો એ તંબૂ, પાટ, ખીચોખીચ રહેતા લોકો અને ક્યાં આ અમેરિકાનાં લોકોનું જીવન...! ક્યાં પથ્થરની આસપાસ મઢેલાં સિમેન્ટનાં આ જંગલ અને ક્યાં એ

અંજીર, ઓલિવ આચ્છાદિત પ્રદેશ...! અહીં ડિઝલ, પેટ્રોલના ધુમાડા અને તળેલી વાનીઓની સોડમ તો ત્યાં ફૂલોની મહેક...

આ અઠવાડિયે પપ્પા ઘેર આવશે મમ્મી? લિઝાના પ્રશ્ને આમલને અમેરિકાની કુટુંબપ્રથા વિશે વિચારતી કરી મૂકી. એમની સ્ત્રી મિત્ર સાથે અલગ રહેતા લિઝાના પપ્પા અઠવાડિયે એકાદ વાર એને બહાર લઈ જવા આવતા. એન્જેલા સાથે તો એ એના પૈસા માટે પરણ્યા હતા! વિચિત્રતાઓની વચ્ચે પોતાનાં પેટ પરના જખમને પસવારતી આમલ સૂઈ ગઈ.

પછીના દિવસોમાં એન્જેલાએ એને લિઝાએ ભેટમાં આપેલી સાઈકલ ચલાવતાં શીખવી દીધું અને એના જરૂરી કાગળિયા ભેગા કરવામાં પણ મદદ કરી.

આમલ ટેમ્પલ્ટન યુનિવર્સિટીમાં ભણવા લાગી. એલાના રિવર્સ નામની છોકરી, જે હંમેશા છોકારાઓને તોફાની રીતે જોતી, આમલને હસી કાઢતાં કહેતી, ''તેં ક્યારેય શરીર સુખ માણ્યું છે?!'' ચુંબનનો પણ અનુભવ નહોતો એવી આમલને કેલિ મેસન નામની છોકરી વ્હારે આવી હતી...! આમ, કેલિને બાદ કરતાં કોલેજનું પહેલું વર્ષ આમલ માટે સાવ મિત્ર વગરનું રહ્યું. લગભગ નાતબહાર જેવી હોવાને લીધે એ મોટા ભાગનો સમય ભણવામાં અને સાઈકલ ચલાવવામાં વીતાવતી, પરિણામે સરેરાશ ૪.૦ જેવા સારા ગુણ છેવટ સુધી જાળવી શકી. ધીરે-ધીરે એને થોડા મિત્રોની સાથે એક ઘર પણ ભાડે મળી ગયું, જે સ્નાતક થવા સુધી રહ્યું.

ફિલાડેલ્ફિયાનાં વર્ષો દરમિયાન આમલને સ્મિત ચોડાડેલા ચહેરે ચારેબાજુ ગુમાનમાં ફરતાં સ્ત્રી-પુરૂષોનો, અમીરી-ગરીબી વચ્ચેનો વિરોધાભાસ સ્પષ્ટ દેખાયો. પશ્ચિમ અને પેલેસ્તાઈન વચ્ચેની વિમાસણમાં આમલ સતત ક્યાંકની હોવાનો પ્રયાસ કરવા લાગી. જેનિનની એક દયનીય છોકરી પાશ્ચાત્ય સંસ્કૃતિમાં પોતાની રૂઢિચુસ્ત આરબ પરંપરાથી છૂટવાની મથામણ કરવા લાગી. પુરૂષો સાથે હરવું-ફરવું, દારૂ પીવો જેવી તમામ અમેરિકન હરકતો કરતી આમલ અમેરિકા અને અમેરિકન લોકોને ચાહવા લાગી. હુદા, દરવીશકાકા, હજ, મુના, કોલંબિયન બહેનો, પોતાના ભૂતકાળથી જ જાણે ભાગી છૂટી આમલ. પણ એ ભૂતકાળ ક્યારેક અમેરિકાની એ આઝાદીભરી જિંદગીમાં ય ઓચિંતો ડોકાઈ જતો.

ભાડાનાં મકાનની ગટર એકવાર ઊભરાઈ ગઈ, ત્યારે આમલની મિત્રો એવી તો ગભરાઈ ગઈ કે ન પૂછો વાત..! સતત સૈનિકો, સરહદો અને બંદૂકોની વચ્ચે જીવેલી આમલને આવી નાની અમથી વાત તો અડેય કેમ?! ઉલટાનું એની અંદર જેનિન જીવતું થતું, ત્યાંના ઊભરાતાં નાળાં, એને બંધ કરવાના પ્રયત્નો અને છેવટે એની દુર્ગંધથી બચવા હુદા સાથે છત પર સૂવું... સાહ્યબીમાં જીવતા અમેરિકનોને જીવનની લડત ક્યાંથી સમજાય?! જેનિનના નિર્વાસિતોની તો જિંદગી જ જાણે ખદબદતા કીચડ જેવી ... દુનિયામાં ઠેરઠેરથી ઠલવાયેલ માનવ ગટર જ..! એટલે ફિલાડેલ્ફિયાની આવી મુસીબતો તો આમલને મન કશુંય નહિ...!

આમલના વર્તમાન અને ભૂતકાળ વચ્ચેની ખાઈ કોઈ રીતે પૂરાતી જ નહોતી.. શહેરમાં સાઈકલ પર ફરતી આમલને એક વાયરો અચાનક અંજીરના ઝૂમખાં તળે ખેંચી જતો અને એ ખેંચાયા કરતી બંને બાજુ.

કોલેજ દરમિયાન એણે સતત બે નોકરી કરી, એક સહપાઠીઓને ભણાવવાની અને બીજી, ગેરકાયેદસર પશ્ચિમ ફિલિની ૨૪ કલાક ચાલતી એક દુકાનમાં. 'ખરાબ' વિસ્તાર ગણાતી એ જગ્યાએ જતાં પણ આમલને ભય નહોતો. આફ્રિકનોની ગંદી મજાક કે લોકોની નજર એને હેરાન ન કરી શકતી. ક્યારેક એ વિસ્તારમાં મારામારી ને ખૂન થઈ જતાં, પણ સરહદ પરના ઈઝરાયલના આતંક જેવાં તો નહિ જ...

એક રાતે કેટલાક નવશીખિયા ચોરો નાની બંદૂક લઈને દુકાન લૂંટવા આવ્યા. માલિકની સૂચના મુજબ આમલે ખૂબ સ્વસ્થતાથી બધા જ પૈસા એમને આપી દીધા. મોટી રાઈફલ જોયા પછી આવડી અમથી બંદૂકડીઓથી આમલ શાની ડરે...! ભય તો એણે પેલા કાળા ચોરોની આંખોમાં જોયો હતો..! જે હોય તે, પણ એ વિસ્તારનાં અશ્વેત લોકો માટે આમલ ખૂબ સુંદર, એમાંની જ અને એમના જેવી જ બોલીવાળી હતી. ગોરાઓ પ્રત્યેનો અવિશ્વાસ કાળા પાડોશી માટેનો ભરોસો હતો..!

ઈ.સ. ૧૯૭૮-૮૧ - યુસેફનો ફોન

દક્ષિણ કેરોલિનાની યુનિવર્સિટીમાં જતાં પહેલાં, ૧૯૭૮ના ઉનાળામાં આમલ મિત્રોના આગ્રહને વશ થઈને મર્ટલના દરિયે ગઈ. છેલ્લાં પાંચ વર્ષમાં કેટલાંય યુદ્ધો આવ્યાં અને ગયાં, એના કે પેલેસ્તાઈનના કોઈ પણ સમાચારથી આમલ બેખબર જ રહી. રાજકારણ અને પોતાનાં પ્રિયજનોથી દૂર થઈને પોતે જાણી જોઈને ''આમલ'માંથી 'એમિ' બની ગઈ. સ્વમાંથી ભૂતકાળને સાવ બાદ કરી નાખેલી એક સ્ત્રી. તદ્દન નવી, તરવાના પોશાકમાં કિનારે બેઠેલી પોતાની જાતથી નોખી એમિ.

કપડાં બદલતાં કેલિને દેખાયેલા પોતાના પેટના જખમની વાત ઉડાડી દેતી એમિને યાદ આવ્યો ભૂમધ્ય સમુદ્ર, જે એની ધારણા પ્રમાણે એના જીવનનો મહત્ત્વનો ભાગ બનવાનો હતો, એને બદલે એ હતી દક્ષિણ કેરોલિનાના એટલાન્ટિકના કિનારાની રેતી ઉપર ... અને એય ત્રેવીસ વર્ષની ઉંમરે જીવનમાં પહેલીવાર....!

સૂર્યપ્રકાશમાં શરીર લંબાવતાં જ એ પહોંચી ગઈ જેનિનની એ સવારોમાં, બાબાના પાઈપની સુગંધ એમની હાંફતી છાતીમાંથી સંભળાતા સ્વરમાંની એ કવિતાઓ વચ્ચે હુદાનાં સપનાં જેવા એક દરિયા કિનારે, જ્યાં નહોતા કોઈ સિપાહીઓ, નહિ કોઈ કાંટાળી વાડ કે સરહદ, નહોતું કોઈ કંઈ જોવાવાળું કે કહેવાવાળું... હતી એક માત્ર પોતે, બેનામ.. અણચહીતી...

કેરોલિનાના અભ્યાસ દરમિયાન જ એને અમેરિકાનું ગ્રીન કાર્ડ મળી ગયું. નિર્વાસિતોની છાવણીમાં રહેનારી એ દુઃખિયારી આમલ હવે અઢળક અને અનહદની ભૂમિ

અમેરિકાની એમિ બની ગઈ હતી...! પણ ફરી ફરીને એનું આરબપણું અને પેલેસ્તાઈન એને એ દુનિયા સાથે જોડી નાખતું.

સમય વીતતો ગયો. 'જે લાગે ...' એને પોતાની અંદર જ રાખતી આમલ અચાનક એક પરોઢે પાંચ વાગ્યે ફોનની ઘંટડીથી જાગી ગઈ. સામે છેડે હતો એની અધૂરપ પૂરતો અવાજ - યુસેફનો ... અને એ જ મોહક હાસ્ય જેનાથી ફાતીમા ઘવાઈ હતી...! યુસેફ અને ફાતીમાના ફોને જાણે વર્ષોની દૂરી પળમાં ઓળંગી લીધી. કરામેહનાં યુદ્ધ પછી યુસેફ ઘણો જાણીતો થઈ ગયો હતો. હાશેમાઈત માટે જોર્ડનમાં પેલેસ્તાઈન મુક્તિ સંગઠન (પી.એલ.ઓ.) ભારે પડવા લાગ્યું હતું અને એને દાબવા ઘણાં કત્લેઆમ થયાં હતાં, જેનાથી એ મહિનો 'કાળો સપ્ટેમ્બર' કહેવાયો. એ પછી પી.એલ.ઓ.વાળા લેબેનન ચાલ્યા ગયા. ત્યાં યુસેફ શાતિલા અને સાબ્રાની છાવણીની શાળામાં ભણાવતો અને સાથે ચળવળમાં પણ જોડાયેલો હતો

વર્ષો સુધી પોતાના રિવાજોથી લડીને ફાતીમાએ એની રાહ જોઈ અને આખરે યુસેફે એને બર્તા ગામમાં શોધી લીધી. ૩૪ અને ૩૨ વર્ષની ઉંમરે બંને બૈરુત આવીને પરણ્યાં અને જાણે બેયમાં શ્વાસ પૂરાયા. પોતાની પ્રેમભરી વાત કરીને એમણે આમલનાં ભણતર વિશે જાણ્યું. અનુસ્નાતકનું ભણતી આમલે બાબાનું સપનું પૂરું કર્યાનો યુસેફને સંતોષ હતો. ફાતીમા જૂનમાં મા બનવાની હતી અને એ પહેલાં આમલનું ભણવાનું પણ પૂરું થતું હતું. ઝડપથી મળવાના વાયદે ફોન પૂરો થયો.

જૂન આવતાં જ, ફાતીમા પોતાને ફઈ બનાવે તે પહેલાં આમલ ઉપડી ગઈ બૈરુત.. આ તરફ, પોતાનાં બનેલાં કેટલાંક લોકો અને કંઈક અંશે પોતાનો એક હિસ્સો બનેલા એ દેશને છોડતાં આમલને દુઃખ જરૂર હતું, જે આવતીકાલને મળવાની આતુરતામાં થોડું ઓછું થયું.

૫. ૧૯૮૧ : મજિદ

બૈરુત આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે ઉતરતાં જ લેબેનનની સૂકી હૂંફાળી હવા આમલને સ્પર્શી. વર્ષોથી માત્ર 'આભાર'ના દેશમાં રહીને આમલ અરબી ભાષાની જે મીઠાશથી દૂર હતી, એ તરત જ નૃત્યસમી એના કાનમાં થિરકી રહી, ''અલ્લાહ તમારા હાથને સક્ષમ રાખે.'' અલ્લાહની તમારા પર સદાય રહેમ નજર રહે'' .. નાની એવી વાતમાં પણ ખૂબ આશિષ આપતાં અરબી લોકો અને એમની ભાષા.

ચારે બાજુના પિસ્તોલધારી સૈનિકો વચ્ચેથી નીકળીને બહાર આવતાં જ આમલને એનાં નામવાળું પાટિયું પકડેલો એક ઊંચો પડછંદ પુરૂષ દેખાયો. આછી દાઢી અને વ્યવસ્થિત મૂછમાં. એણે આમલને જોતાં જ સ્મિત કર્યું, 'હું મજીદ. મને યુસેફે મોકલ્યો છે. અદ્દલ તમારા ભાઈ જેવા ચહેરાને લીધે તમે તરત ઓળખાઈ ગયાં.'' અને ફરી એ સ્મિત.

ધીમે ધીમે ગાડી ચલાવતાં એ વાતો કરવા લાગ્યો. ભીડ અને ઘોંઘાટવાળા રસ્તા પર અરબી અપશબ્દોની થતી સામાન્ય આપ-લે માટે એણે ક્ષમા માગી...! લાંબા સમયે પોતાની ધરતી પર પાછી ફરતી આમલને મજીદે ત્યાંની પરંપરાગત તલવાળી બ્રેડ-કાક-ખવડાવી. ફરી બ્રેડવાળાના આશિર્વાદ ... ફરી મજીદનું સ્મિત... મજીદની હળવાશે કોઈ અજાણ્યાને મળવાનો આમલનો સંકોચ દૂર કરી નાખ્યો.

વાતવાતમાં બંને બૈરુત નજીકની શાતિલાની છાવણીએ પહોંચી ગયાં. મજીદની ગાડીને છોકરાંઓ ઘેરી વળ્યાં. આમલને પોતાનું અને હુદાનું બાળપણ સાંભરી આવ્યું. 'ડૉકટર મજીદ'ની બૂમો પાડતાં બધાં પીપર મળ્યા પછી જ ગયાં. ... મજીદ ડૉકટર..! અરે,એ ભણેલો હશે એવીય કલ્પના નહોતી આમલને ...!

અને એ પહોંચી ગઈ એક માળિયાં મકાન પાસે, જેના ચોગાનમાં દેખાયો યુસેફ... તાજેતરમાં જ જેને ત્યાં પુત્રી જન્મ થયો હતો, એનો પિતા...! દોડીને વળગી ગઈ એના ભાઈને આમલ.... તેર વર્ષનો વિયોગ હતો. યુસેફની પહોળી છાતીમાં સમાતાં જ એને બાબા યાદ આવી ગયાં... ખરી પડી એની એકલતા.

કેટલીક સ્ત્રીઓ આમલને પ્રેમથી આવકારીને અંદર ફાતીમા પાસે લઈ ગઈ. પ્રસૂતિથી થાકેલી પણ માતૃત્ત્વના સંતોષ સભર ફાતીમા. એમની નાનકી ફલાસ્તીન (પેલેસ્તાઈનનું અરબી નામ) દેવદૂત સમી સૂતી હતી.. હળવેકથી આમલે એની નિર્દોષતા-નજાકત-ચૂમી લીધાં. યુસેફની આંખમાં આમલે 'ફાતીમા અને ફલાસ્તીન' માટેની લાગણી છલકાતી જોઈ. આ જગ્યાને ઈઝરાયેલ 'આતંકવાદનું જન્મસ્થળ' કઈ રીતે કહી શકે..!

યુસેફ પાસે એકલી પડતાં જ આમલે એને જેક કાકાએ આપેલું ખોખું આપ્યું. આવો મજબૂત યુસેફ એમાં બાબાનો પાઈપ જોતાં જ ઘૂંટણિયે પડી રડી પડ્યો...! અને બાબાની યાદ જેવી તાજી તમાકુની સોડમમાં ખોવાઈ ગયો. વર્ષો પહેલાં આમલને છોડી જવા માટે માફી માગીને એક છુપાવેલું રહસ્ય, 'ડેવિડ' વિશેનું, પણ ખોલ્યું. પણ હવે બધું સારું થઈ જશે, એવી પ્રાર્થનામય ખુશી સાથે યુસેફ, ફાતીમા અને આમલ સાથે જમ્યાં. ચીઝ અને તરબૂચ સાથે કુટુંબમિલન ઉજવાયું.

'બાબા અને મા હયાત તો આજે જરૂર નાચ્યાં હોત..' યુસેફને યાદ આવી ગઈ ઉજવણીની એ રાત જ્યારે યેહ્યા દાદા આઈન ગ્રેટથી ફળો સાથે પાછા ફર્યા હતા. આમલે વાતો કર્યા પછી બધાનાં ઢગલાબંધ ફોટા પાડ્યા. એમાંનો ફાતીમા અને ફલાસ્તીનને અમી ઝરતી આંખે જોતા યુસેફનો એક ફોટો એનાં ફિલાડેલ્ફિયાનાં ઘરની યાદગીરી રૂપે સાચવવાનો હતો.

લેબેનનના એ ઉનાળાએ આમલ અને ફાતીમાને - બે સ્ત્રીઓને - ખૂબ નજીક લાવી દીધાં. ફલાસ્તીનના ઉછેર અને ઘરકામની સાથે ફાતીમા આમલ માટે મૂરતિયો પસંદ કરવા માંડી. એની નજરમાં ઓક્સફર્ડમાં ભણેલો એક ડૉકટર હતો. આમલનો નકલી અણગમો જોઈ ફાતીમાએ એને સમજાવી. પ્રેમ, લગ્ન અને સ્ત્રી-પુરૂષનો સંબંધ અનોખાં

હોય છે. સતત સલામતીમાં રહેનારાં અમેરિકાનાં લોકો એ ન સમજી શકે. લાગણીનાં પૂરની એમને ક્યાં ગમ હોય? ભયના ઓથાર નીચે પણ ગાંડપણની હદે પ્રેમ કરનારા આરબો જ હોય. આરબોનો ગુસ્સો, એમનું દુ:ખ, એમની હતાશા પથ્થરોને પણ રડાવી નાખે. અને એ લોકો જ્યારે પ્રેમ કરે, ત્યારે તન-મન ચૂરેચૂર કરી નાખે! બે શરીરનાં આવાં ઐક્યમાં જ અલ્લાહનો વાસ હોય છે..! એકબીજાની રાહ જોવામાં ફાતીમા અને યુસેફને જીવનનું કેવું રહસ્ય જડી ગયું હતું..!

જુમ્માની નમાજ પછી મજીદ યુસેફને મળવા આવ્યો ત્યારે ફાતીમાએ આમલને કહ્યું, ''આ જ એ મુરતિયો.'' પ્રસૂતિમાં મદદ કરાવવાને બહાને આમલને મજીદ સાથે મોકલવાનું ફાતીમાએ કહ્યું. સહજ રીતે જ હસન બાબા જેવું વ્યક્તિત્વ અને આધિપત્ય ધરાવતા યુસેફે પણ મંજૂરી આપી. આમલ જાતી જ ને મા સાથે સુવાવડ કરાવવા...!!

પહેલાં સફાઈ અને પ્રાર્થના - તૈયાર હતી. આમલ ... હાથમાં તપાવેલી કાતર અને મનમાં દાલિયા. બાળક અવળું હતું અને માનો જીવ જોખમમાં. અલ્લાહને હાથ જોડ્યા અને આમલના હાથ ફર્યા. જાણે દાલિયા કહેતી હતી, ''અલ્લાહ તારા હાથને રસ્તો ચીંધશે'' અને બાળક સ્વસ્થ જન્મ્યું..! કશું પણ બોલ્યા વિના એ ચાલી નીકળી... દાલિયાએ આજે ફરી એને આમલ બનાવી હતી...!

દોડતાં આવીને મજીદે એનો રાજીપો વ્યક્ત કર્યો અને આશ્ચર્ય પણ ... આરબ રિવાજોની આમન્યા સાથે, જમવાનું બંધાવી બંને દરિયા કિનારે બેઠાં.... આમલ ભૂમધ્ય સમુદ્રના કિનારે હતી... આખરે ...

મજીદે એને આકાશમાં તારા અને નક્ષત્રો બતાવ્યાં. એ એનાં અરબી નામો પણ જાણતો હતો...! આમલ એની પાછળ સરકી, પણ એને દેખાયા મજીદના ખભા, દરિયાના એક છેડેથી બીજા છેડે વિસ્તરતા... પછી એના ગાલનું ખંજન... ફરી મળશે ત્યારે નક્ષત્રો વિશેનું એનું પ્રિય પુસ્તક લઈ આવશે, એવું કહીને ફરી એણે સ્મિત કર્યું, જે સીધું આમલનાં હૃદય સોંસરવું પસાર થઈ ગયું...!

ફાતીમાએ પકડી પાડી આમલની ખુશી ... આમેય મુરતિયાની પસંદગી બાબતે એ પોતાને શ્રેષ્ઠ જ માનતી. એના કહેવા પ્રમાણે યુસેફનો આ ખાસ મિત્ર મજીદ પણ પહેલાં પી.એલ.ઓ.માં યોદ્ધા હતો, પણ ભણવામાં તેજસ્વી હોવાને લીધે યુસેફે ઓળખાણ લગાડીને એણે ઇંગ્લેન્ડ ભણવા મોકલ્યો હતો. ત્યાર પછીથી એ યુસેફની આટલી નજીક હતો.

ઈ.સ. ૧૯૮૧ - મજીદનો પત્ર

આમલે સ્વીકાર્યું કે ફાતીમા માત્ર એક સારી જોડીદાર જ નહિ, પણ જોડી મેળવનાર પણ હતી.

મજીદે આમલનાં મન-મસ્તિષ્ક પર કબજો જમાવી લીધો હતો. સૂતાં-જાગતાં આમલ એના જ વિચારોમાં ખોવાયેલી રહેતી. મજીદને જોયા વગરનાં બે-ત્રણ અઠવાડિયાં પસાર

થઈ ગયાં. શાળાની છોકરીઓને પણ 'આમલ ટીચર'નું દુઃખ દેખાઈ ગયું હતું. અને એક છોકરીએ દોડતી આવીને મજીદના સમાચાર આપ્યા.

મોડે સુધી શાળાનાં કામને બહાને આમલે એની ગોબાયેલી સફેદ ફિયાટની રાહ જોઈ. છેવટે ઘરે પહોંચતા ખબર પડી કે મજીદ થોડીવાર પહેલાં જ એના માટે એક પુસ્તક આપીને ગયો. ઘણું પૂછવું હતું આમલને, પણ યુસેફ તો હસતી ફાતીમાને લઈને એના ઓરડામાં જતો રહ્યો.

મજીદનું પ્રિય પુસ્તક હાથમાં લઈને આમલ આંગણામાં દોડી ગઈ, ને એ ખોલતાંવેંત એક સફેદ પરબીડિયું નીકળ્યું. 'આમલ માટે...' તો યુસેફને ફાતીમા આ જાણતાં જ હતાં....! વાંચવા લાગી એ. ''વ્હાલી આમલ, તને જોયા પછી બીજું કાંઈ વિચારી જ નથી શકતો. એટલું જ અનુભવ્યું છે કે, તું મારાં દિલને સ્પર્શી ગઈ છો. જો તને મંજૂર હોય તો આખી જિંદગી હું તને ચાહવા અને સંભાળવા ઈચ્છું છું ... તારો મજીદ.''

આમલે ફરીફરીને વાંચ્યા જ કર્યું, જે પહેલીવાર બોંબ ધડાકાના ભયથી ધડકી ઊઠ્યું હતું, આમલનું એ હૃદય આજે મહોબ્બતમાં ધડકી ઊઠ્યું...!

ઓરડામાં એક ભાઈ એની પત્નીને પ્રેમ કરી રહ્યો હતો અને આંગણામાં એક બહેન વાંચી રહી હતી પ્રેમીના વચનને ... શાતિલાની નિર્વાસિતોની એ છાવણીમાં સામ્રાજ્ય હતું તો બસ, પ્રેમનું ...

ઈ.સ. ૧૯૮૧ - '...હા'

બે દિવસ પછી આમલ અને મજીદ કોઈ પણ અવાજ અને અપેક્ષા વિનાના એકાંતમાં મળ્યાં.

નાનકડાં તબર્જા ગામ પાસેના દરિયા કિનારે, જ્યાં આકાશ અને દરિયો એક થતાં હતાં, આમલને એની ચાહતે શોધી લીધી! બંને વચ્ચેનું મૌન તોડતાં મજીદે પૂછ્યું, ''આમલ, તું પરણીશ મારી સાથે?'' અનેકવાર અરીસા સામે જે બોલી હતી, એ 'હકાર' માત્ર માથું ધુણાવી પ્રગટ થયો. આમલ મજીદની બાથમાં ભિડાઈ. એના ચહેરાને નજીક ખેંચી, મજીદે એના હોઠ ચૂમી લીધા, ''હું તને ખૂબ ચાહું છું.'' આમલ જેના માટે જીવી રહી હતી એ એક ચુંબન અને એ શબ્દો.. ''જે લાગે તે અંદર જ રાખજે.'' ના, મા ખોટી હતી.'' અને આમલ ઉઘડી, ''હું પણ તને ખૂબ પ્રેમ કરું છું.'' જીવનની આટલી આભારી આમલ આજ પહેલાં ક્યારેય નહોતી!''

અગાધ સમુદ્ર અને અસીમ આકાશની ભૂરી સાક્ષીએ બંનેના શ્વાસ એકમેકમાં ભળી રહ્યાં. મજીદના પહોળા ખભા અને સાથે ચાલતાં સંભળાતાં એના પગરવનું સંગીત આમલનાં જીવનને નવેસરથી ગોઠવી એનું કેન્દ્ર બની રહ્યાં.

બધાંને આ ખબર આપવા જતી શાળાની છોકરીઓ ગલીઓમાં આનંદથી કિલકિલાટ કરતી ફરી વળી, ''મજીદ ડૉકટર અને આમલ ટીચર લગ્ન કરશે...''

ઈ.સ. ૧૯૮૧ - પ્રેમ

સગપણના એક મહિના દરમિયાન એ લોકો રોજ મળતાં. આમલનાં બાળપણની વહેલી સવારના એ જાદુઈ સમયે જ મજીદ આવતો અને બંને એકબીજા માટે પોતાની મોહબ્બત નિઃશબ્દ નિહાળતાં. લગ્ન સુધી યુસેફ અને ફાતીમાનાં માન અને નામને આંચ ન આવે એ માટે બંને સજાગ હતાં.

શબ્દોની આપ-લે પણ વિઘ્ન બનતી હોય, એમ આંખમાં આંખ અને હાથમાં હાથ પરોવી, ધીમું-ધીમું મલકી બેય ગણગણી લેતાં. સૂરજ ઊગતાં જ પહેલી નમાજ બંને સાથે અદા કરતાં. સૂરજ એમનો દૂર સુધી લંબાતો પડછાયો જોતો, અને ફરી મળવાના વાયદા સાથે સંતોષપૂર્વક બેય છૂટાં પડતાં.

સાંજે પાંચેય - યુસેફ, ફાતીમા, ફલાસ્તીન અને પોતે બે - એક જ થાળીમાંથી તળેલા ટમેટા, હમસ (ચણાનું શાક), ઓલિવ, ઈંડા, ચીઝ, દહીં અને કાકડીનું ભોજન આરોગતાં. નાનકડી ફલાસ્તીનની બગડેલી આંગળી ચાટતી ફાતીમાને જોઈને આમલને પણ જલદીથી પોતાનું બાળક કરવાની ઝંખના થતી.

એક ગુરુવારે મજીદે એને ટેલિસ્કોપથી રાતનાં રહસ્યો બતાવ્યાં હતાં. પછી દરિયાકિનારે એનાં જખમી પેટ પર હળવેકથી હાથ ફેરવી એને ચૂમ્યું હતું ... ને નફરતના એ ઘાવ પર મજીદના પ્રેમની મોહર લાગી હતી. મજીદે એ દિવસે આમલને પોતે નહોતી કરી શકી એવાં એનાં પોતાનાં શરીરનો સ્વીકાર કરાવ્યો હતો..!

આવી ગયો એ દિવસ જ્યારે આમલ સૌના ધ્યાન અને ખુશીનું કેન્દ્ર હતી - લગ્ન હતાં એનાં.

ઈ.સ. ૧૯૮૧-૮૨ - વાર્તા હંમેશની ...

માએ પહેર્યાં હતાં એનાથી ઘણાં હળવાં સોનાનાં ઘરેણામાં શણગારેલી હતી આમલ. કાલે જ જેનું શરીર સ્વચ્છ અને સુઘડ કર્યું હતું ફાતીમાની બહેનપણીઓએ. સુગંધી તેલ અને અત્તરથી મઘમઘતી, હળદર-મહેંદીવાળી અને કૌમાર્યનાં પ્રતીક સમું સફેદ રેશમ પહેરેલી આમલ 'અરુસા' - નવવધૂ હતી..! શાતિલાની સ્ત્રીઓ એ દિવસે આરબજીવનનો એક ખૂબ મહત્ત્વનો પડાવ ઉજવી રહી હતી ધામધૂમથી... પુરુષોથી જુદી, માથાંનો હિજાબ ઉતારી કમરે બાંધી, ખુલ્લા વાળે અને મોકળાં મને મધ્યપૂર્વીય સંગીત પર પોતાનાં શરીર થિરકાવી રહી હતી. નવવધૂનાં નવજીવનનો ઉત્સવ, જાણે ઉત્સવ પોતાનાં સ્ત્રીત્ત્વનો...! પરંપરા મુજબ વડીલ સ્ત્રીઓએ અલ્લાહ અને પૂર્વજોને સાદ પાડ્યો અરુસાને આશિષ પાઠવવા...

આમલને 'વર્દા' યાદ આવી ગઈ. ત્યારે છોકરીઓ અરુસા બનીને પાતળી કમરે રૂમાલ બાંધી નાચતી. પેલો સાદ પાડતાં તો હુદાને જ આવડતું... આમલને સાંભરી આવી એની ખાસ સખી.... 'કાશ હુદા સાથે હોત...' ને સાથે યાદ આવી એ મજબૂત, સુંદર

દાલિયા, મુના જલાયતા, કોલંબિયન બહેનો, અમેરિકાની એકલતા.... પણ પાછી ફરી એ બાબાના પરોઢના સ્વર વચ્ચે ... માણી રહી પોતાનાં લગ્નને .. એક પણ વાર જડબું ભીંસ્યા વિના ...!

થોડા સમય પછી સ્ત્રીઓ ફરી હિજાબ સાથે પુરુષોમાં ભળી ગઈ. કમરપટ્ટે તલવાર બાંધી સફેદ પોશાક અને લાલ રેશમી કાફિયામાં મજીદ ખૂબ સોહામણો લાગતો હતો. બંનેના હાથ મળ્યા અને એમની ફરતે સૌ ઉત્સાહપૂર્વક નાચ્યાં.

ત્યારથી જ પકડી રાખેલ પત્ની આમલનો હાથમાં હાથ લઈ, મજીદ એને ફિયાટમાં બેસાડી પોતાનાં બૈરુતનાં ઘરે લઈ ગયો. બંને હવે પતિ-પત્ની હતાં. પહેલાં તલવાર, પછી પટ્ટો અને ધીમે-ધીમે બધાં આવરણો ખરી પડ્યાં, દ્વૈત સરી ગયું. બંને શરીર અને આત્માનું ઐક્ય સધાયું.. આમલ, લાંબા સ્વરવાળી, અનેક અરમાનોવાળી, આજે મજીદની થઈ ગઈ. ભાગ્યે આમલને એનું ખુદનું સ્વપ્ન આપ્યું - પ્રેમનું, કુટુંબનું, બાળકોનું ... ભણતર, દેશ, હદ, સરહદ કે ન્યાયનું નહિ. પોતાનાં નવાં જીવનનું ...

સાથે ઊઠતાં, બેસતાં, હસતાં, જમતાં અને બંદગી કરતાં બંનેનાં જીવન એક થઈ ગયાં. દિવસે યુવાપ્રેમીઓની જેમ રેતીમાં નામ લખતાં, અને રાતે ફરી એ જ સામિપ્યની પૂર્ણતામાં સરી જતાં.... આ એ જ પ્રેમ હતો જે ફાતીમાએ અનુભવ્યો હતો. એકમેકમાં ભળવાની એ પળમાં પ્રગટીકરણ હતું શાશ્વતીનું, દિવ્યતાનું ....

ખુશીના એ દિવસો બેવડાયા જ્યારે આમલે જાણ્યું કે પોતે મા બનવાની છે, અને ફાતીમા પણ ...! માતા-પિતા બનવાના હરખમાં મજીદ અને આમલ લાગી ગયાં ભવિષ્યનાં આયોજનો ઘડવામાં...

એ જ અરસામાં પી.એલ.ઓ.ને ડામવા ઈઝરાયેલ લેબેનન પર ચડાઈ કરવાની તૈયારીમાં હતું. સંયુક્ત રાષ્ટ્ર અને લેબેનન સરકારની ખાતરી છતાં યુસેફને વિશ્વાસ નહોતો બેસતો ઈઝરાયેલ પર ... આમલને ફરી અમેરિકા જઈ પહેલાં ફાતીમા, બાળકો અને પછી મજીદને ત્યાં જ બોલાવી લેવાની તૈયારી માટે યુસેફે મનાવી લીધી.

શાળાની છોકરીઓએ હાથે બનાવેલ ભેટ અને મિઠાઈઓ સાથે આમલને ખૂબ લાગણીસભર વિદાયમાન આપ્યું. ફરી મળવાની ખાતરી સાથે આમલ એમનાથી છૂટી પડી...! પણ મજીદથી દૂર જવું જાણે અશક્ય જ લાગતું હતું. યુદ્ધ પછી દર્દીઓની સેવા કરવાના આશયથી રોકાયેલ મજીદ કાયર હોત તો કેવું સારું થાત....!

વધેલાં પેટે, હસતા અને આંસુભર્યા ચહેરે આમલ ફાતીમા-ફલાસ્તીનને વળગી ... ફરી એકવાર મજીદને ચુંબન કર્યું... એ ચુંબન અને મજીદના શબ્દો'', હું તને હંમેશ ચાહતો રહીશ... આજીવન..' ના ટેકે મનમાંથી બધી જ કુશંકાઓ હડસેલી આમલ નીકળી ફિલાડેલ્ફિયા તરફ ....

ઈ.સ. ૧૯૮૨ - ફરી ફિલાડેલ્ફિયા

બૈરુત છોડ્યાના બરાબર છવ્વીસ કલાકે, ૧૯૮૨ની ૧૬મી મેના આમલ ફરી એકવાર ફિલાડેલ્ફિયા પહોંચી, નિરુત્સાહે ... જાણે કે વચ્ચે સદીઓનાં વ્હાણાં વાઈ ગયાં હતાં ... સૌથી પહેલાં એણે મજીદના ઈંગ્લેન્ડના સહાયક ડૉકટર મહમુદ મહેરને ફોન કર્યો. ખૂબ આત્મીયતાપૂર્વક આવકારીને એમણે આમલ માટે નોકરીની પણ ગોઠવણ કરી આપી.

ઝડપી જીવનમાં એટલી જ ઝડપથી ગોઠવાતી અને મજીદ સાથે ફાતીમાની રાહ જોતી આમલને પિતા સમાન મહમુદ કાકા અને એમનાં પત્ની એલિઝાબેથ મહેરે ખૂબ મદદ કરી. ઓક્સફર્ડ પછી આફ્રિકાની સહાયક સંસ્થાઓમાં અને પછી અમેરિકામાં સ્થાયી થયેલાં આ પતિ-પત્નીએ દવાઓને ય સરહદ પાર કરાવી! બાળકની ખેવનામાં બંનેએ આમલ અને એનાં આવનારાં બાળકની સંપૂર્ણ જવાબદારી લઈ લીધી.

આમલ બધી તજવીજમાં હતી, એવામાં ૧૯૮૨ની ૬ઠ્ઠી જૂને ઈઝરાયેલે લેબેનન પર હુમલો કર્યો. ટેલિવિઝન ચેનલોએ એને નામ આપ્યું ''ગેલિલિનું પીસ (શાંતિ) ઓપરેશન'... ! આ કેવું ઓપરેશન ...! મજીદ તો એ કરતો લોકોના જીવ બચાવવા...! વાત કરવાના અવિરત પ્રયત્નો પછી આખરે મજીદ મળ્યો, 'અલ્લા રહમ...! આ નરકમાંથી નીકળવા એક તારા જ અવાજની રાહ હતી મને..'' આમલે એને તરત આવી જવા વીનવ્યો. પાછળ બૉંબ ધડાકા, સાયરન અને માણસોની રોકકળમાં મજીદે એને સમજાવી કે, લોકોની સારવાર માટે એની વધુ જરૂર ત્યાં જ હતી... આમલ પોતાનું ને બાળકનું ધ્યાન રાખે એ જ એના માટે પૂરતું હતું. દીકરી આવવાની છે, એ જાણીને તો એની ખુશીનો પાર જ નહોતો રહ્યો... 'સારા' નામ તો એણે વિચારી જ રાખ્યું હતું. એણે કહ્યું, ''બસ, એટલું જ કહીશ કે તને ખૂબ જ ચાહુ છું. તું કલ્પી ન શકે એટલું...' અને ફોન કપાઈ ગયો... આમલે અલ્લાહને પ્રાર્થના કરી, કર્યા જ કરી દાલિયાની માફક ...

એરિઅલ શેરોને પોતાનાં લશ્કરને લેબેનનમાં ઘુસાડી દીધું હતું. બૉંબમારો, વધુ ધડાકાઓ, ઢગલા લાશો ... કેટલાય દિવસ મજીદ સાથે સંપર્ક ન થઈ શક્યો. આમલનો તો જાણે જિંદગી સાથેનો સંપર્ક તૂટ્યો...!

ઑગસ્ટ સુધીમાં તો ૧૭,૫૦૦ લોકો મરાયાં, ૪૦,૦૦૦ ઘવાયાં, ચાર લાખ બેઘર અને એક લાખ છતવિહોણાં....! અને આ 'શાંતિમિશન' હતું ઈઝરાયેલનું! એક અંગ્રેજ પત્રકાર તો પોતાનો અનુભવ કહેતાં ભાંગી પડી, ''નાનાં-નાનાં બાળકો ભડકે બળતાં હતાં... કલાકો સુધી પાણીમાં રાખવા છતાં જ્વાળાઓ હોલવાઈ નહોતી. ફરી ફરીને એમનાં શરીરે આગ ભભૂકી ઊઠતી...''

અમેરિકન પ્રધાનમંત્રી રોનાલ્ડ રિગને ફિલિપ હબીબને ખાસ ત્યાં મોકલ્યા હતા અને વચન આપ્યું હતું કે પી.એલ.ઓ. લેબેનનમાંથી ચાલ્યા જાય, તો પાછળ એમનાં સ્ત્રીઓ અને બાળકોની જવાબદારી અમેરિકાની ....

ઈ.સ. ૧૯૮૨ - કાયમની અણકહી કહાણી ...

દસમી સપ્ટેમ્બર રાતના ત્રણ વાગ્યે અચાનક ફોન રણક્યો.... આમલ સફાળી જાગી. રાત હતી કે દુઃસ્વપ્ન! તુનિસથી યુસેફનો ફોન હતો... યાસેર અરાફતે મહાસત્તાઓ સાથે કરેલ કરારના ભાગરૂપે પોતાની પત્ની-બાળકોને ત્યાં જ રાખી પી.એલ.ઓ.એ ફરજિયાતપણે લેબેનન છોડવું પડ્યું હતું અને હવે યુસેફે ક્યારેક ન ઈચ્છ્યું હોય એવું કહેવાની ક્ષણ-કસોટીની પળ આવી ગઈ હતી.

આવા ભયંકર યુદ્ધમાં સતત લોકોની પડખે રહીને મજીદે પોતાનું વચન નિભાવ્યું હતું. દિવસ-રાતના કામ પછી સાથીઓએ થોડા આરામ માટે એને એક રાત યુસેફનાં ઘરે મોકલી દીધો હતો. હોસ્પિટલ પર ક્યારેય બોંબમારો ન કરે, એવી ધારણાને સવારે હોસ્પિટલ સાથે જ ધૂળમાં મળેલી મજીદે જોઈ....! કોઈ ઈશ્વરી શક્તિથી પોતાના સાથીઓ અને અન્યોની લાશો કાટમાળ નીચેથી કાઢી, લોહીની નદીઓ અને મદદના ચિત્કારો વચ્ચે એ ને યુસેફ ઝઝૂમતા રહ્યા. શરીરે તો જવાબ દઈ જ દીધો હતો, પણ જ્યારે એક નાની બાળકીને મૃત અવસ્થામાં એની માનાં શરીર સાથે ચોંટેલી જોઈ, મનથીય બંને ભાંગી પડ્યાં, ધ્રૂસ્કે-ધ્રૂસ્કે રોઈ પડ્યા હતા. ''આમલને વિધવા તરીકે અને સારાને અનાથ તરીકે હું નહિ જોઈ શકું.'' મજીદે બીજે દિવસે જ લંડન જવાનો નિર્ણય કર્યો ... ''અલ્લાહ તારી પડખે રહો'' કહીને યુસેફ મિત્રથી છૂટા પડ્યાને પાંચ જ કલાકમાં મજીદનાં રહેઠાણ પર બોંબમારાના સમાચાર આવ્યા. આખું મકાન ધરાશયી થયું હતું અને એમાનાં કોઈ બચી શક્યા નહોતાં.

યુસેફનો ધીમે-ધીમે ખોવાતો જતો અવાજ સાંભળી રહી આમલ .. દુઃખ, તકલીફ, ગુસ્સો, પ્રેમ - કાંઈ નહોતું અનુભવાતું .. એનું સર્વસ્વ બહાર ઘસી જતું લાગ્યું. મજીદની ફિયાટ, એની છાતી પર પોતાનું માથું, બંનેનું નિરાવરણ ઐક્ય, એનો સ્પર્શ, એનાં ચુંબનો, એનો પ્રેમ ... એ ઘરમાં સાથે જોયેલાં સપનાં-બાળકોનાં, ફરવાનાં, નાનાં સુંદર ઘરનાં, ગીતોનાં, નૃત્યનાં-ચૂર થઈ ગયાં હતાં - મજીદનાં મૃત્યુની એક જ હકીકત નીચે કચડાઈને...

''હું તને શાશ્વતી સુધી પ્રેમ કરીશ ... આપણે હંમેશ માટે ભેગાં છીએ...''

મારી નાખ્યો હતો એને ... બચી તો માત્ર રાખ.. ઢગલાબંધ...જિંદગીની જેમ પ્રેમ પણ ધૂળમાં મળી ગયો હતો. સાવ ખાલીપાની એ મનોદશામાં દસ માઈલ ચાલીને, બગીચામાંનાં પ્રેમી યુગલો પાસેથી પસાર થતી, ભાગ્યથી વિવશ આમલ મુહમ્મદ પાસે પહોંચીને ફસડાઈ પડી... પેટની અંદર બાળકીએ જોરથી લાત મારી ને બહાર સૂરજ ડોકાયો....

ઈ.સ. ૧૯૮૨ - દયનીય રાષ્ટ્ર

સપ્ટેમ્બરના યુસેફના ફોન પછી આમલનાં જીવનની ધરી જ હલી ગઈ. એ જ મહિનાની સોળમીએ 'યુદ્ધ અટકાવો'ના એલાન છતાં એરિયલ શેરોનનું લશ્કર સાબ્રા અને શાતિલાની છાવણીને ઘેરી વળ્યું. ફાતીમા-ફલાસ્તીન યુસેફ વિનાનાં નિરાધાર જ છાવણીમાં પુરાઈ રહ્યાં.

બે દિવસ પછી પહેલો પત્રકાર અંદર દાખલ થયો રોબર્ટ ફિસ્ક. એણે નોંધ્યું, ''એ બધે જ હતાં ... ગલી-કૂચી, ઘર, આંગણે, તૂટી ગયેલા ઓરડાઓથી લઈને કચરાના ઢગલા સુધી - મૃત શરીરો - સ્ત્રીઓ, બાળકો, છોકરાઓ, વૃદ્ધોનાં ... ગોળી કે છરીથી છુંદાયેલા મૃતદેહો... ગણતાં થાકી જવાય એટલા ... અને એવામાંય છત-છજ્જાં પરથી ઈઝરાયેલના સૈનિકો અમને તાકી રહ્યા હતાં...!'' લાશોના ઢગલા જોઈને 'વૉશિંગ્ટન પોસ્ટ'ના ખબરી લોકેન જેન્કીન્સે તો રાડો પાડી ગાળો ભાંડવા માંડી હતી. ''શેરોન, તેં ફરી આ શેતાની કરી...?!''

પેલેસ્તાઈનના શાતિલામાં જોયેલ એ દૃશ્ય, કત્લેઆમને વર્ણવવા શબ્દો પણ ટૂંકા પડતા હતા અને એને એક 'આડઅસર જેવી ઘટના' ગણવામાં આવી...! આ તો હીણપતભરેલું દુષ્કૃત્ય હતું...! જેન્કીન્સ અને એનો સાથી તો આઘાતમાંતી બહાર જ નહોતા આવી શકતા આવું જોઈને — ''કપાયેલાં શરીરો, ફાટેલા કપડાવાળી બળાત્કારનો ભોગ બનેલી ને રહેંસી નાખેલી સ્ત્રીઓ, કપાયેલાં ગળાવાળાં માસૂમ બાળકો, નગ્ન કરીને નપુંસક બનાવી દીધેલ છોકરાઓ .... અધધધ ... પડ્યાં હતાં. આ બધાં કચરાના ઢગલા ઉપર ... ઈઝરાયેલ સૈનિકોની વેફરનાં પડીકાં અને વ્હીસ્કીના ડબ્બાઓ વચ્ચે.....!''

આમાંની કેટલી તો આમલની વિદ્યાર્થિનીઓ હશે ... અને કેટલીય ફાતીમાની સખીઓ જે નાચી હતી આમલનાં લગ્નમાં ...

''... જમણી બાજુ પચાસ જ મીટરનાં અંતરે કેટલાય છોકરાઓ .... ભયના માર્યા એકબીજાને ભેટેલા - એ જ હાલતમાં મારી નંખાયા હતા! કોઈનું માથું તો કોઈનો ચહેરો ફાટી ગયો હતો. એમાં નાનામાં નાનો તો માત્ર બાર-તેર વર્ષનો જ હશે....!''

પછીનો ફકરો - ફાતીમા - ફલાસ્તીન વિશેનો...?!

'મુખ્ય રસ્તાની એક બાજુ મધ્યમવયની એક સ્ત્રીની લાશ ગટર પાસે પડી હતી, ભૂરા રંગનો પરંપરાગત આભો પહેરેલી એ સ્ત્રીનાં કપડાં ચીરાયેલાં હતાં. એની પાછળથી ડોકાતી ઘાટ્ટા વાંકડિયા વાળવાળી નાનકડી છોકરીની આંખો ફાટેલી હતી - જાણે અમારી સામે તાકતી ન હોય....! બંને મૃત હતાં - પેલી સ્ત્રીનું પેટ ચીરીને એની અંદર રહેલા, નહિ જન્મેલા જીવને પણ પીંખી નાખવામાં આવ્યો હતો..! કદાચ એથી જ સ્ત્રીનું મોં આતંકિત અને થીજી ગયેલું હતું....!''

... અરે રે...! ભૂરો આભો - ફાતીમાનો પ્રિય .... વાંકડિયા વાળવાળી - ફલાસ્તીન ...! — અને યુસેફનો ફોન ... આકાશને હલાવી નાખે ને વાદળને વલોવી નાખે એટલું દુઃખ હતું એના અવાજમાં ... ''ફાતીમા ... મારી વ્હાલી ... મારો જીવ .. ચીરી નાખી એ લોકોએ એને ... મારી નાખ્યાં મારાં બાળકોને એ નરાધમોએ ... એ ચીસ પાડી ઊઠ્યો હતો... એના અવાજમાં પીડા હતી - પારાવાર પીડા ... હાડ ગાળી નાખે, હાંજા ગગડાવી નાખે અને હૃદય હચમચાવી નાખે એવી .... ''વધેરી નાખ્યાં મારાં વ્હાલાંઓને ઘેટાંની જેમ .... નરકમાં જાય એ બધા..''

— ફોન કપાઈ ગયો - જાણે યુસેફની જીવાદોરી પણ .. ફાતીમા અને ફલાસ્તીન સાથે એ ક્રૂરોએ યુસેફનેય મારી નાખ્યો હતો…! ફરી આમલ નીકળી ગઈ બહાર, પેલા દિવસની માફક … પગ નીચે તાજાં ખરેલાં પાંદડાનો ભૂક્કો થવાનો અવાજ…. પોતાનાં આંસુઓ ને ભાઈનાં અંદરનાં તોફાનને દબાવતી, જડબાં પીસેલી આમલ … અમેરિકાનું રોજિંદુ જીવન જીવતાં આસપાસનાં લોકો … ફસડાઈ પડી આમલ … પાછળથી કારણ મળ્યું કે, દોડી હતી એ બગીચામાં બેસીને હસતાં લોકો પાસે એમની ખુશીનું રહસ્ય જાણવા…! બની જ કેમ શકે એવું…!

ભાનમાં આવી ત્યારે પોતે હોસ્પિટલમાં એલિઝાબેથની સંભાળમાં હતી … આમલનું દુઃખ સમજતી એલિઝાબેથ એનો હાથ પોતાના હાથમાં લઈને મૌન હતી…

આમલની મૃત્યુની આકાંક્ષા પર એની દીકરીની જન્મની ઈચ્છા જીતી ગઈ … પોતાની જાતને છેટે મૂકીને આમલ મુક્ત થઈ બાળકી સારાના અવતરવા સાથે … પણ પોતાના જીવવાનો શો અર્થ જ્યારે ફાતીમા અને એનું જન્મ્યા વિનાનું બાળક મૃત્યુ પામ્યાં હોય…?! અપરાધભાવ અને પશ્ચાતાપ વચ્ચે અટવાતી એ ચીસ પાડી ઉઠી, ‘‘ફાતીમા…’’

ઈ.સ. ૧૯૮૨-૮૩ - નિઃસહાય

મજીદ વિના આમલે માતૃત્ત્વ ધારણ કર્યું. મહેર દંપતિ સારા અને આમલને પ્રેમાગ્રહપૂર્વક પોતાની સાથે લઈ ગયાં. એમણે જ તો સારા-આમલને બચાવ્યાં.

સાબ્રા અને શાતિલાના હત્યાકાંડના એક અઠવાડિયાં પછી ‘ન્યુઝવીક’ મેગેઝિને છાપ્યું, ‘હતભાગી ઈઝરાયેલ?!! અમેરિકાની ખબરો અને સમાચારોએ ભૂતાવળની જેમ આમલનાં મગજ પર, દિલોદિમાગ પર ઘેરો ઘાલ્યો… અજંપાથી બચવા એને જરૂર હતી ઠંડકની - ખરું તો, ઠંડાગાર થઈ જવાની. એણે ભીડી લીધું એ તોફાન પોતાનાં જડબામાં અને બંધ કરી દીધું સમાચાર જોવાનું …

સારાને, અબુધ બાળકીને જરૂર હતી એની. પણ આમલ એની પાસે જતાંય બીતી. એનો ભય, આક્રોશ, પીડા, એને પજવતી યાતના ક્યાંક એની દીકરીને સ્પર્શી જશે તો?! આમલે પોતાની જાતને સંકોરી લીધી. એ બધાને - સારાનેય પોતાનાથી દૂર રાખવા લાગી. માત્ર રાત પડે, દાલિયાની જેમ, સૂતેલી સારાની સુગંધ પોતાના ફેફસામાં ભરી લેતી … એ જ તો નિમિત્ત હતી શ્વસવાનું….

બીજી તરફ, એરિએલ શેરોન પોતાનાં સફળ રાજકારણથી યહુદી રાજ્ય ઈઝરાયેલનો વડાપ્રધાન બની ગયો અને અમેરિકાના તેંતાલીસમા રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશે એને ‘શાંતિદૂત’ તરીકે નવાજ્યો!! સાબ્રા અને શાતિલાની ભયાનકતા ધુમાડો બની હવામાં ઊડી ગઈ…

યુસેફ સાથે છેલ્લે ૧૯૮૩ના જાન્યુઆરીમાં વાત થઈ હતી. યાસેર અરાફતની કાયરતાથી થાકીને એણે પી.એલ.ઓ. છોડી દીધું હતું અને એ લેબેનન આવી ગયો હતો.

'બધું પૂરું થાય એ પહેલાં' એ એકવાર આમલના ખબર મેળવી લેવા ઈચ્છતો હતો. એ 'બધું' શું હતું?! એ શા માટે લેબેનનમાં હતો? આવા એક પણ પ્રશ્નના જવાબ આપ્યા વિના એ સારા વિશે જાણતો રહ્યો. ''બધું ભૂલીને આપણે ફરી સાથે જીવતાં શીખશું.'' આમલે કહ્યું, પણ કોઈ પ્રતિસાદ વિના એણે ફોન કાપી નાખ્યો!

આમલનો ભાઈ નહોતો બચ્યો, સાબ્રા-શાતિલાના દર્દનાક બનાવ, મહાસત્તાઓના ખોખલા વાયદા અને આરબોનાં રેડાતાં લોહી જોયા પછી એનો આત્મા એનું ખોળિયું છોડી ગયો હતો..!

ઈ.સ. ૧૯૮૩ - ફૂલોનો મહિમા

૧૯૮૩નો એપ્રિલ, ફૂલો મ્હોરવાનો મહિનો આવી ગયો. પણ એના અઢારમા જ દિવસે લેબેનનમાં રેડાયેલાં લોહીનો ફાલ ચોતરફ બદલારૂપે છપાયો હતો.

ભૂખી સારાને ઊંઘતી જ પોતાની છાતીએ લગાડી આમલ ફરીવાર બાબાની પ્રિય કવિતા 'ધ પ્રોફેટ' વાંચવા લાગી -

''.. અને પછી બીજી સ્ત્રીની કૂખે હું જન્મીશ ...
ત્યાં સુધી વિદાય લઉં છું તારી.
... મળશું જો ફરી બીજાં સ્વપ્નમાં,
રચશું સાથે ફરી એક ઈમારત આકાશમાં ...''

સમાચારો વાંચવાનું તો આમલે ક્યારનું છોડી દીધું હતું, પણ વસંતના અઢારમા દિવસે આ સામે આવ્યું, એક માણસે લેબેનનમાં અમેરિકન દૂતાવાસને બોંબથી ઊડાવી દીધો... ત્રેંસઠ માણસો મર્યા અને ઘણા ઘવાયા. 'અમેરિકન દૂતાવાસ પર આતંકવાદી હુમલો..' એલિઝાબેથ અને આમલ ટીવી સામે તાકી રહ્યાં ...

એલિઝાબેથે સારાને રમાડવાનું અને ખવડાવવાનું ચાલુ જ કર્યું હતું ત્યાં સી.બી.આઈ. (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન)વાળા આમલને લેવા આવી પહોંચ્યા! જેક કાકાનાં માત્ર નામવાળો પણ સાવ જુદો ઓફિસર જેક ઓ'મોલિ એને સાથે લઈ ગયો અને એક ફોટો ઓળખવા કહ્યું - ફોટો યુસેફનો હતો..! પણ દાદા યેહ્યા જેવી કડક વળવાળી મૂછો વિનાનો અને ખાલીખમ આંખોવાળો..!

દસ કલાકની ઉલટ તપાસ પછી પણ આમલે એને માત્ર પોતાના ભાઈ તરીકે ઓળખ્યો ... આતંકવાદી હુમલા પાછળ એ મુખ્ય હોવાનું તો એણે ન જ કબૂલ્યું, એ ચિઠ્ઠી જોવા છતાં પણ નહિ, ''મને માફ કરજે આમલ. એ લોકોએ આપણી સાથે જે કર્યું, એનો એક અંશ તો એમણે ભોગવવો જ રહ્યો - યુસેફ''. એણે પી.એલ.ઓ. ચોક્કસ છોડ્યું હતું, પણ એ ઈસ્લામિક જેહાદનો સભ્ય નહોતો જ...

એ દિવસ પછી આમલ પોતાના અંધકારમાં વધુ ડૂબતી ગઈ. પેલા ઓફિસરોએ

કેટલાંક વર્ષો સુધી આમલનો પીછો ન છોડ્યો. આતંકવાદના મુદ્દે એની યજમાન એન્જેલાના પતિ સાથે આમલની મારામારી પણ થઈ ગઈ....!

એ હસમુખો યુસેફ જે તુલ્કારેમની ટેકરીઓ પર ફર્યો હતો, હાઈફાનાં મેદાનોમાં મિત્રો સાથે રખડ્યો હતો, કેરમ રમ્યો હતો, જેનાં સ્મિત પર હજારો દિલ કુરબાન હતાં. એ ફરી એવો ક્યારેય ન રહ્યો, પકડાયો, સતાવાયો, અપમાનિત થયો અને પોતાની પ્રેમિકા-પત્નીનાં દુ:ખમાં ધરતીને હચમચાવી નાખવા તૈયાર થઈ ગયો...! એનો ફોટો અમેરિકાની ભીંતે-ભીંતે ચોંટાડ્યો હતો! જેની લાગણીશીલતાની નાનપણમાં ઠેકડી ઊડાડતાં એ યુસેફ આતંકવાદી હતો દુનિયાની નજરોમાં....! ટીવી પરના એના ફોટા સાથે આમલ સરખાવી રહી શાતિલાના ફાતીમા અને ફલાસ્તીન સાથેના પ્રેમાળ સ્મિતવાળા એના ફોટાને...!

ઈ.સ. ૧૯૮૩ - **યુસેફનો બદલો**

યુસેફને બધે જ ફાતીમા દેખાતી હતી. એના પ્રિય ભૂરા આભામાં ... એ આભો જે અનેકવાર એમના પ્રેમનો સાક્ષી બન્યો હતો...! ''અમેરિકાએ સહી કરી દીધી છે. હવે યહૂદીઓ કાંઈ નહિ કરે...!'' લેબેનને છોડતા યુસેફને ભોળી ફાતીમાએ આંસુભરી વિદાય આપી હતી, ''ગમે તેટલો સમય થાય, આપણે ભેગાં થશું... હું અનંતકાળ સુધી તારી રાહ જોઈશ...'' ફલાસ્તીન ચૂમી હતી એના બાબાને.

બસ, ત્યારપછી યુસેફે એમને જોયાં પેલા ફોટામાં - પીંખાયેલાં, લોહી નીતરતાં ... ''અલ્લાહ ... હું એમને માનભેર દફનાવી પણ ન શક્યો..''

દાલિયા-હસનનો પુત્ર, યેહ્યા-બાસિમાનો પૌત્ર - એક આરબ પુરૂષ ... અંદર ખળભળતાં તોફાને જેની શાંતિ હણી લીધી હતી એ યુસેફ હવે નહિ અટકે ... બદલો લેશે, વેર વાળશે પૂરાં ઝનૂનથી.. અને કોઈને માફી નહિ મળે....

૬. ઈ.સ. ૧૯૮૩-૮૭

ફિલાડેલ્ફિયામાં આમલે ફરી નોકરી ચાલુ કરી દીધી હતી. છેલ્લાં ટીપાં સુધી નિચોવાઈ ગયેલી આશાવાળી આમલ, ફરી અર્થ વિનાની 'એમિ' બની ગઈ. સાવ જ શાંત, સ્વર વિનાનાં ગીત જેવી એની જિંદગી એણે કામમાં ખૂંપાવી દીધી. મિત્ર વિહોણી એમિને એના સાથીદારો 'બરફની રાણી' કહેવા લાગ્યા. એ બધાંને અણદેખ્યાં કરતી કેમ કે એને ઈર્ષ્યા થતી એમની સલામતીની અને નાના-નાના ભયની...! કામનો તણાવ એને તો લાગતો જ નહિ - અમેરિકાની રોજબરોજની ચિંતા - એમનાં જીવનથી નફરત હતી આમલને ... એનાં પથ્થર જેવાં વ્યક્તિત્વને વીંટળાયેલી કોઈ વ્હાલસોયી વેલ હતી તો એ નાનકડી સારા ...

પોતાનાં મૂળિયાં, લોહિયાળ ઈતિહાસ એને જકડી લેશે, એવા ભયથી એ સારાને મોટા ભાગનો સમય એલિઝાબેથ પાસે જ રાખતી અને પરિણામે એકમેકને ઝંખતાં હોવા છતાં બંને વચ્ચે દિવાલ ચણાતી ગઈ.

સારા ત્રણ વર્ષની થઈ ત્યાં સુધીમાં ફિલાડેલ્ફિયામાં એક નાનું મકાન લઈ, સાફસૂફી, રંગરોગાન કરી એને જાતે શણગાર્યું હતું. એક સારી મા તરીકે સૂતેલી સારાને ખોળામાં લઈ બાબાની જેમ વાંચી સંભળાવ્યું હતું કેટલુંય .. પૂર્વમાંથી પ્રગટતા સૂર્યના અજવાળે મજીદ સાથે વાંચેલું 'ધ પ્રોફેટ' સારાને સંભળાવ્યું,

''તમારાં બાળકો ક્યાં તમારાં છે...!?
એ તો જન્મ્યાં છે જીવનની તમન્નામાંથી ...
આવ્યાં છે તમારા નિમિત્તે ...
પ્રેમ તમારો આપો ચોક્કસ ... નહીં આપો વિચારો તમારા ...
હશે તેમને સપનાં પોતાનાં ...
... કેમ કે જીવન કદી પાછું ફરતું નથી ગઈકાલમાં ...''

- પોતાના અવાજમાં એને સંભળાયો મજીદ અને દેખાઈ એક બુઝાઈ ગયેલી - અધૂરી પ્રેમકહાણી ... મજીદે એવું એક ઝરણું હતો જેને એ ફરી ક્યારેય પીવાની કે જીવવાની નહોતી ... પ્રેમને અંદર જ વાસી દઈ, સારાને સુવડાવી, ફરી એ બની ગઈ ઍમિ, કાળા પોશાકમાં સજ્જ, ઠંડીગાર ....

ઈ.સ. ૧૯૮૭-૯૪

ઈઝરાયેલના કબજાનાં વીસ વર્ષે પેલેસ્તાઈનની ભૂમિ સળવળી ઊઠી ... વર્ષોની સાંકળ તોડીને એમનો ક્રોધ ભભૂકી ઊઠ્યો - ઠેરઠેર પથ્થરમારો થયો - એ અટકાવવા વિત્ઝોક રોબિન, ઈઝરાયેલના વડાપ્રધાને એમનાં હાડકાં ભાંગી નાખવાંનો હુકમ બહાર પાડ્યો.

'ઊગતું અને આથમતું પેલેસ્તાઈન'માં આમલે વાંચ્યું,

''પૂછતાછ દરમિયાન લશ્કરે દસ વર્ષના એક છોકરાને એટલો માર્યો કે લોહી જામ થવાથી એ આખો કાળો પડી ગયો! છ વર્ષના એક છોકરાની આંખે પાટા બાંધી, ડરાવી-ધમકાવીને ને એને એક અઠવાડિયાં સુધી, એનાં મા-બાપ પાંચસો ડોલર લઈને છોડાવવા ન આવ્યાં ત્યાં સુધી ગોંધી રાખ્યો! આઠ વર્ષના એક છોકરાને નગ્ન કરી, બરફની પાટ પર સુવડાવીને માર માર્યો અને પછી એમને એમ જ વરસતા વરસાદમાં બહાર ફેંકી દીધો...! સોળ વર્ષની એક છોકરીને લાકડીથી મારી અને એના બે પગ વચ્ચે પોલીસે લાકડી પણ ઘુસાડી દીધી..! તેર-ચૌદ વર્ષના એક છોકરાને પથ્થરમારાની આશંકા હેઠળ કલાકો સુધી પૂરી રાખ્યો અને ગુનો કબૂલ ન કર્યો ત્યાં સુધી ઊંધો લટકાવી એની સાથે દડાની માફક રમ્યા - ઉછાળ્યો, ફેંક્યો એને માંસના એક લોચાની જેમ ....!'' - અરેરાટી ઉપજે એવાં આ દૃશ્યો ખબરપત્રીઓ પણ માંડ નોંધી શક્યા હતા..!

આમલને કલ્પનાય કેમ હોય કે આંખે પાટા બાંધેલો છ વર્ષનો એ છોકરો બીજો કોઈ નહિ, પણ હુદા-ઓસામાનો સૌથી નાનો મન્સૂર હતો! 'માનો દીકરો' કહીને ભાઈબંધો જેની મજાક કરતા એ નાનકડો મન્સૂર બીકનો માર્યો એની માને પોકારી રહ્યો હતો. માંડ એક અઠવાડિયે પૈસાનો મેળ કરી, ઓસામા ને હુદા એને શોધીને છોડાવી આવ્યાં હતાં. પણ ત્યાર પછી એ ક્યારેય બોલી ન શક્યો…!

એવી પરિસ્થિતિમાં પણ હુદા ઓસામા, સૌથી મોટી દીકરી આમલ, જોડિયા દીકરા-જમાલ-જમિલ અને નાના મન્સૂરને પેલેસ્તાઈનનું લોકગીત ગાઈને સુવડાવતી. લશ્કરના આતંક હેઠળ પણ અલ્લાહમાં રહેલો હુદાનો અચળ વિશ્વાસ એને ટકાવી રાખતો. આ તરફ અમેરિકામાં આમલ પોતે ચણેલી પોતાની દીવાલમાં બંધ રહેતી. હવે એ પેલેસ્તાઈનના એક પણ સમાચાર ન ચૂકતી. ઉકેલવા મથતી એ પરિસ્થિતિને કોઈ ઉખાણાંની જેમ ને અંતે પોતાને કોસતી, સજા આપતી આ બધામાંથી બચી જવા માટે …

હુદાનું ગીત … આમલની બંદગી …

ઈઝરાયેલે શાળા બંધ કરી નાખી હોવાથી કંટાળેલા જમાલ ને જમિલ પથ્થરો ફેંક્યા કરતાં. છોકરાં તો આખરે છોકરાં જ ને … કરે પણ શું…! આવી નાની રમત પણ એમના શ્વાસ અટકાવી શકે, કેવી રીતે ધારી શકે! ઓસામા તો કોઈ પણ ગુના વગર જેલમાં હતો, હુદા સમજાવ્યા કરતી છોકરાઓને…

ને એક દિવસ સૈનિકોએ જમાલને ગોળી મારી દીધી. જમિલે નજર સામે પોતાના ભાઈને મરતાં જોયો, જાણે સૂવા માટે આંખો બંધ કરી, જે ફરી ક્યારેય ન ખૂલી…! પહેલી વાર એણે મોતને આવું મલાજા વગરનું જોયું…! આ ખોટ પડવાથી જમિલ સાવ બદલાઈ ગયો. તરૂણાવસ્થાના ભાવવિહોણો થઈ ગયો. હુદા હજી રાતે ગાતી રહી બાકી રહેલાં બાળકો માટે .. વધુ બંદગી કરતી રહી.. અને ત્યારે યાદ આવતી એને પોતાની સખી આમલ.

આમલ જીવી રહી હતી રોજ એક વધારાનો, થોપી દેવાયેલો, અવાસ્તવિક દિવસ … દાલિયાનાં દુઃખમાં અને યુસેફની પીડામાં પોતાને સંતાપતી, નફરત કરતી .. ક્યારેય નિર્દોષભાવે સારા એને ફરી વાંચવા કહેતી …. પણ એ તો પોતાના કિલ્લામાં બંધ, પેલેસ્તાઈનનું નામ પડતાં જ આમલને યાદ આવી જતાં હુદા, દરવીશકાકા, બાહિયા માસી, હજ, જેકકાકાને ક્યારેક ઈસ્માઈલ, યુસેફે જોયેલો યહુદી 'ડેવિડ..'.

આ તરફ .. મરણ પથારીએ પડેલા મોશેએ ડેવિડને એનાં જીવનનું સત્ય કહી દીધું. 'સફેદ કપડામાં તને વીંટાળીને તારી આરબ માએ અમને ઘેટાંનુ માંસ જમાડ્યું હતું. નફરત હતી એની આંખોમાં … અમે એનો દેશ છીનવી લીધો હતો, એનું કુટુંબ અને એનું ભાગ્ય પણ … ખૂબ સુંદર હતી એ … એની નજરે આજ સુધી મારો પીછો નથી છોડ્યો… તડપાવતી રહી એ મને આખી જિંદગી..''

પળભરમાં તો ડેવિડનાં બે સત્યો જીવંત થઈ ગયાં - એકબીજાથી તદ્દન વિરુદ્ધ ... પોતે શું આરબપ્રેમનું ફળ હતો...?! એ તણાયો બે વિરોધાભાસ વચ્ચે - પેલેસ્તાઈન ને ઈઝરાયેલ - મુસ્લિમ ને યહુદી ... પોતાના સંબંધીઓને કદાચ એણે જ યુદ્ધમાં માર્યા હશે! આ હકીકત સાંખી ન શકવાથી ડેવિડની પત્ની એનાથી છુટ્ટી થઈ ગઈ અને એમનો મોટો દીકરો ઉરિ, કટ્ટર યહુદી, પણ એની સાથે ચાલ્યો ગયો. ડેવિડ સાથે રહ્યો નાનો જેકોબ. જે દૂર હતો સંઘર્ષોથી અને જેને ડેવિડનું રહસ્ય રસપ્રદ લાગ્યું....!

ડેવિડને દિલથી ચાહવાવાળી જોલાન્તા એના ટેકામાં રહી. એનાં આરબ કુટુંબને શોધીને પોતે જૂનો હિસાબ સરભર કરવા માગતી હતી. શાંતિ અને સહચર્યથી આ સ્વીકારથી પોતે શાંત અને હળવી ફૂલ બની ગઈ. આમ, ધર્મ અને ઈતિહાસે નમતું જોખવું પડ્યું બે માતાઓના એક જ પુત્ર માટેના પ્રેમ સામે.

ખૂબ શોધને અંતે એમને જાણવા મળ્યું કે દાલિયા વર્ષો પહેલાં દુનિયા છોડી ચૂકી હતી, યુસેફ પી.એલ.ઓ.માં જોડાઈ ગયો હતો અને આમલ પેન્સિલ્વેનિયામાં હતી. મહામહેનતે ડેવિડ હુદા, કોલંબિયન બહેનો અને મુના જલાયતા સુધી પહોંચી શક્યો અને છેવટે ફિલાડેલ્ફિયામાં રહેતી આમલ સુધી ...

વીસ વર્ષ પછી જ્યારે ડેવિડે આમલનો સંપર્ક કર્યો ત્યારે આમલને લાગ્યું કે આટલાં વર્ષો જાણે પોતે એ દિવસની જ રાહ જોઈ રહી હતી.

ઈ.સ. ૨૦૦૧ - ડેવિડનો ફોન

શિયાળાની રજામાં પાંચ મહિને માત્ર થોડા દિવસ માટે ઘરે આવી રહેલી દીકરી સારા માટે આમલ પેસેસ્તાઈનનું પરંપરાગત મકલૂબે - તજ અને જીરાનાં મસાલાવાળાં રીંગણ, ઈંડા અને ઘેટાનાં માંસવાળી ભાતની વાનગી બનાવી રહી હતી. પેલેસ્તાઈનને ન્યાય માટેનાં એક વિદ્યાર્થી સંગઠનમાં જોડાયેલી સારા અત્યારે એના મિત્રોને મળવા ગઈ હતી. શું ખુશી હશે એને આવી કઠોર માને મળવાની?!

ફોન રણક્યો.... ''સારા હશે...'' પણ સામે છેડે હતો 'ડેવિડ આવરામ...!' કોણ એ?! અટકને લીધે આમલનાં મનમાં એક ઝબકારો થયો - એક યહુદી.! ઈસ્માઈલ ... ડેવિડ....!? ડેવિડે આ રીતે અચાનક ફોન કરવા માટે માફી માગી - આમલ હજી શબ્દો શોધી રહી હતી....! ''... તો હું જાઉં'' , ડેવિડે કહ્યું ને ધાર્યા કરતાં જોરથી આમલ કહી ઊઠી,''ન જાઓ.'' બંનેએ બહુ ઔપચારિકતાથી સરનામા એકબીજાનાં ફોન નંબર અને આવવાના સમય જેવી માહિતીની આપ-લે કરી.

સારાની બીટલનું હૉર્ન સંભળાયું. ફોન પર વાત કરતાં દાખલ થતી સારાએ આમલના હાથમાંથી રિસીવર છટકતાં જોયું. દોડી ગઈ એની પાસે ... અને આ શું....? પોતાની મમ્મીને, આમલને .. એણે પહેલી વાર રડતી જોઈ...! આવી સખત દેખાતી એની મમ્મી આટલી કોમળ ... આવી રીતે ભાંગી પડી શકે...! નવું હતું સારા માટે.

આટલાં વર્ષો સુધી છુપાવી રાખેલી ડેવિડ વિશેની વાત આમલે સારાને કહી દીધી... ઓગણીસ વર્ષની ઉંમરે આ હકીકત સારાએ... જાણી! પછી તો આમલે એ કેવી રીતે યુસેફને જેલમાં પહેલીવાર મળ્યાથી લઈને એણે સરહદ પર યુસેફનો માર્યો ત્યાં સુધીની કહાણી કહી સંભળાવી.'' વ્હાલી, મારે તો તને ઘણું કહેવું હતું....'' ને સારાના કાનમાં ગૂંજતું રહ્યું, આમલે એને કહેલું ''વ્હાલી''.

મમ્મીને એકલી ડેવિડને મળવા દેવામાં સારાને જોખમ તો લાગ્યું, પણ પોતાની રીતે વ્યવસ્થા ગોઠવી દીધી. એક ભાઈ-બહેન પહેલી વાર તો એકલાં જ મળવાં જોઈએ ને....!? દીકરીની પોતા માટેની પરવા - મા-દીકરીના આ નવા સંબંધને આમલ માણી રહી...

ઈ.સ. ૨૦૦૧ - ડેવિડ અને આમલ

ઘર સફાઈની વચ્ચેથી સારાને બહાર મૂકીને આવી, ત્યાં તો ડેવિડ વહેલો આવીને વૃદ્ધ મેપલનાં સાથીદાર નાનાં મેપલ વૃક્ષ પાસે એની રાહ જોતો દેખાયો. ''હેલ્લો આમલ....'' ''હેલ્લો ડેવિડ...'' થોડી વિચિત્રતા અને ઔપચારિકતા વચ્ચે બંનેએ વાત શરૂ કરી છોકરાંઓની અને નોકરીની. ડેવિડના છૂટાછેડા થઈ ગયા હતા અને આમલ...? ઊડાડી દીધી એ વાત આમલે ...

ડેવિડની નજર ઘરની દીવાલ પર ટાંગેલા આઈનહોદનાં ચિત્ર પર પડી. કોઈ યુદ્ધ પછી આમલના પરદાદાને શિરપાવમાં મળ્યું હતું એ ગામ ... એ ત્રણ વાર પરણ્યા હતા, એથી લગભગ આખા ગામના પિતા હતા...! ભરતવાળો આભો અને સફેદ રૂમાલમાં શરમાતી એક સુંદર સ્ત્રીએ આમલની પરદાદી-સલમા અબુલહેજા.. એની સુંદરતા દંતકથા સમાન હતી એ ગામની ..!

ડેવિડ સાંભળતો રહ્યો ચૂપચાપ એ ઈતિહાસ અને સંસ્કૃતિ વિશે, પેલેસ્તાઈન દેશનાં મૂળ વિશે, જેને યહુદીઓએ 'પોતાનું' નામ ચડાવી દીધું હતું. કાબુલી ચણાનાં હમુસ કે ફલાફૂલથી સાવ અજાણ યુરોપિયનો એને 'પરંપરાગત યહુદી ખાણું' કહેતા ...! વર્ષો જૂના, રોમન અને ઓટ્ટોમન સમયના ખોદી કાઢેલા સિકકાને 'પ્રાચીન યહુદી કલાકૃતિ'માં ખપાવી દીધા હતા! પેલેસ્તાઈનના ખેડૂતોએ સદીઓથી પરસેવો પાડીને કેળવેલ ખાટાં ફળોની ખેતી અને ખાસ તો સંતરાં યહુદીઓએ 'પોતાની' ખાસિયત ગણાવ્યાં! ડેવિડે ગળું ખોંખાર્યું. ક્યાંનો હતો પોતે?! આધુનિક ઈઝરાયેલનો તો ન હતો ... એનું લોહી તો હતું એ પ્રાચીન ભૂમિનું, પણ નસીબે એને લાવી મૂક્યો હતો બેયની વચ્ચે ... એ ક્યાંયનો નહોતો ...

એના માટે કાવો બનાવવા આમલ રસોડામાં ગઈ ... કાંઈક કરવા માટે...! દાલિયાએ શીખવ્યું હતું એમ શ્રેષ્ઠ રીતે બનાવી, પરંપરાગત ચાંદીના પ્યાલામાં આરબ કોફી સાથે ભરી લાવી. ડેવિડ ત્યારે શાતિલામાં આમલે લીધેલો યુસેફનો કુટુંબ સાથેનો ફોટો જોઈ રહ્યો હતો. એની આંખો ભીંજાઈ. ત્રેપન વર્ષ આમલ અને ડેવિડ વચ્ચે મૂંગાં ઊભાં હતાં..!

''એ યુસેફ છે..તેં એને માર્યું હતું...?!''ને આમલનાં મનમાં જેનિન ખડું થઈ ગયું – જીબ્રાનની કવિતા વાંચી સંભળાવતા બાબા, સૈનિકોના મોટા-મોટા બૂટ, રસોડાનું ભોંયરું, નાનકડી આયેશા, સિસ્ટર મેરિએન, અનાથ બાળકો, ધડાકા, ચીસો, ચિત્કાર, મૃત માણસો ... દુઃખને બદલે ગુસ્સો અનુભવવો હતો આમલને - પારાવાર ગુસ્સો ... માથું નીચું થઈ ગયું ડેવિડનું, 'હા...'' ત્રણેય છોકરામાં ઉતરેલી દાલિયાની એ જ કાળી ગોળ આંખો, બાબાનું નાક .. પણ સાથે ડેવિડની ભૂલાયેલી ઓળખ ... ખૂબ દુઃખી સ્વરે બોલ્યો, ''કોફીથીય વધુ કડવું કાંઈ આપીશ, આમલ?! દારૂ...?'' અને જાણે ભીડ વચ્ચેની એકલતામાં એ પીવા લાગ્યો....

''આજે યુસેફ અહીં હોત તો.....?!'' નફરત હતી આમલને ડેવિડ માટે કેમ કે એ યુસેફને ચાહતી હતી... પણ આ ઈસ્માઈલ... પોતાનો ભાઈ જ હતો...! ભલે યહુદી તરફથી લડ્યો, પણ પસ્તાયો પણ ખરો ને... એ જોઈ રહી ડેવિડના ચહેરાના ઘાવને અને સ્પર્શી રહી પોતાનાં પરના જખમને ...

''યુસેફને તેં બર્તા પાસે શા માટે માર્યો હતો?''

''કોઈ પણ પ્રકારનાં ઠોસ કારણ કે તર્ક વગર ... વીસ વર્ષની એ ઉંમરે મારી પાસે કોઈનો પણ જીવ લેવાની સત્તા હતી. મમ્મી-પપ્પા કાંઈક છુપાવે છે .... શું હું આરબ હોઈશ?! એ બીકે મેં એના પર આક્રોશ ઠાલવ્યો હતો...''

બર્તા પાસેથી એ દિવસે યુસેફ પોતાની પ્રેમીકા-ફાતીમાને ખુશીખબર આપવા જઈ રહ્યો હતો - દરવીશકાકા એમનાં લગ્નની વાત કરતા જવાના હતા. આ બાબતની જાણ માત્ર આમલ અને હુદાને જ હતી, એ યુસેફનાં ટપાલી હતાં..! વાંચ્યા તો ઠીક કેટલાક કાગળ તો ઝાડ નીચે બેસીને એમણે ભજવ્યાય હતાં એ યુસેફનાં..! આ તો એક વાર કંઈક ન સમજાય એવું 'કરવાનું' થયું, ત્યારથી મૂંઝાઈને એ કામ બંધ કર્યું હતું...! પણ બેય પક્ષેથી લાગો તો લઈ જ લીધો હતો.

એ સાંજે માર ખાઈને આવેલા યુસેફ ને એના મિત્ર અમીનની જાસૂસીને બહાને પોતેય બારીમાંથી ગંદા ફોટા જોયા હતા. અને ત્યારે યુસેફને કહેતાં સાંભળ્યો હતો કે, ''એ યહૂદી મારો ભાઈ છે, ઈસ્માઈલ...!!''

ડેવિડને થયું કાશ ... સમય પાછો વળી શકત. યુસેફને મારવાને બદલે એને 'ભાઈ' કહીને ભેટી પડ્યો હોત! યુસેફ અને ફાતીમા પરણી ગયાં હોત અને પેલેસ્તાઈનનો ઈતિહાસ આવો ન હોત ... કાશ ...'' તો તને પહેલી વાર ત્યારે મારા વિશે ખબર પડી?'' ડેવિડે પૂછ્યું.

આમલ માટે તો એ માત્ર લોકોની યાદમાં હતો, એ તો બહુ મોડી જન્મી હતી ને!.. યુસેફની વાત પછી પણ આમલને એ ક્યારેય હકીકત લાગ્યો જ નહોતો.

''... અને હવે?''

અધૂરી રહેલી વાર્તાની પૂર્ણતાની જેમ, ભૂંસાયેલી ઓળખ અને અસમંજસની વચ્ચેથી એકલતાને ચીરીને આમલ પોતાના ભાઈને, ડેવિડને ભેટી પડતા માગતી હતી... એને સંતાપતી પીડાને, એનાં એકાકીપણાંને દૂર કરવા માગતી હતી... પણ હોઠ પર માત્ર એટલું જ આવ્યું, ''... ખબર નહિ ...!''

ઈ.સ. ૨૦૦૧

ડેવિડ આમલની યાદોનો પટારો જોઈ રહ્યો હતો.

પેન્સિલ્વેનિયાનાં ઘરમાં આમલની સામે બેઠો હતો એ ભાઈ જે જેનિનથી થોડાક જ ભૌગોલિક અંતરે ઉછર્યો હતો. કોઈ અદમ્ય ખેંચાણથી પ્રેરાઈને આમલે એને યુસેફનો કાગળ આપ્યો, એ જ રીતે જેમ તેંત્રીસ વર્ષ પહેલાં હુદાએ એને આપ્યો હતો... ! જેનું સ્મિત પણ યુસેફની જેમ હોઠની ડાબી તરફથી ફેલાતું એ ડેવિડ કાગળ વાંચતાં જ રડી પડ્યો...!

ક્યારે પોતાને પહેલીવાર યહુદી ન હોવા વિશે શંકા પડી, ડેવિડે આમલને વાત કરી ... ને પછી જોલાન્તાએ કેવા ધમકાવ્યાં હતાં એ વાત કરનારને ... ! એણે આમલને પોતાની મા જોલાન્તા વિશે કહ્યું. હેતાળ હતી એ ... ઉંમર વધતા ગોળ થતી જતી, ઠીંગણી અને સુંદર ભરાવદાર પાંપણોવાળી ... ફૂલોની શોખીન ... રંગરંગીન કપડાં અને સાથે એવાં જ ઘરેણાં પહેરે ... રસોઈ બનાવી બીજાને જમવા નોંતરવાનો ઉત્સાહ .. બિસ્કીટ તો ઘરમાં હોય જ... સત્તર વર્ષની હતી જ્યારે બીજા વિશ્વયુદ્ધમાં એનું આખું કુટુંબ ખતમ થઈ ગયું... ! આમલને યાદ આવી એની મા, જેણે પણ ડેવિડ જન્મતાં જ પોતાનું કુટુંબ ગુમાવ્યું હતું... ! વાત માત્ર એટલી જ હતી કે આગલી ઘટનાને લીધે પાછલું દૃશ્ય પરિણમ્યું....! યહૂદી હૉલોકૉસ્ટની કિંમત પેલેસ્તાઈનનાં લોકોએ ચૂકવી...! યહુદીઓએ દાલિયાનું કુટુંબ વેરવિખેર કરી નાખ્યું કેમ કે જર્મનોએ જોલાન્તાનાં કુટુંબનો ભોગ લીધો ... ! વેરની આવી વસૂલાત ....?!

ડેવિડે દાલિયા વિશે પૂછતાં જ જાણે વર્ષોથી દબાવી રાખેલી આમલની લાગણી ઉછળીને બહાર આવી. આમ તો પોતાની મા એણે જોલાન્તા જેવી ઈચ્છી હતી. પ્રેમાળ અને છોકરાનું ધ્યાન રાખનારી .. પણ જ્યારે આમલ પોતે રચેલા કિલ્લામાં બંધ થઈ, ત્યારે એને સમજાઈ માની લાગણી .. એનો નિઃસ્વાર્થ સ્નેહ ... સતત ગૂંથતો રહેતો એનો હાથ, સજ્જડ બંધ જડબાં, કોઈને ન ભળવા દેતી એની એકલતા, કુશળ પ્રસૂતિકળા અને પથ્થર જેવું એનું વ્યક્તિત્ત્વ ફૂલ સમો ઉછેર કરનારી જોલાન્તાથી સાવ જુદું હતું, પણ જો આમલ બેથ્લેહેમની હોસ્પિટલમાં એને એકલી ન રાખી આવી હોત, એને પડખે રહી હોત, એને બાથમાં લીધી હોત, તો મા કદાચ એવી ન હોત...!!

પતરાનાં ડબ્બામાંથી નીકળેલ માનાં કપડાં અને રેશમી રૂમાલ ડેવિડે એ રીતે સૂંઘ્યાં, જાણે માને પોતાના શ્વાસમાં લીધી ... એણે આમલને વધુ વાત કરવા કહ્યું.

''એ યાદદાસ્ત ખોઈ બેઠી હતી. ઈસ્માઈલને ગુમાવ્યા પછી ધીમે-ધીમે તૂટતી એ ૧૯૬૭નાં યુદ્ધ પછી સાવ ગુમસુમ થઈ ગઈ. પણ એ ગમગીનીમાંય એણે બધાંની દરકાર કરી. કાયમ ખૂબ મોડા આવતા બાબાની તો કાળજી લીધી જ, પણ દરવીશકાકાની નવી વ્હીલચેર માટે પોતાનું એક માત્ર ઝાંઝર વેચીને, કોઈને કહ્યા વગર એમનાં બારણે પૈસા રાખી આવી હતી.... ! બદલાની બિલકુલ અપેક્ષા વિનાનો એનો પ્રેમ નિર્વ્યાજ હતો... અમાપ..

ડેવિડે પણ પોતાના અને જોલાન્તાના પ્રેમને કબૂલ્યો... નિઃશંકપણે ... ''પણ પ્રેમ છેતરામણીના ભોગે ન હોઈ શકે.. ક્યારેય નહિ..'' આમલને ત્યારે સમજાયું, ગળાં સુધી, કોઈ પણ સ્ત્રી એના માટે દાલિયા જેવી મા બની જ ન શકી હોત....

ઈ.સ. ૨૦૦૧ - ''ડેવિડ, મારો ભાઈ''

વાતોવાતોમાં ખલાસ થયેલી દારૂ લેવાં બેય બહાર નીકળ્યાં. ફરી એ જ ઔપચારિકતા... ''ઈઝરાયેલમાં આ રીતે બરફ જમા ન થાય.'' ''લેબેનનમાં થાય છે...'' ડેવિડ-આમલ, ઈઝરાયેલ-લેબેનન...!

ઘરે પહોંચીને ડેવિડે જોલાન્તા વિશે આગળ કહ્યું, ''મમ્મીનાં મૃત્યુ પહેલાં અમે એના દેશ પોલેન્ડ ગયાં હતાં. ત્યાંની મૃત્યુ છાવણીઓ મારા માટે સૌથી દુઃખદ દૃશ્ય હતું..'' આમલ મૌન રહી..! પછી ડેવિડે મોશેની કબૂલાત વિશે વાત કરી, ''એમના છેલ્લા દિવસોમાં પપ્પાએ મને બધું જ કહી દીધું, કહ્યા વિના ચાલે એ પણ ... કેવી રીતે એ યહુદી રાજ્ય માટે લડ્યા, પેલેસ્તાઈનવાસીઓને એમના ઘરમાંથી કાઢ્યાં, એમના પર જુલમો ગુજાર્યા. છેલ્લે સુધી એ બધા ચહેરા દેખાતા રહ્યા મોશેને ... પેલી આરબ સ્ત્રીની 'દીકરા, દીકરા'ની રોકકળ, છેલ્લે સુધી મોશેને પજવતી રહી. કાંઈ પણ છુપાવ્યા વિના બધું જ કહી દેતા મારા એ પપ્પા, જેનાથી હું કાયમ દૂર રહ્યો હતો, સૌથી નજીક લાગ્યા એ દિવસે.''

આમ, 'નકબે' - વિનાશની એ આખી કહણી પૂરી થઈ આમલનાં - પેન્સિલ્વેનિયાનાં ઘરમાં - ત્રેપન વર્ષે... અને આ કહાણીની એક માત્ર જીવંત સાક્ષી હતી આમલ, ખૂટતી કડી ઈસ્માઈલ સાથે ... આમલે આંખો બંધ કરી, જેણે છેલ્લું પાનું વંચાયા પછી એક પુસ્તક બંધ કર્યું...!

ડેવિડે ઉમેર્યું, ''એમણે ખરાબ કામ ચોક્કસ કર્યાં, પણ એ શેતાન નહોતા.... એ મારા પપ્પા હતા, આમલ...''

ત્યાં જ એને લેવા આવેલી ગાડીનું હોર્ન સંભળાયું... 'ન જા..' આમલની આજીજીનો ''મારેય નથી જવું'' ડેવિડનો ત્વરિત જવાબ ... કશુંક ખૂબ નાજુક રચાઈ ગયું હતું બંને વચ્ચે... ડેવિડે પછીના દિવસે જવાનું નક્કી કર્યું.

બંનેના કોફી અને બિઅરના પ્યાલા ટકરાય એ પહેલાં જ સારા આવી. આમ તો ઘર છોડ્યાની બીજી જ પળે એ આવી જવા માગતી હતી. ખૂબ રાજીપાથી આમલ બોલી ઊઠી, ''બેટા, આ મારો ભાઈ ડેવિડ...!''

સરતા સમયની સાથે ભૂતકાળ એક સપનું બની ગયો. દાલિયાનો ભવ્ય વારસો જાળવતી હોય એમ આમલ દીકરીથી દૂર થતી ગઈ, એ દીકરી જે હવે તરૂણી બની ચૂકી હતી...! વીતતાં વર્ષો આમલના ચહેરા, ચામડી, વાળ અને શરીર પર પાનખરની માફક દેખાતાં હતાં, નહોતો બદલ્યો તો માત્ર એનાં પેટ પરનો જખ્મ ... ક્રૂરતાભર્યા ઈતિહાસની ચાડી ખાતો...!

જૂની યાદોમાં ખોવાયેલી આમલ પાસે અચાનક જ સારાએ પેલેસ્તાઈન જવાની ઈચ્છા વ્યક્ત કરી. કુટુંબ, દેશ અને પોતાપણાંની કમી સારાનાં મનનો કબજો જમાવી ચૂકી હતી. મમ્મીની નામરજીનાં દુઃખને 'એની દીકરી'એ પણ ત્યાં જવાના નિર્ધાર હેઠળ છુપાવી દીધું.

અને લગભગ ત્રીસ વર્ષના વનવાસ બાદ આમલ જઈ રહી હતી જેનિન... એરપોર્ટ પર સારા દોડીને એક દેખાવડા યુવાનને વળગી પડી. જૅકોબ, ડેવિડનો દીકરો, જેની સાથે એ સંપર્કમાં હતી. ''સલામ, ફઈ...!'' આમલને ડેવિડે પોતાની બાથમાં લઈ લીધી. યુસેફની જેમ જ... ફરી એકવાર ૧૯૬૭નાં યુદ્ધ પછીની બાર વર્ષની આમલ અને વિશાળ ખભાવાળો એનો ભાઈ યુસેફ... ડેવિડ ... ખૂબ આનંદ હતો બંનેને ...

ડેવિડનાં ઘરે નેતાન્યા જતાં પહેલાં આમલને જેરુસલેમ જવું હતું આરિ પર્લસ્તાઈનને (હસનનો બાળપણનો યહુદી મિત્ર) મળવા... મહામહેનતે મળ્યો હતો એ ...! એક જ દિવસ પછી બધાં એમની સામે હતાં...

પુસ્તકોના દરિયા વચ્ચે ઉંમરની સાથે સમજમાં વૃદ્ધ થયેલો એક ભૂલકણો પ્રાધ્યાપક બેઠો હતો. ડૉ. પર્લસ્તાઈન ... ચશ્માના કાચ પાછળથી એની આંખોએ આમલને ઓળખવા પ્રયત્ન કર્યો. પણ એ તો એના બાબાને જાણતો.... હસન ... હા, હસન અબુલહેજાની દીકરી હતી એ ..! પોતાના આત્મીય મિત્રને મળવાની આશાએ ધ્રૂજતાં શરીરને સજળ આંખે દોડી આવ્યો આરિ...'' અમારું માનવું છે કે તેઓ ૬૭નાં યુદ્ધમાં મૃત્યુ પામ્યા છે...! શું ખરેખર આમલ આવું માનતી હતી!? ક્યારથી....?!

એ દિવસની બધી મુલાકાતો રદ કરી, પોતાની બત્રીસી સરખી ગોઠવીને આરિ ખોવાઈ ગયો પોતાના પરમમિત્રની યાદોમાં અને એ સમય વાગોળવામાં .... હજ સલેમની જેમ જ કોઈ વાર્તા કહેતો હોય એમ એણે વાત માંડી. દમાસ્કસના દરવાજા પરની બાબા સાથેની પહેલી મુલાકાત, એમનાં કારસ્તાન, દાલિયાનાં ખનકતાં ઝાંઝર, યેહ્યા દાદાની હસતી વખતે આંખે અડી જતી ધારદાર મૂંછો, બાસિમાદાદીની રસોઈ અને બાગાયત, આઈનહોદનાં ઝાડ, બગીચા, વાડીઓથી માંડીને યુદ્ધની ભયાનક જંગલિયત અને એમાંથી એમને હેમખેમ બચાવનાર હસનની મિત્રતા ... બધાં સાંભળી રહ્યાં અધ્ધર શ્વાસે ...

આરિની ઓફિસમાં એ સમયે એકીસાથે હતી ત્રણ પેઢીઓ - નાનકડાં ગામથી સર્જાયેલું એમનું ભાગ્ય, જે પલટી નાખ્યું હતું એક ઈતિહાસે. એ ઈતિહાસ જે ભીંસાઈ રહ્યો પોતાની માટે અને મૂળિયામાં મળવાની ઈચ્છા વચ્ચે ... એક યુદ્ધની ઠંડીગાર, કારમી ભીષણતાની વાર્તા વચ્ચે... એક પ્રેમકહાણીથી એક આત્મઘાતી હુમલા વચ્ચે... મોટાં થઈ ગયેલાં બાળકોની હકીકત જૂઠાણાંને ચીરીને બહાર લાવતાં જખમોનાં એ નિશાન વચ્ચે...

બજારમાં લારીની પાછળ બેસીને આરિ અને હસને ખાધેલા ફાડ-ફાડ ટમેટાએ માંડેલી મિત્રતાની વાત સાંભળીને લાગણીઓનું પૂર ઉમટ્યું હતું નાના શા ઓરડામાં.

''કેટલો ખુશ હતો હસન યુસેફના જન્મ વખતે..'' સાંભળતાં જ આમલ ફરીથી બાબાના ખોળામાં બેઠેલી એ બાળકી બની ગઈ...'' તો મારા વખતે?!'' આરિને યુસેફ યાદ આવ્યો, ''ક્યાં છે એ અત્યારે?''

ને અઝાનના પવિત્ર સ્વર વચ્ચે આમલને દેખાયો હસતી ફાતીમાનો ચહેરો ... ''કહે છે, ૧૯૮૩માં અમેરિકાના દૂતાવાસ પર બોંબ ફેંકનાર એ હતો...'' !!! સારા સ્તબ્ધ. ... જેકોબ મૂંઝવણમાં, ''મારાં સગાં તો સારાં આરબો હતાં... શાંતિપ્રિય...?!'' ખૂબ થાક લાગ્યો હતો આમલને- ઈતિહાસનો, ભૂતકાળનો, યુસેફનાં દુ:ખનો, એના ગુસ્સાનો...સારાના પ્રશ્નાર્થ ચહેરામાં એને મજીદ દેખાયો ... ને જાણે આમલના આ સ્વીકાર સાથે અઝાન પૂરી થઈ....

આરિની આંખો કરુણામય બની ... એ આરિને એનાં લોકો ''ખુદને ધિક્કારતો યહુદી'' કહેતાં, નાઝીવાદનો ભોગ બની છેવટ સુધી લંગડાતો રહ્યો.... કલ્પનાતીત સતામણી અને મૃત્યુ છાવણીનો ભોગ બની આરબોનાં એક નાનકડાં ગામમાં આવ્યા પછી ય એણે એનાં મા-બાપને છેવટ સુધી યુદ્ધની ભયંકરતામાં તરફડતાં ભાળ્યાં... એક યાદગીરી બચી હતી તો એ માની અઢાર મોતીવાળી પીન ... એક, બે, ત્રણ ... અઢાર મોતી ... દાલિયાનાં ઝાંઝરનાં એક, બે, ત્રણ, ... અઢાર સિક્કાઓ જેવાં.. !! એ જ આરિ જેને બાબા 'મારો મિત્ર' કહેતા. યુસેફની વાતથી એમની આંખો વહી નીકળી જેનાથી ભીંજાઈ ગઈ જેરુસલેમના લાલ પથ્થરની ફર્શ...

આરિને યાદ આવી હસન સાથેની એ છેલ્લી પળો - મિત્રતાની છેલ્લી ક્ષણો ... ઈ.સ. ૧૯૪૮ના યહુદી હુમલા પછી આરબો ક્રોધે ભરાઈને યહુદીઓને મારતા હતા. પોતાના ખાસ મિત્રને બચાવવા, રાતનાં અંધારામાં હસન, આરિ અને એનાં માતાપિતાને એક ગાડામાં જેરુસલેમના યહુદી તાબા હેઠળના ભાગમાં મૂકવા ગયો હતો...! પળેપળ જોખમથી ભરેલી હતી. જોર્ડનના સૈનિકોએ રસ્તામાં હસનને રોક્યો ત્યારે અંદર છુપાયેલા આરિને લાગ્યું કે હસન દગો દેશે તો...?! નજીક પડેલું ખંજર હાથમાંય લઈ લીધું ... પણ હસને તો સલામત રીતે એમને પાર ઉતાર્યા... ! એટલું જ નહિ, ખૂબ મહેનત લઈને જાતે બનાવેલો યહુદી ઝંડો પણ આરિને આપ્યો, જેથી કોઈ યહુદી એમને આરબ સમજીને ખતમ ન કરી નાખે.... !! પોતાનું ઘર, પોતાની ભૂમિ, પોતાનો દીકરો, પોતાની ઓળખ જ યહુદી રાજ્ય સામે ગુમાવ્યા

છતાં એણે આરિ અને એનાં કુટુંબને જાનનાં જોખમે પણ બચાવ્યું. છૂટા પડતી વખતે એ આરિને ગળે મળીને બોલ્યો, ''અલ્લાહ કરે, આપણે ફરી મળીએ, ભાઈ....!'' આવો મિત્ર દગો દઈ શકે એવો પોતે વિચાર કર્યો એ બદલ આરિ જીવનભર પસ્તાયો.

જેકોબના ચહેરાના ભાવ હળવા થયા...! આ હતી એક આરબની એના એક યહુદી મિત્ર માટેની લાગણી...!!

ત્યાંથી નીકળી નેતાન્યા જતાં પહેલાં આમલે ગાડીને ખિલ્વા તરફ લેવા કહ્યું, જેમ વર્ષો પહેલાં જેક ઓ'મોલિએ કહ્યું હતું. પહાડ પરથી દેખાતાં આખાં શહેરને જોઈને સારા મોહિત થઈ ગઈ. આમલને એકીસાથે યાદ આવ્યાં - મોલિ, અનાથાલય, કોલંબિયન બહેનો, હૈદર ... ને પછી વર્દાનું ઘર, દેવદારનાં જોડિયાં વૃક્ષો, વૃદ્ધ ઓલિવ ... સારાને આ બધું એ હુદા સાથે મળીને કહેશે...

એક દિવસ જેનિનને 'આવજો' કહીને એ આવી હતી અહીં જેક સાથે અને આજે ફરીથી જઈ રહી છે જેનિન તરફ ... સમયનો કેવો વળાંક..!

સારાને જાજરમાન અને ભવ્યાતિભવ્ય લાગતું જેરુસલેમ આમલને નિર્દય અને જડ ભાસતું હતું. યહુદીકરણ પામેલું આ શહેર એટલે બળજબરીથી ખૂંચવી લીધેલ એ જીવંત ધરતી પર અસ્તરો ફેરવીને બનાવેલ નિર્જીવ ઈમારતો...

''કોતરેલા પથ્થરો નહિ, જાજરમાન તો છે જેનિનનું એ ઓલિવ વૃક્ષ - 'ઓલ્ડ લેડી.' એનો ઈતિહાસ ભવ્ય છે આ શહેરની દીવાલો કરતાં ... અને મોહપાશમાં જકડે એવી તો છે તું... મારી શરીરનો શ્રેષ્ઠ અંશ, મારી વહાલી...!'' 'એમિ'ને આમલરૂપે સારા ચાહી રહી..

ઈ.સ. ૨૦૦૨ - જેનિન, સમાવી લે મને...

... આમલની નજર સામે હતું જેનિન ... જે સમાચારોમાં છવાયેલું હતું 'આતંકની ગુફા', 'આતંકવાદનાં જન્મસ્થળ' તરીકે ...! એનો 'વિકાસ' પણ ઉપરની બાજુએ થયો હતો, એક ઉપર એક એમ વિકસતાં ઝૂંપડાં...! સંયુક્ત રાષ્ટ્રે ફાળવેલી એક ચોરસ માઈલમાં સમાયેલ પિસ્તાળીશ હજાર માણસો ... એમાં બંધાયેલી નિર્વાસિતોની ચાર પેઢીઓ ... છોકરાંઓ રમતાં હતાં, પણ ટોળે મળીને કેરમ રમતા વૃદ્ધો નહોતા...! સપનાં ચૂંસાઈ ગયેલા યુવાનો કમરે પિસ્તોલ બાંધી આવનારાં તોફાનની તૈયારી માટે ગલીઓમાં આંટા મારી રહ્યા હતા... સ્ત્રીઓ ખોરાક-પાણી સંઘરવામાં હતી... આત્મઘાતીઓ પટ્ટે બોંબ બાંધી રહ્યા હતા, પ્રેમીઓ એકબીજાના હાથ, છોકરીઓ એકમેક સાથે ઘૂંટણ અને માતાઓ બંધ કરી રહી હતી પોતાનાં બાળકોને ભોંયતળિયે...!

ઈ.સ. ૨૦૦૨ની ૩૧મી માર્ચ હતી એ ... આ તૈયારી હતી બદલાની ... સામસામે કરેલા પ્રહારોનો પ્રતિશોધ લેવાની ... માથાં સામે માથું લેવાની ...! ને આમ બદલાની એ આગ બુઝાવાને બદલે વણથંભી ભભૂકી રહી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ બુશ યાસેર અરાફતને 'આતંક અટકાવો'નો હુકમ ફરમાવી રહ્યા હતાં..!

આમલને જેનિન બદલાયેલું લાગ્યું.. એનાં બાળપણનું એ ઉદાસીન, અલ્લાહના હાથમાં બધું સોંપીને રાહ જોતું જેનિન નહોતું રહ્યું, એ હતું વ્યસ્ત, કૃતનિશ્ચયી અને ક્રોધિત ... ગટરોની આસપાસ વસેલાં મકાનોમાંથી સંભળાયું ફૈરુઝનું એ દેશભક્તિ ગીત :

''હે બંદગીનાં શહેર, હું પ્રાર્થું છું તને ...
શાંત કરવા પીડા તારાં દેવળની ...
લૂછવા આંસુ તારી મસ્જિદનાં ...
પ્રાર્થું છું હું ...''

- અને બંને તરફની ભીંતે હાથ અડાડી ચાલવા લાગી આમલ નાનપણના એ દિવસોની જેમ ... ફરી એક દર્દભર્યું ગીત અને વાંસળીના સૂર ... રમતાં છોકરાંઓને ગમ્મત થઈ ગઈ સ્ત્રીઓની આવી હરકત જોઈને ... કેટલીક બાબતો હજુ બદલાઈ નથી..! વૃદ્ધો મરી ગયાં છે, યુવાનો મોટા થયા છે, મકાનો ઊંચાં અને ગલીઓ સાંકડી થઈ છે, બાળકો જન્મ્યાં છે અને ઓલિવનાં ફળ આવ્યાં છે ... પણ જેનિનની છાવણી ૧૯૪૮નાં એ જ વર્ષમાં કેદ થયેલી એમ ને એમ છે...!

બાળપણ વીત્યું હતું એનાથી થોડે દૂર ઢોળાવ ઉપરનાં ઝૂંપડાં જેવાં મકાનમાં રહેતો હતો હુદાનો પરિવાર... હુદા દોડતી ભેટી પડી પોતાની બાળસખી આમલને ને સાથે સમાવી લીધી સારાને પણ એમની ખુશીમાં ... સારા ઉત્સુક હતી બંને સખીઓની વાત સાંભળવા ...

હુદાએ પોતાનાં કુટુંબ વિશે કહ્યું, ''ઘરમાં અત્યારે માત્ર હું અને મારો સૌથી નાનો મન્સૂર જ છે. ઓસામાને યહુદીઓ ગયે મહિને જ લઈ ગયા. મારા જોડિયા દીકરામાંનો એક જમિલ, યહુદીઓએ એનાં અર્ધાંગ જેવા જમાલને મારી નાખ્યો, ત્યારથી એમની સામે પડ્યો છે. તમે બેસો ... હું બધાં માટે ચા લેતી આવું...!'' જિંદગીને કેવી સ્વસ્થતાથી સ્વીકારી હતી હુદાએ...!

મન્સૂર દાખલ થયો. આમલ માસી અને સારા સાથે હાથ મેળવી આવ્યો હતો એમ જ બહાર ચાલ્યો ગયો. એ ચિત્રકાર હતો. છ વર્ષની ઉંમરમાં યહુદીઓના ગેરવર્તાવ પછી એ પોતાના ભાવ મૂંગાં-મૂંગાં જ રંગોમાં ઢાળતો થઈ ગયો હતો. આમલ-સારાએ એણે બનાવેલું શહીદનું ચિત્ર જોયું. વાસ્તવિકતાથી પણ વધારે બોલકી હતી ચિત્રમાંના એ શહીદની આંખો...! એની કલા કરતાંય ઘેરું હતું એનું મૌન. છાવણીમાં સૌનો ચહીતો મન્સૂર હુદાના બાળકોમાં સૌથી વધુ સંવેદનશીલ હતો. સારાનાં મગજમાં ઉતરી જ ન શક્યું,'' કેમ કરી શકે એ લોકો મન્સૂર સાથે આવું...!''

દરવીશકાકા આમલ ને સારાને જોઈને હરખઘેલા થઈ ગયા, ''મારી વ્હાલી ... મારી આમલ...'' એમના છોકરાએ કહ્યું પણ ખરું કે આટલા ખુશ એ કેટલા સમયથી નહોતા દેખાયા. યાદોના અને લાગણીના એ દરિયામાં ખોવાઈને આમલ અને સારા ત્યાં જ રોકાઈ ગયાં. જેનિનમાં આવ્યાના ત્રીજા દિવસે આમલે જાણ્યું કે હજ જીવતા હતા...! હુદા ને બીજી સ્ત્રીઓ વારાફરતી એમને જમવાનું આપી આવતી. મોટા ભાગનો સમય હજ

લાકડાંની પટ્ટીઓ છોલવા-કાપવામાં જ ગાળતા, એમની એ છરી જાણી જોઈને હુદાએ બુઠ્ઠી કરી નાખી હતી...!

બીજે દિવસે પહેલું કામ એમને મળવા જવાનું નક્કી કરી, આમલ અને હુદા બાળકો પાસે જૂનાં સંભારણાં ઉલેચવા માંડ્યા. એક ચોરસ માઈલના ચિંતાના દરિયામાં એક નાનકડું ઘર ખુશીના હિલોળે ચડ્યું.

વર્દાનું ઘર, ઝાડ ચડવાની રમત, યુસેફની ગંદી ચોપડીઓ, બાબાનું એકાંત, એ પરોઢ, મા, હજ સલેમ, થૂંક-ફેંક હરિફાઈ, યુદ્ધ ... સારા ''હજી વધુ ... હજી વધુ ..'' કહેતાં કહેતાં આમલનાં પડખામાં ભરાઈને એમનું વીતેલું બાળપણ મમળાવતી રહી. બહાર વાતી યુદ્ધની ભારેખમ હવા અને મૃત્યુના ભય તળે આમલનો પ્રેમ ઉમટ્યો. એ ઘડીએ એને ખાતરી થઈ કે સારા એની હતી, હંમેશથી... આમલને ત્યારે ઘર મળ્યું.

મીણબત્તીના પ્રકાશમાં દીકરા જમિલ માટે અલ્લાહને ઈબાદત કર્યા પછી હુદા સાથે બધાંએ જમીન પર એકબીજાનાં ટેકે લંબાવ્યું જ હતું. ત્યાં ... 'યહૂદીઓ આવે છે..'' ની બૂમો ... બીજી જ પળે હાથમાં ફાનસ સાથે ઉઘાડાં શરીરવાળો એક દેખાવડો યુવાન ઘરમાં દાખલ થયો, ''મા, તું જાગે છે? મન્સૂર, ભાઈ તું ક્યાં છો? ચિંતા નહીં, એકાદ કલાક સુધી હજી એ લોકો અહીં નહીં પહોંચે...'' એ જમિલ ...

રોઈ-રોઈને સૂજી ગયેલી આંખોવાળી હુદાએ એના ચહેરાનો એક પણ ભાગ ચૂમ્યા વિના ન રાખ્યો ... જાણે હુદાને ખાતરી હતી કે જમિલને એ છેલ્લી વાર મળી રહી છે. વિદાયનું એ દૃશ્ય સારા અને આમલને હચમચાવી ગયું. પોતાને કાંઈ થાય તો માનું ધ્યાન રાખવા એણે મન્સૂરને કહ્યું .... એ પહેલાંની થોડી પળોમાં કાંઈ નવું રચાઈ ગયું એના અને સારા વચ્ચે...! ઊંચો, પડછંદ, માથે સફેદ ચોકડાંવાળો રૂમાલ (કાફિયે) અને હાથમાં ડાબેરીનું લાલ નિશાન-જમિલની નજર થોડી ક્ષણો માટે સારા પર પડી અને બંને જાણે કોઈ બંધનમાં બંધાઈ ગયાં - પ્રેમનાં...?! સાવ અજાણી બે વ્યક્તિઓ - અને બહુ જાણીતું એ કાંઈક ....!

''આમલ માસી... મારી બહેનનું નામ જેના પરથી રખાયું એ ...'' સારા તરફ બીજી નજર નાખવાનું પાલવે એમ નહોતું! ભાઈ જમાલના ફોટાને ચૂમી નીકળી ગયો જમિલ...

રાતના બરાબર બે વાગ્યે ઈઝરાયેલ ટેન્કોના જંગલી બિલાડી જેવા ઘુરકાટ સંભળાવા લાગ્યા. મન્સૂરે ચિત્ર દોર્યા કર્યું અને હુદાએ બંદગી ... પછી શરૂ થયા અવાજો-મિસાઈલ, બોંબ, હેલિકોપ્ટર ... ઘરરર્ ... બાળકોની રોકકળ તમરાં જેવી - ટીં..ટીં..ટીં... અને ફરી નવ દિવસ માટે ખડું થયું રસોડાનું એ ભોંયરું ... વધુ વિશાળ ... વધુ ઘાતક ...

બધાએ પોતાના અગત્યના કાગળો સાચવીને કપડામાં સંતાડી દીધા, બૂટ પહેરીને તૈયાર થઈ ગયાં જરૂર પડ્યે દોડવા માટે.... આ બધાં દરમિયાન બહાર જ્યારે મોત વરસી રહ્યું હતું, હુદાનાં ઘરમાં આમલ અને સારાના વર્ષો સુધી વણકહેલા શબ્દો લાગણીનાં પૂર સમા વહી નીકળ્યા હતા - વણથંભ્યા ... એ ખૌફની વચ્ચે યાદ આવ્યો મજીદ ... સારાને આમલે પોતાની જિંદગીની સહુથી સોનેરી યાદોની વાત કહી અને ૯મી સપ્ટેમ્બરે તૂટેલાં

અમેરિકાનાં 'ટ્વિન ટાવર'ને આમલના અજંપાનું જોડાણ પણ જણાવ્યું. ''એ જ રીતે, એમનાં ઘરની અંદર એના પિતા માર્યા ગયા હતા. અજાણ ... કદાચ ઉંઘમાં જ...'' એટલે એ સમજી શકી હતી અમેરિકનોનું દુઃખ, પીડા પોતાનાને ગુમાવ્યાની ... તે સમયે આમલનાં દુઃખને ન સમજી શકવા માટે સારાએ ખૂબ માફી માગી... આમલ પોતાની દીકરીને બેહદ ચાહતી હતી ને જાણતી હતી કે સૂરજ જેમ આથમ્યો એમ ફરી ઊગશે...

સારાના ચહેરા પરથી યુદ્ધની દહેશતને પોતાનાં ચુંબન વડે આમલે દૂર હટાવીને ફરી ખોવાઈ એ મજીદની વાતોમાં ... ભૂખરાં આકાશ જેવા અને દરિયાથી ઊંડા એના પ્રેમની યાદોમાં ... એની આંખો વરસી પડી... મોકળાં મને એ રડી ... ત્યાં જ - ધડાકાઓ ... વિસ્ફોટો ... ફરી ક્ષણભરની શાંતિ ...

હુદાએ ફાતીમાનો છેલ્લો કાગળ કાઢ્યો, ફાતીમાએ એના પ્રિય કેસરી કાગળમાં લખેલો પત્ર...'' ફલાસ્તીન મોટી થઈ રહી છે... યુસેફ ખૂબ કામ કરે છે ને ચિંતા પણ ... આમલ લેબેનન આવી હતી, ખૂબ મજા કરી અમે ... અને મારે લીધે એને સરસ મુરતીયો મળી ગયો ... હવે ફરી હું અને આમલ મા બનવાનાં છીએ. હુદા, તને કેટલી બધી યાદ કરીએ છીએ ... અલ્લા કરશે, ફરી એક વાર બધાં ભેગાં થશું... હું સપનું જોઉં છું એ દિવસનું .... ખૂબ પ્રેમ ... ફાતીમા.''

... સાતમા દિવસે ઘરનો દરવાજો તોડી સિપાહીઓ અંદર ધસી આવ્યા. પહેલાં અમારી હાજરીમાં નગ્ન કર્યો મન્સૂરને ..!! ને પછી લઈ ગયા એને .. હવે તો હુદાનાં આંસુ પણ ખૂટી ગયાં હતાં., ''હંમેશની જેમ એ લોકો મન્સૂરને મારશે, ને પછી એ પાછો આવી જશે.'' હંમેશની જેમ...!!?? ખાવાનું તો ક્યારનું ખલાસ હતું. હવે પાણી પણ નહોતું બચ્યું, જલદી જ એ લોકો લાઉડ સ્પીકરમાં બોલશે અને આપણને ઘર છોડવાની પરવાનગી મળશે.'' પણ ન બન્યું એવું... ગુલાબજળમાં ભીંજવેલું કપડું ચૂસાઈ ગયું. શીશી પણ છેલ્લાં ટીપાં સુધી ચટાઈ ગઈ... હવે?!! બત્તી કરવાનો તો પ્રશ્ન જ નહોતો. એક તિરાડમાંથી દેખાતો હતો તો માત્ર ધુમાડો ... ધૂળ અને ઢગલા ... અને હવામાં દુર્ગંધ મૃત લોકોની ...

''દુનિયા આ બહુ સાંખી નહિ લે'', આમલ બોલી, ત્યાં તો હુદાએ ખૂબ કડવાશભર્યા કટાક્ષમાં કહ્યું, ''કઈ દુનિયા?! આ એક અમેરિકન બોલે છે?! અમારી કેવી દુનિયા! .. સૂઈ જા... !!! બધું શાંત થવાની રાહ જોતી આમલ કોઈ અવાજને એમ્બ્યુલન્સ ધારી, એક ચિઠ્ઠી રાખી ને ચીજવસ્તુ માટે બહાર નીકળી ગઈ...

એ ખોટી હતી ... એ અવાજ ઈઝરાયેલ ટ્રકોનો હતો ... જે ઠલવ્યે જતી હતી લાકડાંની જેમ લોકોની લાશોને કચરામાં ... એક લાશ - માથે સફેદ ચોકડાવાળો રૂમાલ અને હાથમાં લાલ નિશાન ..

આમલ ભૂલ સમજે ત્યાં તો એની સામે તકાયેલી હતી એક બંદૂક ... સિપાહીની આંખોમાં જોતાં જાણે આમલનો ભય ઓગળી ગયો. શાંતિ મળી એને મોતને સામે ઊભેલું જોઈને...! હજી દાઢી પણ પૂરી નહોતી ફૂટી એવા એ યુવાન સિપાહી ઉપર લોકોના જીવ

લેવાની ભારેખમ જવાબદારી …! ઉંમર તો હતી કોઈ સ્ત્રીમિત્રનાં આલિંગનમાં ને કલ્પનામાં ખોવાવાની, ત્યાં આવું કઠોર કામ…! આમલની આંખોમાં ભળી એક માની નરમાશ અને એક મૃત સ્ત્રીની શાંતિ.!

એને દુઃખ હતું એ છોકરાના ખૂની બનવા માટે .. એના ચહેરામાં કેમ કોઈ નજીકનું દેખાયું?! કેમ એ આમલને મારી નહોતો શકતો?! … શું એ ઉરિ પોતાનો ભત્રીજો હતો?! આમલને ભાઈ ડેવિડ યાદ આવ્યો … કેવો મથ્યો હશે એ પોતાની ઓળખ માટે! એ ઘડીએ એને સમજાઈ ડેવિડની પીડા … દારૂમાં વહેતી એની વ્યથા … કેટલો હેરાન થયો હશે એ પોતાની એક માત્ર જીવંત બહેનને શોધવા…! ડેવિડ-યેહ્યા-બાસિમાનો પૌત્ર, હસન-દાલિયાનો પુત્ર અને યુસેફ-આમલનો ભાઈ … બધું સરખું થઈ જશે અને આમલ એની માફી માગશે, ખરાં દિલથી …

આમલે આંખો મીંચી .. આખી જિંદગી પસાર થઈ ગઈ પળભરમાં એની સામેથી… ઘણી ભૂલો કરી હતી એણે… નહોતો કર્યો પ્રેમ પૂર્ણપણે …

…હુદાની ચીસ … રસ્તા પર આવી ગઈ હતી સારા - દુશ્મનોની વચ્ચે …

ભૂલી ગઈ આમલ સામે ઊભેલા એ સિપાહીને, તાકેલી બંદૂકને … ઊડવા માંડી, … ઢાંકી દીધી દીકરીને પોતાનાં શરીર વડે …

ઈ.સ. ૨૦૦૨ : જેનિન

એ સિપાહી સાથે નજર મિલાવવી હતી આમલને પણ એના કપાળ પર તાકેલી પિસ્તોલે એવું ન થવા દીધું .. આમલનું, એક અમેરિકન મહિલાનું મૃત્યુ છાપાં માટે તો એક નાનું એવું નુકસાન માત્ર હોવાનું, તોય કોણ જાણે કેમ, અનેકોને માર્યા હોવા છતાં એ સિપાહી આજે અચકાતો હતો…!

કેવી વિચિત્ર હતી જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતી એ ક્ષણો! આમલને આજે મોતનો ડર નહોતો. એ જાણતી હતી પોતે જીવશે અને બંધ આંખે જીવી એ જૂના સમયમાં, જૂનાં ઘરમાં જે એણે ક્યારેય જોયું નહોતું.

… ક્યાંક દૂર અઝાનના સ્વર સંભળાયા. ''અલ્લા હો અકબર…'' વિનાશનાં એ વાવાઝોડાં વચ્ચે સ્વર્ગીય ખુશી અનુભવતી આમલ ભેટેલી હતી સારાને. એની પ્રાણથીય પ્યારી દીકરીને .. સારા - એનું અને મજીદનું સુંદર ગીત.. બંનેનું મજાનું ઘર - ધીરેકથી સારાના કાનમાં કહ્યું, ''હું તને ચાહું છું…'' એ દીકરીને જે ક્યારેક મજીદ અને પોતાના પૌત્રોને જન્મ આપશે અને વૃદ્ધ થયેલાં પોતે એમનાં તોફાન માણશે …

ઈ.સ. ૨૦૦૨ - દીકરીઓના પ્રેમ માટે …

વીંધાઈ ગઈ હતી આમલ. વીંધાઈને લોહીનો દરિયો બની વહી જવાની એ ક્ષણે

પણ આમલ અજાણ હતી મૃત્યુથી ... ને મૃત્યુએ પણ એક ઘવાયેલાં હૃદયને પોતાનામાં સમાવ્યું તો એ દીકરીને બચાવ્યાના સંતોષ સાથે ... સન્માનપૂર્વક.. જાણે ગાયું એક હેતાળ હાલરડું સારા માટે...

એપ્રિલની એ વસંતે સારાનાં વીસ વર્ષને ધરમૂળથી બદલી નાખ્યાં ... બાકીનું જીવન એની યાદોને ન્યોછાવર થઈ ગયું. એ દિવસે ખરેખર જો એમ્બ્યુલન્સ આવી હોત તો...! સારાનું તો ત્યારે સપનું ઉઘડ્યું હતું - એ વાયોલિન વગાડતી હતી સ્ટેજ પર અને શ્રોતાઓમાં હતાં માત્ર આમલ ને મજીદ, જેનો ચહેરો આબેહૂબ સારામાં ઉતર્યો હતો. ધીમેધીમે ભળ્યાં દાદા-દાદી, હસનને દાલિયા, પરદાદા-દાદી યેહ્યાને બાસિમા, એના મામા-મામી યુસેફ, ફાતીમા અને નાનકડી ફલાસ્તીન. મોટું કુટુંબ હતું સારાનું... પોતાનાં ઘણાં બધાં હોવાનું એ સ્વપ્ન .. એ હતી એમની તાળીઓના ગડગડાટ વચ્ચે. પશ્ચાદભૂમાં હતું આઈન-હોદ, વડવાઓનું ગામ ... પણ આ શું, તાળીઓનો ગડગડાટ એ શું પેલી એમ્બ્યુલન્સનો અવાજ ?! ને સપનું તૂટ્યું વેરાન થઈ ગયેલાં જેનિનની ધૂળની ડમરીઓમાં .... એક સિપાહી ... આમલ ... ગોળી છૂટવાનો અવાજ .. એક ચીસ ..

સાચવી રહી સારા એ પળોને હંમેશ માટે પોતાનાં દિલો-દિમાગમાં અને પછી આમલને લખેલા પત્રોમાં ... અને આ બધું એણે વિશ્વ સમક્ષ મૂક્યું પોતાની વેબસાઈટ www.aprilblossoms.com પર.

''સૌથી સુંદર મા, તું છો... છેલ્લી ક્ષણોનો તારો એ ચહેરો અને તરસથી સૂકાયેલા હોઠો પર એ ભીના શબ્દો, 'હું તને ચાહું છું...' મા, હું જાણતી હતી જ્યારે નાનપણમાં તું મને નીંદરમાં વહાલ કરી જતી. તને હું કહેવા માગતી હતી એ બધું ... મારે તારી માફી માગવી છે, તને ત્યારે એ ન કહેવા માટે ... મારે પણ કહેવું છે કે હું તને ખૂબ-ખૂબ ચાહું છું... તને આ રીતે ન લઈ જવા માટે હું ભીખ માગું છું અલ્લાહ પાસે..''

અને પેલો સિપાહી થાકે છે એ ગોળી મારીને ... સારાને નથી મારી શકતો. યુદ્ધ ન અટકે ત્યાં સુધી હુદા, સારાને બાકીનાં માટે ખોરાક-પાણીનો પૂરતો જથ્થો આપી, આમલની લાશનું ઠેકાણું બતાવી ચાલ્યો જાય છે ... ઉરિ ... !!

સો વર્ષ વટાવી ચૂકેલા હજનાં ઘર પર બુલડોઝર ફરી જાય છે. સો વર્ષનો એ ઈતિહાસ જીવતો દફનાય છે..! સારા પોતાની માને લખે છે, ''મા, મારે તો હજી એમને હેરાન કરીને વાર્તા સાંભળવાની પણ બાકી હતી, એમનું બોખું હાસ્ય જોવું હતું ... એમનું આવું મોત?! શું આ જ અર્થ છે પેલેસ્તાઈનવાસી હોવાનો?!''

સારાનું લખાણ જોખમી લાગતાં ઈઝરાયેલથી એને પેન્સિલ્વેનિયા મોકલી દેવામાં આવી! હુદા ભટકવા લાગી છાવણીની એ ભયાનકતા વચ્ચે... ક્યાંક કોઈ બાથરૂમમાં લટકતાં એની મૃત સખી કે પાડોશીનાં કપડાં, ક્યાંક જમીનમાંથી ડોકાતો માત્ર એક હાથ ... હુદા ફાતીહા પઢતી રહી મૃત આત્માઓ માટે ...ને એને એક ઢીંગલી મળી ભાંગેલા હાથવાળી ... દુઃખથી લથબથ હાસ્ય સાથે એણે આંખો મીંચી દીધી,'' યા અલ્લાહ, શક્તિ આપ આ

જિંદગી સહવાની...'' આમલને, પોતાની બાળસખીને દફનાવતાં એ આક્રંદ કરી ઉઠી, હાથમાં હાથ પરોવી બહેનની ખોટ પૂરતી એ બહેનપણી... જમિલનો તો પત્તો જ ન લાગ્યો. આમલની કબર પાસેની માટી નહોરથી ખોદી-ખોદી પોતાને ચહેરે ઘસતી હુદા ... પથ્થરનેય રડાવી નાખે એવો ચિત્કાર કરી ઉઠી.

ડેવિડ આવી ગયો હતો - એનાં ગહન દુઃખ, એકલતા અને મૌન સાથે. દારૂની તબબ સાથે.... ઘૂંટણિયે પડી ગયો આરિ... પોતાની માની આખરી નિશાની અઢાર મોતીવાળી પીન આમલની કબરમાં મૂકી, ''હસનને કહેજે એને જેવો મિત્ર પછી મને ક્યારેય ન મળ્યો.'' ને એણે સારાને આઈનહોદ લઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો.

જેનિનની વાતો વાર્તાઓ થઈને ફેલાવા લાગી પાડોશી ગામોમાં, થાંભલે લટકતો, હાથમાં લાલ નિશાનવાળો એક યોદ્ધો, જીવતાં ચગદાઈ ગયેલા સો વર્ષથી મોટા હજ, દીકરીને બચાવતાં ગોળીનું નિશાન બનતી એક પેલેસ્તાઈન-અમેરિકન સ્ત્રી .... વાત પહોંચતાં જ રડતી મુન, એ કોલંબિયન બહેનોને ખબર આપ્યા, ''આમલને મારી નાખી જેનિનમાં...'' અફસોસ કરનારાં બીજાં હતાં મહેર દંપતિ. જેમણે દીકરી જેમ રાખી હતી આમલને, અને જૂનાં મિત્રો એન્જેલા ને સ્ટોરવાળો બોબો ...

છેલ્લે જ્યારે જેનિનની છાવણી મુક્ત થઈ, ત્યારે એક પણ ખબરપત્રી, અમેરિકન કોંગ્રેસના કે સંયુક્ત રાષ્ટ્રના પ્રતિનિધિઓ હકીકતમાં ત્યાં ગયા નહિ, માત્ર સમાચાર છપાયા અમેરિકન અખબારોમાં, મોટા અક્ષરે. ''જેનિનમાં એક પણ કત્લેઆમ નહિ!! માત્ર બળવાખોરો મરાયા... ઈઝરાયેલે કહ્યું છે.. !!''

સારાએ નોંધ્યું, ''મા, આજે તને આ લોકોએ મારીને મુખ્ય સમાચારોમાં દફનાવી દીધી ... આ રીતે મોઢું ફેરવી લેતાં વિશ્વમાં કેમ રહેવું?! ક્યાં સુધી સહેવું?! આ જ છે પેલેસ્તાઈનાસી હોવાનો અર્થ?!!''

ઈ.સ. ૨૦૦૨-૦૩ - ઈશ્વરનો અંશ

વચન પ્રમાણે સારા અને ડેવિડને આરિ આઈનહોદ લઈ ગયો. એમનાં ખાનદાની મકાનમાં રહેતાં યહુદી કુટુંબને ''આ આરબો'' પર વિશ્વાસ નહોતો, એટલે એમને ઘરમાં આવવા ન દીધાં, ''એમનાં ઘરમાં....!!''

સારા યાદોને કંડારવા માંડી તસવીરોમાં... દરવીશકાકાનું પ્રિય સ્થળ - ગનૂશ-ફાતૂમાનો તબેલો.. વ્હીલચેર પર શેષ જીવન હતાશામાં જીવી રહેલા કાકા માટે સારાએ ખાસ આ ભેટ લીધી... પછી બાસિમાની કબરે ગયાં. ત્યાં લહેરાતાં હતાં સફેદ છાંટવાળાં લાલ ગુલાબ, વિનાશનાં તાંડવને સાંખી ગયેલાં...! ત્યાં બધાએ ફાતીહા પઢ્યો - ડેવિડે પણ શીખી લીધો હતો. થોડે દૂર જઈને સારા હાઈફાના દરિયાકિનારે ગઈ. હુદા માસી માટે ખાસ ત્યાંની તસવીરો લીધી, ''બસ, માત્ર બેસવું છે દરિયા પાસે... તરતાં તો મને આવડતું નથી, એ હુદામાસી માટે'' ...

જેનિનમાં દરવીશ કાકા ને હુદા સાથે સારાને ખૂટતું મળી ગયું, જે એણે હંમેશ ઝંખ્યું હતું, ખાસ તો ભાઈ મન્સૂરમાં ... ડેવિડે એની બહેનનાં મૃત્યુ પછી દારૂ છોડી દીધો હતો. એણે સારાની વેબસાઈટ પર લખ્યું, ''હું સારો યહુદી કે સારો મુસ્લિમ તો ન થઈ શક્યો, પણ તારા સ્વીકારે મને પ્રેમ કરવાની ક્ષમતાવાળો એક સારો મનુષ્ય તો બનાવી જ દીધો.''

અમેરિકામાં સારાએ અલ-જજીરામાં નોકરી લઈ લીધી અને સમય જતાં જેકોબ અને મન્સૂરને સાથે રહેલા બોલાવી લીધા, માએ શણગારેલ એ વિક્ટોરિયન ઘરમાં ... જેકોબ ટેમ્પલટન યુનિવર્સિટીમાં જોડાયો અને મન્સૂર કળાભવનમાં ... કેવું આશ્ચર્ય હતું મન્સૂરને એવા દેશમાં આવીને, જ્યાં નહોતી કોઈ તોપ, બંદૂક, સિપાહી કે નહોતો કોઈ પહેરો કે પાબંદી..!

ડેવિડે નોંધ્યું, ''હું અવારનવાર હુદા-ઓસામાને મળવા જાઉં છું. દારૂની તરસને ઓસામા પ્રેમ અને હુક્કાથી છિપાવે છે - સફરજન મધવાળા ... કાલે જ એમને મળ્યો હતો. તું માનીશ, તારાં ઘરમાં આપણાં છોકરાંઓ ભેગાં રહે છે..

એક અમેરિકન, એક યહુદી અને એક આરબ-હળીમળીને...!

- ઈસ્માઈલ

ઈ.સ. ૨૦૦૨ - પેલેસ્તાઈનની કિંમત, યુસેફ ...

''મેં વાવ્યું, હું જીવ્યો અને હું જોઈશ... મારીશ એમને ..'' પણ યુસેફ ન મારી શક્યો, કઈ રીતે પોતાના બાબા અને ખાનદાનના સંસ્કારોને ભૂલે?! પ્રેમ જ તો ધર્મ છે ને કર્મ પણ ...

''ફાતીમાના પ્રેમનો બદલો નફરતથી કઈ રીતે લેવાય? લાજે નહિ એ ચાહત?! કાયર માન્યો બધાંએ .. ભલે...''

બોંબ નાખ્યો કોઈ બીજાંએ અમેરિકી દૂતાવાસ પર અને છાપે ચડ્યો યુસેફ... હવે ફરે છે એ ઠેર-ઠેર ... મોતને માનભેર પોતાનાં ગજવામાં લઈને...! કોઈ દિ' બસ્રામાં મજૂર, તો ક્યારેક કુવૈતમાં પથ્થર ઊંચકનારો, જોર્ડનમાં તો લગભગ ભિખારી ... અને પછી એક શાળાનો દરવાન ... ભાગ્ય હરીફરીને ત્યાં જ લઈ ગયું..!

હવે એ રહે છે એક પુસ્તકાલયનાં ભોંયરામાં, આમલને લખેલા ઢગલાબંધ પત્રો વચ્ચે .. મોકલે તો સરકાર એને જીવવા ન દે.. અરે, આ શું...?! વાંચે છે aprilblossoms... રડે છે એ અંધકાર અને પ્રેમનાં આસું, ''આશાના લાંબા સ્વરવાળી પ્રિય આમલ, હવા ભારે દર્દનાક છે, પણ ક્યારેક એ જ વાય છે ઓલિવ અને જાસ્મીનનો વાયરો બનીને... ક્યારેક મરેલાં સપનાં અને ક્યારેક એક લાશ બની સૂએ છે મારે પડખે... ને એ બધાંની વચ્ચે હું રાહ જોઉં છે એક માનભર્યા મોતની....

નથી ઓસર્યો પ્રેમ મારી રગોમાંથી ... ભલે નથી પાળ્યાં મેં મારાં એકપણ વચન પણ રાખી છે જીવતી મેં મારી મનુષ્યતા ....માનવતા...''

અનુવાદકનો પરિચય



નામ : જેલમ હાર્દિક વછરાજાની

જન્મ સ્થળ : ભુજ-કચ્છ

અભ્યાસ : બી.એ.-અંગ્રેજી, ગુજરાત યુનિવર્સિટી, EFLU-હૈદરાબાદ,
IELTS બ્રિટિશ કાઉન્સીલના માન્ય ટ્રેઈનર,
શાસ્ત્રીય સંગીતમાં વિશારદ,
આકાશવાણી રાજકોટના માન્ય સુગમસંગીતના ગાયિકા.

વ્યવસાય : આર્ટ્સ, કોમર્સ, એન્જિનિયરીંગ, મેનેજમેન્ટની સંસ્થાઓમાં અધ્યાપન

શોખ : લોકોને મળવું, જુદી જુદી સંસ્કૃતિ, પરંપરા, પહેરવેશ, ખાનપાન વિષેની જાણકારી મેળવવી, વાંચન, લેખન, અનુવાદ, સંગીત.

સંપર્ક : ૫૦૪, સામર્થ્ય હાઈટ્સ, મા આનંદમયી માર્ગ,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
jelamhardik@gmail.com, 04762895055